ज्योतिःप्रबोध

નામનો ગ્રંથ

નવીન રચી પ્રસિદ્ધ કરનાર

ભટ્ટ પ્રભાશંકર વિ૰ જયશંકર શાસ્ત્રી.

ભુજ આલ્ફ્રેડ હાઈસ્કૂલના સંસ્કૃત શિક્ષક.

॥ श्लोकः ॥

" ज्योतिःप्रबोध इव कौ सांख्यानां योगदर्शिनाम् ॥
वितनोतु सदानन्द मसावज्ञाननाशकः ॥ १ ॥"

અર્થઃ—અજ્ઞાનનો નાશ કરનાર, પ્રકાશરૂપ પરમાત્માનો બોધ, જેમ સાંખ્ય તથા યોગશાસ્ત્ર જાણનારાઓને સદા આનંદ આપેછે, ત્યમ જ્યોતિષસંબંધી અજ્ઞાનનો નાશક, આ "જ્યોતિઃપ્રબોધ" નામનો ગ્રંથ પૃથ્વીઉપર, ગણિત જાણનારા તથા શુભાશુભ યોગો જાનારા જ્યોતિષીઓને સર્વદા આનંદ આપો.

મુંબઈ:

"નિર્ણયસાગર" છાપખાનામાં છાપી પ્રસિદ્ધ કર્યું.

સંવત ૧૯૪૪.—ઇસ્વી સન ૧૮૮૮.

કિંમત રૂ. ૧-૮.

35११

ज़्योतिःप्रबोध

નામનો ગ્રંથ

નવીન રચી પ્રસિદ્ધ કરનાર

ભટ્ટ પ્રભાશંકર વિ૦ જયશંકર શાસ્ત્રી.

ભુજ આલ્ફ્રેડ હાઈસ્કૂલના સંસ્કૃત શિક્ષક.

॥ श्लोकः ॥

" ज्योतिःप्रबोध इव कौ सांख्यानां योगदर्शिनाम् ॥
वितनोतु सदानन्द मसावज्ञाननाशकः ॥ १ ॥"

અર્થ:—અજ્ઞાનનો નાશ કરનાર, પ્રકાશરૂપ પરમાત્માનો બોધ, જ્યમ સાંખ્ય તથા યોગશાસ્ત્ર જાણનારાઓને સદા આનંદ આપેછે, ત્યમ જ્યોતિષસંબંધી અજ્ઞાનનો નાશક, આ "જ્યોતિ:પ્રબોધ" નામનો ગ્રંથ પૃથ્વીઉપર, ગણિત જાણનારા તથા શુભાશુભ યોગો જોનારા જ્યોતિષીઓને સર્વદા આનંદ આપો.

મુંબઈ:

"નિર્ણયસાગર" છાપખાનામાં છાપી પ્રસિદ્ધ કર્યું.

સંવત્ ૧૯૪૪.—ઇસ્વી સન ૧૮૮૮.

કિંમત રૂ. ૧-૮.

અર્પણપત્રિકા.

મેહેરબાન રા. રા. છોટાલાલ સેવકરામ,

મહારાજા સાહેબના સેક્રેટરી.

મુ. ભુજ.

સાહેબ,

દોહરો.

સદા સદાચરણે વલણ, મતિ પરમાર્થે માત્ર;
કચ્છાધિપતીના કુશળ, સેક્રેટરિ સત્પાત્ર. ૧

હરિગીત છંદ.

નીતિજ્ઞ સાક્ષર સુજ્ઞજન સજ્જન શુભેચ્છુ સર્વના,
પદવી મળી પ્રખ્યાત પણ એ પદવિનો ઉર ગર્વ ના;
ધીમંત ધીરજવંત ને સત્પુત્ર સેવકરામના,
છો નિપુણ છોટાલાલ નિર્મળ પ્રસરિ અહિંયાં નામના. ૨
વિદ્યાવિનોદવિષે રસિક ગુણવાન પ્રિય મનમાં ઘણા,
સદ્ભાવ સારી વાતમાં વળિ ન્યાયમતિમાં ના મણા;
મત સર્વથા અતિશે પ્રબળ ઉરમાંય જન કલ્યાણનો,
ઉદ્યોગ પણ પ્રિય એજ કે જે સર્વહિત મંડાણનો. ૩
પરમાર્થ કેરે પંથગતિ તન મન અને ધનથી કરો,
ગુણ આપના અનુકરણ કરતાં થાય સુખિ જન તે ખરો;
હેછે મહત્વ જગવિષે જે સદ્ગુણો સર્વોપરી,
તે આપમાં નિરખાયછે જાણ્યે રહ્યા વાસો કરી. ૪
ગ્રંથો રચ્યા ગુજરાતિમાં વાચન અને અભ્યાસના,
છે તે પ્રસિદ્ધ વિશેષ વિધ વિધ વાણિ બુદ્ધિ વિલાસના;
છો કાવ્યરસમાં કુશળ ને કવિપંડિતોપર પ્રીત છે,
તેઓ તણા હિતકાજની ઉર ધારિ રૂડી રીત છે. ૫
વળિ સ્વામિભક્ત શિરોમણી મન મંત્રિયોગ્ય મહાન છે,
આ દેશહિતની પ્રેરણાર્થે ધરથિ આપનું ધ્યાન છે;
શ્રદ્ધાળુ નિજધર્મે સદા દિલના દયાળુ દેખિયે,
મમતાળુ આપ અજાતરિપુસમ લક્ષધા મન લેખિયે. ૬
સંસ્કારિ સંસ્કૃત વાણિના ભલપણ ભરેલા ભાસતા,
મારા શુભેચ્છુ આપછો વૃત્તિરૂડીથિ વિરાજતા;
એ આપના આભારના સંભારણાને કારણે,
ગ્રંથાર્પણ કરૂં આપ પ્રતિ બહુ માન ધારી ધારણે. ૭

આપનો અતિ આજ્ઞાંકિત,

પ્રભાશંકર જયશંકર.

પ્રસ્તાવના.

ઘણાકાળ લગી અંધકારમાં ગોથાં ખાતી આપણી પવિત્ર સંસ્કૃત વિદ્યાને પુનઃપ્રકાશમાં લાવવાનું માન વિશેષે કરીને આંગ્લ ભૌમનેજ ઘટેછે. મુસલમાન રાજ્યાધિકારીઓમાંથી ઘણા ખરાનાં મસ્તિકમાં ઝનૂન અને ઉન્મત્તપણાની ધૂન નિરંતર જાગૃત હોવાથી જેમ બન્યું તેમ આપણાં ધર્મ પુસ્તકોનો તેઓએ નાશ કર્યો, જેથી સંસ્કૃત ભાષા ઘણે અંશે નિસ્તેજ સ્થિતિમાં આવી પડી અને સચ્છાસ્ત્રોનો લોપ થવાથી સ્વાર્થી ધર્માધિકારીઓએ જેમ ફાવ્યું તેમ લોકોને ખાડામાં ઝુકાવી દીધા. પરિણામ એ આવ્યું કે લોકો ધર્મ શાસ્ત્રોપર આસ્થા શૂન્ય થયા અને જૂનું તે જૂઠું એમ તેમને પ્રતિભા થઈ. તોપણ જેમ જેમ વિદ્યાના ઉત્કર્ષનો પ્રસાર થતો ગયો અને આપણે સત્યાસત્ય જાણતા ગયા તેમ તેમ આપણે મુખે ખોટું કહેલ તે ફરીથી માન્ય રાખવા લાગ્યા.

જ્યોતિષ શાસ્ત્રપણ તેવીજ રીતે તે પંક્તિમાં દાખલ થયેલ છે. તથાપિ અલ્પજ્ઞાનથી પંડિતાઇનો આડંબર કરી-બેઠેલા કેટલાક જ્યોતિષીઓ માત્ર ઉદર પૂરણાર્થેજ લોકોને ભમાવી પૈસા કમાવા લગ્યા; જેથી સામાન્યતઃ જ્યોતિષ શાસ્ત્ર અપ્રમાણ છે એમ પ્રતીતિ થતી ગઇ. જંત્ર, મંત્ર, વશીકરણ વગેરે ઘણા પાખંડ કરવા લાગ્યા, પરંતુ આકાશમાં રહેલા ગ્રહો મનુષ્યપર સારી વા માઠી અસર કરે અને વળી શાંતિ કરવાથી શાંત થાય, એ માનવું સામાન્ય સમજથી બહારછે.

ફલિત ગ્રંથોનો પ્રાદુર્ભાવ કેમ થયો, અને ગ્રહોપરથી ભાવિ સારાં કે નરશાં ફલો કેમ કહેવાયાં, તેના સંબંધમાં મારે હાથ એક આધાર મળેલ તે હું અહિં રજુ કરી દર્શાવુંછું.

જ્યારે કચ્છાધિપતિ મહારાજા ખેંગારજી સવાઇ બહાદુરના ઉદાર આશ્રયથી હું સસ્કૃત વિદ્યાના મહિમાનું પવિત્ર ધામ જે કાશીક્ષેત્ર ત્યાંની સંસ્કૃત કાલેજમાં અભ્યાસ કરતો હતો, ત્યારે ગણેશ શ્રોત્રિય નામના વૃદ્ધ અને પ્રખ્યાત વિદ્વાન્ પાસેથી "જ્યોતિર્નિદાન" નામનો ગ્રંથ મારે હાથ લાગ્યો તેનું પૂર સુમારે દશ સહસ્ર શ્લોક જેટલું જણાયું. તે જીર્ણ ગ્રંથ તાડપત્રપર લખેલ હતો, અને તેના કર્ત્તા યવનાર્ય હતા. આ ગ્રંથ મે જોવાદાખલ માગેલ પણ તેનો વિષય અત્યુત્કૃષ્ટ હોવાથી તે લખાવીલેવા મારી ઉત્કંઠા થઇ તે સમયમાં જેમનો એ ગ્રંથ હતો તેમણે મારી પાસેથી પાછો મંગાવી લીધો, અને મને પ્રબોધ આપ્યો કે "આ ગ્રંથનો લક્ષ કોઇને આપતો નહીં મે આજદિવસ લગી કોઈપણ સ્વદેશીયને બતાવેલ નથી આવો ગ્રંથ બીજા પાસેથી ભાગ્યેજ નીકળશે માટે તે અમૂલ્ય રત્નની પેઠે ગુપ્ત રાખવો ઘટેછે."

કેટલાક દિવસ પછી તે ગ્રંથ લખાવી લેવા મારી ઈચ્છા થઈ અને પંડિત ગણેશ શ્રોત્રિય પાસે મે વિજ્ઞાપના કરી પણ દ્વિજ જાતિના અંતઃકરણમાં પ્રાચીન કાળથી જીર્ણ પુસ્તક કોઇને આપવું નહિં એ ભ્રમ દઢ આસ્પદ કરી રહેલ હોવાથી તેમણે મારી પ્રાર્થના સ્વીકારી નહીં આથી શોચ સહવર્ત્તમાન મારી જીજ્ઞાસા બંધ પડી.

યવનાચાર્યકૃત જ્યોતિર્નિદાન નામક ગ્રંથમાં જ્યોતિષ વિદ્યા કેવી રીતે પૃથ્વીપર પ્રસરી એ દૃષ્ટાંતસહિત વિગતવાર પ્રતિપાદન કરેલ છે. અને બીજી પણ તેને લગતી ઘણી અનિર્વચનીય બાબતો તેમાં વર્ણવવામાં આવેલછે.

તેના-"ફ્લનિદાન" નામક પ્રથમાધ્યાયમાં લખવામાં આવેલછે કે મારા પુરૂષાર્થી વંશજોએ ભ્રામ્યમાણ જ્યોતિશ્ચક્રની નિયત ગતિના આધાર ઉપરથી જનોના જીવતર ઉપર જે જે બનાવો બનેછે તે જાણવું અત્યુપયોગી વિચારી તેના તત્વની શોધ કરવા એક મંડળી ઉભી કરી. તે મંડળીમાં પ્રારંભમાં પંચશત કરતાં વધારે માણસો સામેલ થયાં અને તેઓ સર્વે જૂદા જૂદા અક્ષાંશ વાળા દેશોમાં દાખલ થઇ ત્યાં નિયત સ્થિતિ કરી વાસ કર્યો. પ્રત્યેક મનુષ્ય જે જે દેશમાં ગયો ત્યાં ત્યાં તેણે પોતાની સહાયતામાટે મનોરથ દર્શાવી તત્તદ્દેશીય રાજ્યાધિકારીઓ પાસેથી જોઈતી સહાયતા લીધી. અને જ્યારે જ્યારે પુત્રાદિકના પ્રસવ થતા ગયા તે તે વખતના ગ્રહોની આકાશની સ્થિતિ પોતપોતાના દફતરોમાં તેમનાં માતપિતાના નામ સાથે નોંધતા ચાલ્યા. ત્યારબાદ જન્મેલ બાલકાદિકનાં આયુષ્યમાં જે જે બનાવો બન્યા તેપણ દફતરોમાં દાખલ કરતા ગયા. એમ શતશઃ વર્ષો લગી જ્યોતિષના તત્વ નિર્ણય કરનારી મંડળીમાં તેના પુત્ર પૌત્રાદિક તથા બીજાં પણ અસંખ્ય માણસો સહાયભૂત થવાથી, તેપ્રમાણે બાલકાદિકના ગ્રહોની સ્થિતિ તથા તેમની જીંદગીના બનાવોના નોંધો થતા ગયા અને તે ક્રમ પ્રતિદિન વૃદ્ધિને પામવા લાગ્યું. તેમનાં પ્રત્યેકનાં દફતરો હજારો મનુષ્યોની કુંડલીઓથી તથા તેમની જીંદગાનીમાં બનેલ શ્રેષ્ઠ નેષ્ટ પરિણામોથી ભરપૂર થતાં આવ્યાં.

હું (યવનાચાર્ય) અને સત્યાચાર્ય એ બન્ને તે વખતમાં જ્યોતિષ તત્ત્વશોધક મંડળીમાં દાખલ થયા હતા અને અમારા પૂર્વજોએ અમૂલ્ય સમય રોકી જે દફતરરૂપી કીમતી ખજાનો રાખેલ હતો તેને સંપાદન કરવામાં પ્રયાસ કરવા મંડયા કેટલેક વર્ષે જથાબંધ દફતરો અમારે હાથ લાગ્યાં, અને તેપરથી મુકાબલો કરતાં જેના જેના જન્મસમયના ગ્રહોની સ્થિતિ તમામ મળતી જોવામાં આવી તેના તેના શુભાશુભ યોગો પણ તમામ મળતા દફતરોમાંથી નોંધેલ નીકળતા આવ્યા. આપ્રમાણે જેમ જેમ અવિચ્છિન્ન પૂરાવા મળતા આવ્યા તેમ તેમ અમને પ્રતિક્ષણ સંતોષ થવા લાગ્યો, અને આપરથી પ્રબલ પ્રતીતિ થઇ કે જેના જન્મગ્રહો અમુક સ્થિતિના હોય તેની જીંદગાનીમાં અવશ્ય અમુક બનાવો બનવાજ જોઇયે. કેમકે જેવી રીતે નૈયાયિકોએ સદ્ધેતુપરથી સાધ્યનું અનુમાન કરેલછે તે મિથ્યા થતું નથી, તેમ અમારા પૂર્વજોએ ગ્રહસ્થિતિને સદ્ધેતુ ગણી જીંદગીના શુભાશુભ બનાવરૂપ સાધ્યની સિદ્ધિ કરેલ તે કયારે પણ મિથ્યા થનાર નથી.

કેટલાંક વર્ષો પછી અમારી પાસે પ્રાચીન દફતરોની સંખ્યામાં પ્રચુર વધારો થયો, અને તે દરેકમાંથી જેના ગ્રહની સ્થિતિ તુલ્ય દૃષ્ટિગોચર થઈ, તેના ઉત્તમાધમ યોગો પણ સમાન નોંધેલા નીકળ્યા; ત્યારે તેપરથી સારાંશ લેઈ મેં (યવનાચાર્યે) *યવન જાતક નામનો ગ્રંથ અને સત્યાચાર્યે સત્યવિવેક નામનો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો ત્યારપછી જે-

---

* આ ગ્રંથ હાલે સંપૂર્ણ લભ્ય થતો નથી.

મને પ્રાચીન દફતરો હાથ લાગતાં ગયાં તેમ તેમ તેઓના તરફથી જ્યોતિષના ફલિત ગ્રંથો નવા અવતારમાં, થવા લાગ્યા.

આકાશમાં રહેલ ગ્રહો મનુષ્યનાં શરીરપર પ્રશસ્ય કે નિંદ્ય અસર કરી શકતા નથી, તેમ તેઓ વિષમ દૃષ્ટિવાળા નથી કે કોઇને શ્રીમંત, ને કોઇને અકિંચન બનાવી આપે અને તેઓની નિયમિત ગતિઉપરથી પરોપકારી વિદ્વાનોએ ભાવિ શુભાશુભ ફળ-વિષે કરેલ અનુમાન શાંતિ કરવાથી કે બીજી કોઈરીતે અટકી શકતું નથી. ગ્રહો એ કાંઇ ચેતન નથી કે તેમને શાંતિની લાલચ આપી જન્માંધ, કાણુ (કાણા) કે ખંજ (લંગડા) પ્રભૃતિ થએલ યોગો અટકાવી શકાય. એ યોગો તો પૂર્વજન્મનાં કર્માનુ-સાર થયાછે તે કોઇ પ્રયત્ને ટળવાના નથી.

જ્યોતિર્નિદાન નામક ગ્રંથના બીજા અધ્યાયોમાં ક્રમશઃ જ્યોતિષ તત્ત્વશોધક મંડળી-માંથી કયા કયા વિદ્વાનો કયે કયે દેશ ગયા હતા, અને ત્યાં કોના કોના ગ્રહોની સ્થિતિ તથા જીંદગીના ઉત્તમાધમ યોગો નોંધ્યા, અને કોના કોના મળતા આવ્યા, એ સર્વ વૃત્તાંત સંક્ષિપ્ત નામવાર વર્ણવવામાં આવેલછે, પણ મને તે ગ્રંથ માત્ર થોડોકાળ વાં-ચવાજ મળ્યો, પણ લખવાસારૂ મળ્યો નહિં જેથી વિશેષ લખવું અશક્ય છે.

ઉપરના યવનાચાર્ય કૃત ગ્રંથસ્થ લેખના સારાંશથી સહજ સમજાશે કે ગ્રહો તો માત્ર કુદરતી ચમત્કાર છે, તેમની ગતિ નિયમિત હોવાથી પૂર્વના પંડિતોએ હજારો વર્ષો લગી તે ગતિ મનુષ્ય જીંદગી સાથે લાગુપાડી વખ્તો વખ્ત જેજે અનુભવમાં આવ્યું તે નોંધી એકંદરે ઉત્તમ, મધ્યમ, અને અધમ યોગો આનુમાનિક સિદ્ધ કરી ફલિત ગ્રંથના આકારમાં પ્રસિદ્ધ કર્યાછે.

સૂક્ષ્મ વિચાર અને સ્તુત્ય કલ્પનાશક્તિ શાળી જ્યોતિર્વિદો જેમણે પોતાનો અ-મૂલ્ય કાળ ભવિષ્યની પ્રજામાટે નિર્ગમન કરી આવો પ્રશંસનીય વારસો મૂકયો તેઓ તેમના પુત્રોથી પ્રશંસા પાત્ર થવાને બદલે નિંદાસ્પદ થાય એ ઓછું શોચનીયછે? અને વગર સમજે તેઓની નિંદા કરનાર મુગ્ધ જનોની શું તેથી નિંદા પ્રકાશિત નથી થતી? પૂર્વના વિદ્વાનોની તો તેથી કેવળ વ્યાજનિંદા થાયછે, પણ તે નિંદાનું પર્યવસાન વાસ્ત-વિકરીતે નિંદાકરનાર ભણી જાયછે. કેમકે અનુભવિ કવિઓથી કહેવામાં આવેલછે કેઃ—

न वेत्तियोयस्य गुणप्रकर्षं स तं सदा निंदति नात्र चित्रम् ॥
विहाय मुक्तां निजभूषणाय बिभर्त्ति गुञ्जां विपिने किराती ॥ १ ॥

જેને જે વિષયના ગુણની પરિક્ષા ન હોય તે સદા તેને નિંદેછે. તેમાં કાંઇ આ-શ્ચર્ય નથી; વનમાં રહેનાર ભીલડી મુક્તાફલ તજી પોતાનાં ભૂષણમાટે ગુંજાના હાર ધરેછે, 'તેથી મોતીની નિંદા નથી થતી પણ ભીલડીની તેના ગુણ વિષેની અજ્ઞાનતા જણાયછે.'

વિક્રમ રાજાની સભાનું રત્ન જ્યોતિર્વિદ વરાહમિહિર નામના વિદ્વાને રચેલ બૃહ-જ્જાતક ગ્રંથની ટીકામાં ગ્રહોની શાંતિના સંબંધમાં લખવામાં આવેલ છે કે જન્માંત-રીય પાપ કર્મોને અનુસારે જે અંધત્વાદિ યોગો આનુમાનિક સિદ્ધ કરવામાં આવેલ છે, તે શાંત્યાદિક કરવાથી અટકી શકતા નથી, પણ આધુનિક જન્મમાં થતાં પાપોના પરિપાકથી જે આપણને વર્ત્તમાન અવતારમાં દુઃખો થવાનાં છે તે દુઃખો કયા વર્ષમાં

ને તેના કયા અંશમાં થશે તે જાણુ થવા પ્રાચીન વિચક્ષણ પંડિતોએ તાજકશાસ્ત્ર શોધિ કહાડેલ છે, તે તાજકશાસ્ત્રથી સિદ્ધ કરાએલ નેષ્ટ યોગોથી સૂચવાતાં દુઃખો, ઔષધથી વ્યાધિની પેઠે શાંત્યાદિકથી અટકાવી શકાયછે. • કારણ કે पुण्येन क्षीयते पापं ઇત્યાદિ વચન પ્રમાણ છે. માટે પાપના પરિપાક કાળ થયા પહેલાં પુણ્યાદિકથી તે પરાસ્ત કરાય તો તેની અસર અટકે તેમાં આશ્ચર્ય જેવું નથી. પણ પૂર્વ જન્મનાં સંચિત શુભાશુભ કર્મોથી જે પ્રારબ્ધ નિર્મિત થએલ છે તે તો ભોગવ્યાવગર કોઇ પ્રયત્ને અટકાવી શકવા કોઇ સમર્થ થવાનો નથી.

વરાહમિહિરના ગ્રંથની ટીકાનો લેખ, વર્ત્તમાન અવતારમાં થયેલાં પાપો, શાંતિ કરવાથી અટકાવી શકવા પ્રમાણભૂત થાયછે, પણ જન્મ ગ્રહોથી થતા અનિષ્ટ યોગો શાંતિથી શાંત થવા પ્રતિષેધ કરેછે, છતાં પણ પાછળથી શાંતિનો પ્રચુર પ્રચાર લોકમાં વધેલો જોવામાં આવેછે તેનું કારણ જોષીઓના સ્વાર્થ શિવાય બીજું હોય એમ ધરાતું નથી.

જન સામાન્ય જૂઠા વેહેમોથી દૂર રહે, સાત્ય વાતનો પ્રકાશ તેના મસ્તિકમાં થાય અને આ ઉત્તમતર વિદ્યાનો લાભ અનુભવે એવા હેતુથી કેટલાક સંસ્કૃત ગ્રંથને આધારે આ "જ્યોતિઃપ્રબોધ" નામનો નવીન ગ્રંથ પ્રજાની સેવામાં મૂકયોછે.

જ્યોતિષમાં જન્મપત્રીને લગતા ગ્રંથોને જાતક, અને વર્ષફલના ગ્રંથોને તાજક કહેછે. તેમનો આશય આ ગ્રંથમાં લેવામાં અવ્યોછે. જન્મપત્રી અને વર્ષપત્રી વગેરે કરવાની હાલ જે ગુંચવાડા ભરેલી અને લંબાણ પદ્ધતિ ચાલેછે તેને બદલે આ ગ્રંથમાં એક નવીનજ સહેલી રીતિ દાખલ કરીછે, અને છેવટ એક નૂતન પંચાંગ દાખલ કરેલ છે જેથી કોઇપણ ઇસ્વીસનની કોઇપણ ઇંગ્રેજી તારીખ હિંદુનાવાર સાથે સુગમતાથી જાણવામાં આવશે.

આ ગ્રંથમાં મારા ભાઇ શાસ્ત્રી લક્ષ્મીશંકરે અને ભટ્ટ મકનજી વાસુદેવે કેટલીક કીમતી મદદ આપીછે જે વાસ્તે તેનો આભારીછું.

આ ગ્રંથ સુધારવામાં મેં બનતો પ્રયાસ કર્યોછે, તોપણ કોઇને દોષ, દૃષ્ટિ ગોચર થાય તો કૃપા કરી મને સૂચના આપશે તો બીજી આવૃત્તિમાં સુધારો કરવામાં આવશે, અને દોષ દર્શકનો ઉપકાર માનવામાં આવશે.

કચ્છ ભુજ.

તા. ૨૨-૭-૮૭

ગ્રંથકર્ત્તા.

જ્યોતિઃપ્રબોધની અનુક્રમણિકા.

ગ્રંથ સમાપ્તિ.

પંચાંગના માસ એકની નકલ.

શકે ૧૮૦૮ આષાઢ શુકલપક્ષ. દि. पा. मुं. ई. २.उ. २.अ. चंद

१	शु.	४९	३०	आ	४	५२	ध्रु.	१३	४०	किं.	२२	३२ ४२	१८	२९	२	५-२८	६-३९	४७नं.क
२	श.	४३	४१	पु.	१ ५६	३७ ८	व्या	६ ५२	४१ ४५	बा.	१६	४१	१९	३०	३	५-२८	६-३९	कर्क
३	र.	३७	४०	आ.	५३	४२	व.	५१	४७	तै.	१०	४०	२०	१	४	५-२९	६-३९	५३नं.सिं
४	चं.	३१	३८	म.	४९	३४	सि.	४४	१५	व.	४	३९	२१	२	५	५-२९	६-३९	सिंह
५	मं.	२५	४२	पू.	४५	३८	व्य.	३६	४८	बा.	२५	३९	२२	३	६	५-२९	६-३९	५९नं.क
६	बु.	१९	४६	उ.	४२	०	व.	२९	२३	तै.	२०	३८	२३	४	७	५-२९	६-४०	कन्या
७	गु.	१४	२२	ह.	३८	४१	प.	२२	३७	व.	१४	३७	२४	५	८	५-३०	६-४०	कन्या
८	शु.	९	२८	चि.	३६	३१	शि.	१६	२०	ब.	९	३६	२५	६	९	५-३०	६-४०	७नं.तु
९	श.	५	३३	स्वा	३४	१५	सि.	१०	३७	कौ.	५	३५	२६	७	१०	५-३०	६-४०	तुला
१०	र.	२	३०	वि.	३४	९	सा.	५	७	ग.	२	३५	२७	८	११	५-३१	६-३९	१९नं.वृ
११	चं.	० ५९	३६ १८	अ.	३४	४२	शु.	१ ५७	५६ ०	वि.	१ २९	३४	२८	९	१२	५-३१	६-३९	वृश्चिक
१३	मं.	६०	०	ज्ये.	३६	४०	ब्र.	५६	५८	कौ.	३०	३३	२९	१०	१३	५-३१	६-३९	३६नं.ध
१३	बु.	०	४७	मू.	३९	५३	ऐं	५५	५८	तै.	१	३२	३०	११	१४	५-३२	६-३९	धन
१४	गु.	२	४८	पू.	४४	७	वै.	५५	५७	व.	३	३१	१	१२	१५	५-३२	६-३९	धन
१५	शु.	५	४५	उ.	४९	२४	वि.	५६	४५	ब.	६	३२ ३०	२	१३	१६	५-३२	६-३९	मकर

चंद्रदर्शनम्

पुनर्वस्वर्कः २५-३०

कर्केर्कः ५८-२४

र.	चं.	मं.	बु.	गु.	शु.	श.	रा.	के.
३	८	५	३	५	१	२	४	१०
०	२९	१४	२६	१०	२७	२२	१७	१७
५७	५८	४८	९	३१	५१	५६	२१	२१
२५	५	२२	१२	४२	३४	२	३	३
५७	७४१	३५	५९	७	७०	८	३	३
१	१६	२०	५६	१४	८	१७	११	११

आषाड शुदि १५ शुक्रे..



શકે ૧૮૦૮ આષાડ કૃષ્ણ પક્ષ   દિ.પા.મુ. ઈ. ૨.ઉ. ૨.અ. ચંદ

१	श.	९	३८	श्र.	५५	२८	प्री	५७	५४	कौ	९	३२ २९	३	१४	१७	५-३३	६-३८	मकर.
२	र.	१४	१५	ध.	६०	०	आ	५९	२८	ग.	१४	२८	४	१५	१८	५-३३	६-३८	२८नं.कुं.
३	चं.	१९	४	ध.	१	५४	सौ.	६०	०	वी.	१९	१७	५	१६	१९	५-३३	६-३८	कुंभ
४	मं.	२३	५०	श.	८	१८	सौ.	१	२	बा.	२४	२६	६	१७	२०	५-३४	६-३७	५७नं.मी
५	बु.	२८	११	पू.	१४	१८	श.	२	२०	तै.	२८	२५	७	१८	२१	५-३४	६-३७	मीन
६	गु.	३१	४५	उ.	१९	४१	अ.	३	७	व.	३२	२४	८	१९	२२	५-३४	६-३७	मीन
७	शु.	२४	२	रे.	२३	५१	सु.	३	७	वि.	३	२३	९	२०	२३	५-३५	६-३७	२४नं.मे.
८	श.	३५	३१	अ.	२७	२	धृ.	२	९	बा.	५	२२	१०	२१	२४	५-३५	६-३६	मेष
९	र.	३५	२५	भ.	२८	२७	शू.	० ५७	१५ ४	तै.	५	२०	११	२२	२५	५-३६	६-३६	४४नं.वृ.
१०	चं.	३४	९	कृ.	२९	४०	वृ.	५३	२४	व.	५	१७	१२	२३	२६	५-३६	६-३६	वृषभ
११	मं.	३१	३९	रो.	२९	६	ध्रु.	४८	३५	ब	३	१५	१३	२४	२७	५-३६	६-३६	५८नं.मि
१२	बु.	२८	३	मृ.	२७	२३	व्या.	४२	५४	तै.	२८	१३	१४	२५	२८	५-३७	६-३५	मिथुन
१३	गु.	२३	४१	आ.	२४	५७	ह.	३६	३७	व	२३	११	१५	२६	२९	५-३७	६-३५	मिथुन
१४	शु.	१८	३४	पु.	२१	४६	व.	२९	४१	श	१८	९	१६	२७	३०	५-३७	६-३५	७नं.क.
३०	श.	१२	४८	पु.	१८	२	सि.	२२	२९	ना.	१३	३२ ७	१७	२८	३१	५-३८	६-३४	कर्क


मिथुने शुक्रः ४९-५१
पुष्येर्कः २९-१७
सिंहेज्ञः ५१-२

वक्रीज्ञः १६-३

बुधास्तः पश्चिमे ३४-५०

र.	चं.	मं.	बु.	गु.	शु.	श.	रा.
३	३	५	४	५	२	२	४
१५	१२	२३	३	१२	१५	२४	१६
१३	१८	४७	५५	३९	२५	५३	३३
२०	२६	४८	१०	५६	२४	३२	२०
५७	४४	३८	१९	१८	५९	७	३
१५	३९	१४	४० व	५२	४४	२९	११

आषाड कृष्ण ३० शनि.



॥ ज्योतिःप्रबोध ॥

येन सृष्टमिदं विश्वम् य एन द्रक्षति स्वयम् ।
अन्ते यस्मिँल्लयं याति तं विभुं प्रणमाम्यहम् ॥ १ ॥

છાપેલ સંસ્કૃત પંચાંગની સમજણ.

દરેક સાલના પંચાંગમાં ચૈત્ર, વૈશાખ, જ્યેષ્ઠ, આષાડ, શ્રાવણ, ભાદ્રપદ, આશ્વિન, કાર્તિક, માર્ગશીર્ષ, પૌષ, માઘ અને ફાલ્ગુન એમ બાર મહિના હોયછે, પણ અધિક માસ આવે ત્યારે તેર મહિના થાયછે. દરેક માસમાં, શુક્લ અને કૃષ્ણ એમ બે પક્ષ થાયછે, પ્રત્યેક પક્ષમાં જો તિથિની વૃદ્ધિ અથવા ક્ષય થતો ન હોય તો પંદર તિથિ થાયછે, અને જે પક્ષમાં તિથિનો કેવળ વધારોજ થાય તેમાં તિથિની સંખ્યા એક વધેછે. અને કેવળ તિથિનો ક્ષય થાય તેમાં તિથિની સંખ્યા પંદરમાં એક ઘટેછે.

અક્કેક પક્ષમાં પંચાંગોમાં ૨૮૫* કોષ્ટક[૧] હોયછે, તેમાં પેહેલા પંદર કોઠાઓની અંદર પડવા વગેરે પંદર તિથિઓના અંક ઉભી લીંટીમાં લખવામાં આવેછે અને સામા આડી લીંટીમાં ૧૮ કોષ્ટક લખેલાં હોયછે. એ પ્રમાણે દરેક તિથિના કોષ્ટકની સામે અઢાર અઢાર કોષ્ટકો ચીતરવામાં આવેછે. તેમાં લખવાની પદ્ધતિ એવી હોયછે કે તિથિઓની સન્મુખ પ્રથમના કોષ્ટકમાં र, चं, मं, बु, गु, शु, श, એમ અક્કેક અક્ષર લખેલ હોયછે. તેથી, રવી, સોમ, મંગલ, બુધ, ગુરૂ, શુક્ર અને શની એ સાત વારનો સંકેત સમજવામાં આવેછે.

ત્રીજા કોષ્ટકમાં તિથિની ઘડીના આંકડા લખાયછે. અને ચોથામાં તિથિનાં પળ લખાયછે, તિથિની ઘટિકા ઘણું કરી સાઠની અંદરજ હોયછે, પણ જ્યારે તિથિનો વધારો થવાનો હોય ત્યારે ઘડીની સંખ્યા સાઠ કરતાં વધેછે; તેથી પ્રથમની તિથિ સાઠ ઘડી ભોગવી પાછી બીજે દિવસે પણ વધારાની ઘડી ભોગવેછે. દિવસ અને રાત્રિ મળીને બધો વખત સાઠ ઘડી થાયછે; અને બીજે દિવસે બરાબર સાઠ ઘડીએ સૂર્યનો ઉદય થાયછે, માટે જે તિથિની ઘડી સાઠ કરતાં જેટલી ઓછી હોય તેટલી ઘડી તેથી આગળની તિથિની મળેછે. **દાખલો.** આષાડ સુદ પડવો ઘડી ઓગણપચાસને પળ ત્રીસ છે, તેને સાઠમાંથી બાદ કરતાં બાકી રહેલ દશઘડી અને ત્રીશ પળ પડવાની સાથે બીજની મળી કહેવાય.

જે તિથિનો ક્ષય થાયછે તેનો આંકડો ખાનામાં મૂકાતો નથી, પણ તેનાં ઘડી પળ લખવા રીવાજ છે તે એવી રીતે કે ક્ષય થનાર તિથિ કરતાં પ્રથમની તિથિની ઘડી સાથેજ ક્ષય તિથિની ઘડી લખાયછે. **દાખલો.** આષાડશુદિ અગ્યારસ ઘડી ($\frac{૦-૩૬}{૫૯-૧૮}$)

---

* તિથિની વધઘટ થાયછે ત્યારે ઉપરના નિયમમાં ૧૯ ખંડનો ફેર આવેછે. ૧ ખંડ.

પળ છે અને દ્વાદશી લખી પણ નથી, ત્યારે એકાદશીની ઘટિકા સાથે નીચેના ભાગમાં લખેલ ઘટિ ૫૯–૧૮ ક્ષય થએલ દ્વાદશીની સમજવી.

જ્યારે તિથિની વૃદ્ધિ થાયછે ત્યારે એકની એક તિથિ બે વાર લખવામાં આવેછે તેમાં પ્રથમની ઘટી સાઠ પૂર્ણ હોયછે, અને તે પછીની તિથિની ઘટિકા જુજ હોય છે, માટે તેનાથી આગળની તિથિની ઘટી તેમાં વધારે મળેછે. ઉદાહરણ. આષાડ શુદ તેરસ પ્રથમ ઘટી ૬૦–૦ પંચાંગમાં છે. અને બીજે દિવસ પણ તેરસ ઘડી ૦–૪૭ પળ છે ત્યારે બીજી તેરસની સાથ ચૌદશની ઘટિકા ૫૯–૧૩ મળી સમજાસે.

ચાલુ તિથિ વગેરેની જેટલી ઘટિકા તથા પળ પંચાંગમાં લખેલાં હોય અને તેની પેલાંની તિથિમાં ઘડી તથા પળનો જે ભાગ ગયો હોય તે ભાગનો તેમાં ઉમેરો કરવાથી જે ઘટિકા થાય તેને તિથિનું "સર્વક્ષ[1]" કહેછે. આ પ્રમાણે નક્ષત્ર તથા યોગ વગેરેનું પણ "સર્વક્ષ" સમજવું. તિથિના "સર્વક્ષ" નો દાખલો. સંવત્ ૧૯૪૩ ના આષાડ સુદ ૧ શુક્રવાર ઘટી ૪૯ પળ ૩૦ છે અને બીજ ૪૩–૪૧ પળ છે. બીજની ઘટીનું "સર્વક્ષ" કરવું છે ત્યારે પડવાની સાથે બીજની ઘટી ૧૦–૩૦ પળ મળેલ છે, તેને બીજની ઘટી ૪૩ અને પળ ૪૧ સાથે જોડતાં ૫૪ ઘટી અને ૧૧ પળ થયાં તેજ બીજનું "સર્વક્ષ" કેહેવાય. આ "સર્વક્ષ" નું પ્રમાણ વખતે સાઠ કરતાં થોડુંક વધી જાયછે, સરખું પણ થાયછે, ને વખતે ન્યૂન પણ રહેછે.

પાંચમા ખાનામાં નક્ષત્રોનો અક્કેક અક્ષર લખવા રીવાજ છે. તેથી ૧ અશ્વિની ૨ ભરણી, ૩ કૃત્તિકા, ૪ રોહિણી, ૫ મૃગશીર્ષ, ૬ આર્દ્રા, ૭ પુનર્વસુ, ૮ પુષ્ય, ૯ આશ્લેષા, ૧૦ મઘા, ૧૧ પૂર્વાફાલ્ગુની, ૧૨ ઉત્તરાફાલ્ગુની, ૧૩ હસ્ત, ૧૪ ચિત્રા, ૧૫ સ્વાતિ, ૧૬ વિશાખા, ૧૭ અનુરાધા, ૧૮ જ્યેષ્ઠા, ૧૯ મૂલ, ૨૦ પૂર્વાષાઢા, ૨૧ ઉત્તરાષાઢા, ૨૨ શ્રવણ, ૨૩ ધનિષ્ઠા, ૨૪ શતભેષા, ૨૫ પૂર્વાભાદ્રપદા, ૨૬ ઉત્તરાભાદ્રપદા, ૨૭ રેવતી એમ અનુક્રમે સત્તાવીશ નક્ષત્રોનો બોધ થાયછે. સત્તાવીશ નક્ષત્ર શિવાય અઠ્ઠાવિશમું નક્ષત્ર અભિજીત નામનું છે, પણ તે પંચાંગોમાં કોષ્ટકની અંદર લખાતું નથી, કારણ કે એ નક્ષત્ર બીજાં નક્ષત્રની પેઠે વધારે ઘટિકા ભોગવી શકતું નથી. તે નક્ષત્ર ઉત્તરાષાઢા અને શ્રવણ એ બેની વચ્ચે આવેછે. ઉત્તરાષાઢા નક્ષત્રની સર્વક્ષ ઘટીનો ચોથો ભાગ તથા શ્રવણની સર્વક્ષ ઘટીનો પંદરમો ભાગ જે થાય તેના સરવાળાની ઘટી તથા પળની બરોબર જેટલો વખત આવે તેટલો વખત અભિજીત નક્ષત્ર રહેછે. અને તેના પછી શ્રવણ નક્ષત્ર બેસેછે.

અભિજીત નક્ષત્રનો પ્રવેશ.—સંવત્ ૧૯૪૩ ના આષાડ સુદિ ૧૫ શુક્રવારને દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રની ઘડી ૪૯ અને પળ ૨૪ પંચાંગમાં લખ્યાંછે. અને તે પેહેલાં ચૌદશને દિવસ પૂર્વાષાઢા ઘડી ૪૪ ને પળ ૭ રાખેલ છે. પૂર્વાષાઢાની ઘડી ૪૪ અને પળ ૭ સાઠ કરતાં ૧૫ ઘટી અને ૫૩ પળ ઓછીછે, માટે પૂર્વાષાઢામાં તેટલી ઘડી ઉત્તરાષાઢાની આવી; એ બેનો સરવાળો (યોગ) કરીએ તો ઉત્તરાષાઢાનું સર્વક્ષ થાય એમ પ્રથમ કહેલું છે, તેથી તે પ્રમાણે કરતાં ઘડી ૬૫ અને પળ ૧૭ આવેછે તેજ ઉત્તરાષાઢાનું સર્વક્ષ થયું; તેનો ચોથો ભાગ ઘડી ૧૬ અને પળ ૧૯ થાયછે, તેને

[1] તિથિની કુલ ઘડી.

સર્વેક્ષની ઘટીના પંદરમા ભાગ સાથે જોડવી છે માટે શ્રવણનું સર્વેક્ષ કરવું જોઇએ. પંચાંગની નકલમાં લખેલ શ્રવણની ઘડીમાં ૫૫-૨૮ ઉત્તરાષાઢાની ઘડી સાથે શ્રવણની મળેલી ઘડી ૧૦-૩૬ જોડવાથી શ્રવણનું સર્વેક્ષ ૬૬-૪ થયું તેનો પંદરમો ભાગ કરવો છે એટલે ઘટીનાં પળ કરી તેમાં તેનાંજ પળ ઉમેરી તેને પંદરથી ભાગતાં ૨૬૪ પળ આવેછે તેની ઘડી ૪ ને પળ ૨૪ થયાં, અને ઉત્તરાષાઢાનાં સર્વેક્ષ ઘડીના ચોથા ભાગમાં જોડવાથી ઘડી ૨૦ ને પળ ૪૩ થાયછે; તેજ અભિજીત નક્ષત્રની કુલ ઘડી થઈ એટલે અભિજીત નક્ષત્ર ઘડી ૨૦ ને પળ ૪૩ સુધી તે દિવસ રેહેવાનું; ઉત્તરાષાઢાના સર્વેક્ષના ત્રણ ભાગ પછી અભિજીત નક્ષત્રનો પ્રવેશ થયો તે ઘડી ૨૦ ને પળ ૪૩ સુધી ચાલ્યો ત્યાર બાદ શ્રવણ બેઠું. ઉપરની રીતેજ ઉત્તરાષાઢા અને શ્રવણની વચ્ચે અભિજીત નક્ષત્રનો પ્રવેશ કરવો. આ નક્ષત્રનો આગલ વધારે ઉપયોગ પડવાનો નથી; તોપણ કોઇનો જન્મકાળ અભિજીતમાં આવેછે ત્યારે તેની મહાદશા કરવામાં તેનો ઘણો ઉપયોગ થાયછે, માટે તેની રીત અહીં દર્શાવીછે.

છઠ્ઠા તથા સાતમા ખાનામાં નક્ષત્રોની ઘડી તથા પળ એ બન્ને ક્રમથી લખવામાં આવેછે; નક્ષત્ર પણ જો ક્ષય થતું હોય તો તિથિની પેઠે ખાનામાં લખાતું નથી, પણ તેની ઘટી તિથિની ક્ષય ઘટિકાની માફક ક્ષય થનાર નક્ષત્ર કરતાં પેહેલાં નક્ષત્રની ઘડી સાથે લખાયછે. ઉદાહરણ. સંવત્ ૧૯૪૩ ના આષાડમાસની પંચાંગની નકલમાં સુદ ૨ શનીવારને દિવસ પુનર્વસુ ઘડી ૧ ને પળ ૩૭ છે (પુ. $\frac{૧-૩૭}{૫૬-૮}$) અને તેની નીચે પુષ્યની ઘડી લખી બતાવીછે. ક્ષય નક્ષત્રનું સર્વેક્ષ કરવું હોય ત્યારે તેમાં પ્રથમનો નિયમ લાગુ પાડવો નહિં. અને પંચાંગમાં ક્ષય નક્ષત્રની જે ઘડી ક્ષય થનાર નક્ષત્ર કરતાં પેહેલાનાં નક્ષત્ર સાથે લખી હોય તેજ ક્ષય થનાર નક્ષત્રનું સર્વેક્ષ સમજવું. આવીજ રીતે તિથિનો ક્ષય થતો હોય ત્યારે પણ ક્ષય તિથિનું સર્વેક્ષ કરવું; અને પેહેલાંનો નિયમ લાગુ ન કરવો.

ક્ષય નક્ષત્ર પછીનાં નક્ષત્રનું અથવા ક્ષય તિથિ પછીની તિથિનું સર્વેક્ષ કરવું હોય ત્યારે ક્ષય નક્ષત્રની તથા ક્ષય તિથિની ઘડીને પ્રથમના નક્ષત્ર તથા તિથિની સૂર્યોદય પછીની ઘડી સાથે મેળવી તેને ઘડી ૬૦ માંથી બાદ કરતાં જે શેષ રહે તે ઘડીને ક્ષય નક્ષત્ર પછીનાં નક્ષત્રની ઘડીમાં અને તિથિનું સર્વેક્ષ કરવું હોય તો ક્ષય પછીની તિથિની ઘડીમાં ઉમેરવી એટલે નક્ષત્ર તથા તિથિનું ક્રમ પ્રમાણે સર્વેક્ષ થાયછે.

ક્ષય નક્ષત્ર પછીનાં નક્ષત્રનું સર્વેક્ષ કરવાનો દાખલો.

આગળ લખેલ પંચાંગના નમુનામાં આષાડ સુદ ૧ ને દિવસ આર્દ્રા ઘટી ૪-૫૨ છે, પુનર્વસુ ઘટી ૧-૩૭ અને પુષ્યનો ક્ષય છે, તોપણ તેની ઘટી ૫૬-૮ પુનર્વસુના ઘડીના ખાનામાં તેની ઘડીને નીચે મૂકી છે. હવે આશ્લેષા નક્ષત્રનું સર્વેક્ષ કરવાનું છે, માટે ક્ષય નક્ષત્ર (પુષ્ય) ની ઘડી ૫૬-૮ ને તે કરતાં પ્રથમ નક્ષત્ર પુનર્વસુની સૂર્યોદય પછીની ઘડી ૧-૩૭ સાથે મેળવીયે તો ૫૭ ઘડી અને ૪૫ પળ થાયછે. તેને ઘડી સાઠમાંથી બાદ કર્યાતો ૨-૧૫ પળ શેષ રહ્યા તે ક્ષય નક્ષત્ર પછીના નક્ષત્ર (આશ્લેષા) ની ઘડી ૫૩-૪૨ સાથે મેળવીએ તો ૫૫-૫૭ થયા તે આશ્લેષા નક્ષત્રનું

સર્વક્ષ થયું. આવીજ રીત પ્રમાણે ક્ષય નક્ષત્ર પછીનાં બીજાં નક્ષત્રોનું પણ સર્વક્ષ કરી લેવું; અને જ્યારે તિથિનો ક્ષય આવે ત્યારે પણ તેમજ કરવું.

ખાનાં આઠમામાં સત્તાવીશ યોગો પોતાના આદ્યાક્ષરથી લખાયછે; તે યોગોના નામો નીચે લખ્યા પ્રમાણે સંસ્કૃત ગ્રંથોમાં છે, ૧ વિષ્કુંભ, ૨ પ્રીતિ, ૩ આયુષ્મત્, ૪ સૌભાગ્ય, ૫ શોભન, ૬ અતિગંજ, ૭ સુકર્મન્, ૮ ધૃતિ, ૯ શૂલ, ૧૦ ગંજ, ૧૧ વૃદ્ધિ, ૧૨ ધ્રુવ, ૧૩ વ્યાઘાત, ૧૪ હર્ષણ, ૧૫ વજ્ર, ૧૬ સિદ્ધિ, ૧૭ વ્યતિપાત, ૧૮ વરીયસ્, ૧૯ પરિઘ, ૨૦ શિવ, ૨૧ સિદ્ધિ, ૨૨ સાધ્ય, ૨૩ શુભ, ૨૪ શુક્લ, ૨૫ બ્રહ્મન્, ૨૬ ઐંદ્ર, ૨૭ વૈધૃતિ.

નવમા તથા દશમા ખાનામાં યોગોનાં ઘડી પળ લખાયછે. યોગની ઘડીનું સર્વક્ષ તથા ક્ષય યોગની ઘડી લખવાની રીત તિથિ અને નક્ષત્ર પ્રમાણેજ છે, માટે તે લખી ફોકટ લંબાણ કર્યું નથી.

ખાના અગીઆરમામાં કરણો લખાયછે, તે કરણો ચર તથા સ્થિર એમ બે પ્રકારનાં હોયછે, તેનાં નામ ૧ બવ, ૨ બાલવ, ૩ કૌલવ, ૪ તૈતલ, ૫ ગર, ૬ વણિજ, અને સાતમું વિષ્ટિ એ સાત કરણો ચર કહેવાયછે, અને ૧ શકુની, ૨ ચતુષ્પદ, ૩ નાગ તથા ૪ કિંસ્તુઘ્ન એ ચાર સ્થિર કરણો કહેલાં છે. અંધારીઆં પક્ષની ચૌદશના ઉત્તરાર્ધમાં હમેશાં નિયમસર શકુની કરણ થાય. અમાવાસ્યાની જેટલી ઘડી સર્વક્ષની હોય તેના અર્ધભાગમાં અવશ્ય ચતુષ્પદ કરણ આવે. ને ઉત્તરના અર્ધભાગમાં નાગકરણ થાય. અને અજવાળીઆ પડવાના સર્વક્ષના પેલા ભાગમાં નક્કી કિંસ્તુઘ્નકરણ થાયછે, એ પ્રમાણે ઉપરનાં ચાર કરણો ચૌદશના ઉત્તરાર્ધથી નિયમસર આવેછે તેથી તે કરણો સ્થિર કહેવાયછે, અને બાકીનાં સાત કરણો શુક્લપક્ષના પડવાના સર્વક્ષના બીજા ભાગથી બવ, બાલવ, કૌલવ ઇત્યાદિ સરખા ક્રમથી ચાલ્યાં આવેછે માટે તે ચર છે એવું જ્યોતિષવાળા માનેછે. દરેક તિથિમાં બબે કરણો ભોગવાઈ જાયછે માટે દરેક તિથિનું જે સર્વક્ષ થાય તેના અર્ધના સરીખું પ્રત્યેક કરણનું પ્રમાણ થાયછે, અને જ્યારે તિથિનો ક્ષય થાયછે, ત્યારે બે કરણનો પણ ક્ષય થઇ જાયછે. તે ક્ષય થએલ કરણ તથા તેની ઘડી પંચાંગમાં લખવા હાલરૂઢી ચાલતી નથી.

ખાનાં બારમામાં કરણની ઘડી લખાયછે, પણ કરણનાં પળ લખવામાં આવતાં નથી. કરણનાં સર્વક્ષ કરવાનું કામ આગળ ક્યાંઈ પડશે નહિં, એટલે બતાવેલ નથી. કરણ દરેક તિથિમાં બબે આવેછે; તોપણ કરણના ખાનામાં ફક્ત સૂર્યના ઉદય વખત જે કરણ હોય તેજ લખાયછે, તેની સાથે બીજું કરણ લખતા નથી, પણ તેથી બીજે દિવસે કરણની એક સંખ્યા મૂકી તે પછીનું ત્રીજું કરણ લખવામાં આવેછે.

ખાનાં તેરમામાં દિનમાન લખવાનો રિવાજ છે, દિનમાનની ઘડી અને પળ પડવાને સામે તેરમાં ખાનામાં લખેછે. અને જ્યાંલગણ દિનમાનની ઘડીમાં ફેર આવતો નથી ત્યાંસુધી સદરહુ ઘડી લખતા નથી બાકી માત્ર પળ લખેછે; પણ જ્યારે ઘડીમાં તફાવત પડે ત્યારે દિનમાનની ઘડી તથા પળ એમ બન્ને આંકડા લખેછે, આ પ્રમાણે નિયમ દિવસ ૧૪ લગણ કાયમ રહેછે અને પંદરમે દિવસે ઘડીમાં ફેર ન આવે તોપણ દિનમાનની ઘડી ને પળ બન્ને લખાયછે. દિનમાનની ઘડી તથા પળને ઘડી સાઠમાંથી બાદ કરતાં જે આંક રહે તે રાત્રિનું પ્રમાણ જાણવું.

ખાનાં ચૌદ, પંદર તથા સોળમામાં અનુક્રમથી પારસી, મુસલમાની અને અંગ્રેજી તારીખના આંકડા લખેલા હોયછે તેથી તેલોકોની તારીખની માહિતી હિંદુના પંચાંગથી મળી આવેછે.

સતરમા ખાનામાં સ્વદેશીય સૂર્યના ઉદયનું જ્ઞાન થવા માટે કલાક અને મિનિટ લખેછે. અને અઢારમા ખાનામાં સૂર્યના અસ્ત થવાના કલાક લખેલા હોયછે; જેથી અમુક દિવસે પોતાના દેશમાં સૂર્યનો ઉદય અથવા અસ્ત કયારે થશે તેની ખાત્રા વગર પરિશ્રમે થાયછે.

ખાનાં ઓગણીસમામાં ચંદ્રની રાશીનું જ્ઞાન થવા માટે તેની રાશી લખેલી હોયછે, તે રાશીના પૂર્ણ અક્ષર કયારેક લખેછે, પણ ઘણુંકરીને તો તેના પ્રથમના એક કે બે અક્ષર લખવામાં આવેછે. તેથી, મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધનુસ્, મકર, કુંભ, અને મીન એમ બાર રાશીઓનો બોધ જ્યોતિષીયો લેછે; અને તે ચંદ્રની રાશી સાથ ઘડીના આંક પણ વારંવાર લખવામાં આવેછે. તેથી એવું સમજાયછે કે તે તિથિયે તેટલી ઘડી પછી કોષ્ટકમાં લખેલ રાશીનો ચંદ્ર થાયછે અને તે કરતાં પ્રથમના વખતમાં ચંદ્ર તેની પેહેલાંની રાશીનો છે એમ સમજવું. ચંદ્રમા સવાબે નક્ષત્ર ભોગવે ત્યાં સુધી એકજ રાશીનો હોયછે, ને ત્યાર બાદ બદલેછે, એટલે બે નક્ષત્રનું સર્વક્ષ તથા ત્રીજા નક્ષત્રના સર્વક્ષનો ચતુર્થાંશ એ બધેનો જેટલો સરવાળો આવે તેટલા વખત લગી ચંદ્રમા એકજ રાશીમાં રહેછે.

સંવત્ ૧૯૪૩ ના આષાડ સુદિ ૧૫ શુક્રેના પંચાંગ ઉપરના ગ્રહો.

रवि.	चंद्र.	मंगल.	बुध.	गुरु.	शुक्र.	शनी.	राहु.	
૩	૮	૫	૩	૫	૧	૨	૪	રાશી.
૦	૨૯	૧૪	૨૬	૧૦	૨૭	૨૨	૧૭	અંશ.
૫૭	૫૮	૪૮	૯	૩૧	૫૧	૫૬	૨૧	કળા.
૨૫	૫	૨૨	૧૨	૪૦	૩૪	૨	૩	વિકળા.
૫૭	૭૪૧	૩૫	૫૯	૭	૭૦	૮	૩	ગતિ.
૧	૧૬	૨૦	૫૬	૧૪	૮	૧૭	૧૧	

છાપેલ પંચાંગોમાં પંદર પંદર દિવસે ઉપર પ્રમાણે સૂર્ય વગેરે ગ્રહો લખવામાં આવેછે, તેમાં દરેક ગ્રહના જે પ્રથમના અંક હોયછે તે તેઓની રાશીઓના અંકો સમજવા, તે એવી રીતે કે શૂન્ય હોય તો મેષ રાશી; એક હોયતો વૃષભ રાશી, બે અંક હોયતો મિથુન રાશી, અને ત્રણ હોયતો કર્કરાશી; એ પ્રમાણે છેવટ અગીઆર હોયતો મીનરાશી સમજવાની છે. રાશીમાં બારનો આંક કયારે પણ લખાશે નહીં. રાશી પછી તેની નીચેના આંક ગ્રહોના અંશના હોયછે, તે અંશ ૨૯ સુધી લખાયછે; કારણ કે ત્રીશ અંશની એક રાશી થાયછે. અંશ નીચેના આંક કળા કહેવાયછે, અને કળા નીચે લખેલા આંક વિકળા કહેવાયછે. રાશીને ત્રાસે ગુણવાથી અંશ થાયછે; માટે અંશને ત્રીસે ભાગીએતો રાશી થાય. અંશને સાઠે ગુણવાથી કળા અને કળાને સાઠે ગુણવાથી વિકળા થાયછે. તેમ વિકળાને સાઠે ભાગવાથી કળા, કળાને સાઠે ભાગવાથી

અંશ, અને અંશને ત્રીસે ભાગવાથી રાશી આવેછે. એ પ્રમાણે જ્યોતિષશાસ્ત્રમાં, રાશી, અંશ, કળા અને વિકળાની સમજ બતાવી છે; ગ્રહોની રાશી, અંશ, કળા અને વિકળા પછી નીચેનાં ખાનામાં ગ્રહોની ગતિના બે આંક લખેલા છે. તેમાં પેહેલો આંક કળાના રૂપમાં અને બીજો આંક વિકળાના રૂપમાં હોયછે.

ગ્રહોની રાશી સમજવાનો દાખલો.

આષાડસુદિ પૂર્ણિમાના કોષ્ટકમાં સૂર્ય ૩-૦-૫૭-૨૫ એપ્રમાણે છે, એટલે કર્કરાશી, પૂર્ણ અંશ, સત્તાવન કળા અને પચીશ વિકળાનો છે અને તેની ગતિ કળા સત્તાવન અને વિકળા એકની છે; આ પ્રમાણે પંચાંગમાં લખેલા કોષ્ટકની અંદર ગ્રહોની સમજ જાણવી.

સૂર્ય. એક રાશીમાં લગભગ એક મહિના લગણ રહેછે, એટલે તે બાર મહિને બાર રાશીમાં ફરી આવેછે.

ચંદ્ર. એક રાશીમાં આસરે સવાબે દિવસ રહેછે, તેથી ચંદ્રમા સત્તાવીશ દિવસે રાશી ચક્રમાં ફરી આવેછે.

મંગળ. એક રાશીમાં આસરે (વક્ર ન હોય તો) સાડાસત્તાવન દિવસે ફરી રહેછે; માટે તે બાર રાશીમાં એક વર્ષ અને અગીઆર મહિનાને આસરે ફરી આવેછે.

બુધ. એની ગતિ ઘણીજ અનિયમિત છે, તે જ્યારે શીઘ્ર થાયછે, ત્યારે આસરે પચીશ દિવસમાં એક રાશી ફરી આવેછે અને જ્યારે ગતિ મંદ થાયછે ત્યારે તે લગભગ દોઢ માસે પણ એક રાશી પૂર્ણ ફરી શકતો નથી અને તેની રાશી બદલવાનો નક્કી વખત પણ કહી શકાતો નથી.

બૃહસ્પતિ. આસરે એક વર્ષ લગણ એક રાશીમાં રહેછે; અને બાર વર્ષે બાર રાશી ભોગવેછે.

શુક્ર. એ ગ્રહની ગતિ પણ બુધ પ્રમાણે છે, તોપણ તેને એક રાશીમાં ફરતાં ઘણું કરી એક માસ લાગેછે.

શની. બધા ગ્રહો કરતાં ન્યૂન ગતિવાળો ગ્રહછે. તેને એક રાશીમાં ભ્રમણ કરતાં લગભગ અઢી વરસ લાગેછે અને ત્રીશ વર્ષે બાર રાશીમાં ભ્રમણ કરી રહેછે.

રાહુ. એ ગ્રહને એક રાશીમાં ભ્રમણ કરતાં ઘણું કરીને દોઢ વરસ લાગેછે; અને બાર રાશીમાં ફરતાં અઢાર વરશ વહી જાયછે.

પંચાંગઉપરથી ગ્રહોની રાશી જ્ઞાનની સમજ.

છાપેલ પંચાંગોમાં પૂર્ણિમા તથા અમાવાસ્યાના ગ્રહો કોષ્ટકમાં આપેલા હોયછે: તેથી પુનેમ કે અમાસના ગ્રહો જાણવા હોયતો તે કોષ્ટક ઉપરથી સેહેલી રીતે જાણી શકાયછે.-પુનેમ અને અમાસને ઘણું કરીને દિવસ ૧૫ નું અંતર હોયછે: તે વચ્ચે કોઇ ગ્રહની રાશી બદલેછે તો પંચાંગ બનાવનાર રાશી બદલવાની ઘડી તથા પળ શીખે પંચાંગમાં તિથિના કોષ્ટકની સામે લખી બતાવેછે; જેમ કે પેહેલાં બતાવેલ પંચાંગની નકલમાં સુદિ ૧૩ બુધવારને દિવસ "कर्केऽर्कः" (૫૮-૨૪) એમ લખેલછે, તેથી

જાણવું કે તે દિવસે ઘડી ૫૮-૨૪ પછી કર્ક રાશીનો સૂર્ય થયો; એમ દરેક ગ્રહની રાશી બદલવાની સૂચના પંચાંગઉપરથી જાણી શકાયછે. એટલે પૂર્ણિમાને અમાવાસ્યા વચ્ચે કોઈ પણ દિવસના ગ્રહની રાશી જાણવી હોયતો જે દિવસના ગ્રહ જાણવા ધારીએ તે દિવસ અને પૂર્ણિમા અથવા અમાવાસ્યા વચ્ચે જેટલા દિવસ વ્યતીત થયા હોય તેટલા દિવસમાં જે જે ગ્રહોની રાશી પંચાંગમાં પટલાણી હોય તે તે ગ્રહ તે રાશીનો સમજવો. બાકીના ગ્રહોની રાશી શુક્લપક્ષ હોયતો અમાસના કોષ્ટકના ગ્રહોની રાશી પ્રમાણે જાણવી. અને કૃષ્ણપક્ષ હોયતો પુનમના કોષ્ટકની રાશી જોઇને ગ્રહોની રાશીનું જ્ઞાન મેળવવું.

ઇષ્ટ[1] દિવસે રાશીનું જ્ઞાન થવાનો દાખલો.

સંવત[2] ૧૯૪૩ ના આષાડ વદિ ૭ શુક્રવારને દિવસે સાંજની વેળાએ ગ્રહોની રાશી જાણવાની છે. કૃષ્ણપક્ષ છે માટે ગઇ પૂર્ણિમાના કોષ્ટકની નકલ ઉપરથી સર્વેની રાશી જાણી. જેમ પુનેમને દિવસે કર્કનો સૂર્ય, ધનનો ચંદ્ર, કન્યાનો મંગળ, કર્કનો બુધ, કન્યાનો ગુરૂ, વૃષભનો શુક્ર, મિથુનનો શની, સિંહનો રાહુ અને કુંભનો કેતુ[3] એ પ્રમાણે ગ્રહોની રાશીઓ આવેછે. તોપણ આષાડવદિ એકમ શનીવારને દિવસે ઘડી ૪૯-૫૧ પછી મિથુન રાશીનો શુક્ર પંચાંગમાં લખેલ છે. અને આષાડવદિ ૩ સોમવારને રોજ ઘડી ૫૧-૨ પછી "सिंहेज्ञः" એમ લખેલછે, તેથી જણાયછે કે સિંહનો (ज्ञ) બુધ થયો; સાતમ શુક્રવારના ગ્રહ કરવાના છે ને તે દિવસ ખાના ૧૯ મામાં ચંદ્ર ઘડી ૨૪ પછી મેષનો થાયછે. તેથી પુનેમના કોઠાના ગ્રહોની રાશી કરતાં શુક્ર, બુધ અને ચંદ્રની રાશી બદલી, બાકીના ગ્રહોની રાશી કોષ્ટક પ્રમાણે કાયમ રહેછે.

સાતમની તિથિએ સાંજની વેળાએ પંચાંગઉપરથી આવેલી ગ્રહોની રાશી.

सूर्य,	चंद्र,	मंगल,	बुध,	गुरु,	शुक्र,	शनी,	राहु,	केतु.	
કર્ક,	મેષ,	કન્યા,	સિંહ,	કન્યા,	મિથુન,	મિથુન,	સિંહ,	કુંભ.	☞ આવી રીતે.

હમેશાં ઇચ્છેલે દિવસે ગ્રહોની રાશીનું જ્ઞાન મેળવવું.

જન્મપત્રી કરનારને અવશ્ય જાણવાની બિના.

બાળકનો જન્મ જે વખતે થયો હોય, તે વખત જાણવો ઘણોજ અગત્યનો છે, માટે પ્રસવ વખતે ઘડીઆળઉપરથી પ્રથમ સમયજ્ઞાન મેળવવું. તે સમય કલાકના રૂપમાં આવશે તેની ઘડી કરવી જોઇએ, તે એવી રીતે કે જો દિવસનો જન્મ થયો હોયતો જન્મ સમયના કલાક તથા મિનિટમાંથી[4] તે દિવસના સૂર્યોદય વખતના કલાક તથા મિનિટ બાદ કરવા; અને શેષ કલાક તથા મિનિટ જે રહે તેને અઢીગણા કરવાથી તે વખતની ઇષ્ટ ઘડી તથા પળ થાયછે; અઢીગણા કરવાથી પળની સંખ્યા સાઠ

---

૧ ઇચ્છેલ. ૨ આ ગ્રંથની અંદર બધે ઠેકાણે ચૈત્ર મહિનાથી સંવત્ ગણેલછે. ૩ આ ગ્રહકોષ્ટકમાં લખાતો નથી તોપણ હમેશાં રાહુ કરતાં સાતમી રાશીએ હોયછે. ૪ જન્મવખતના કલાકમાંથી સૂર્યોદય તથા અસ્ત વખતના કલાક બાદ ન થાય ત્યારે તેમાં બારની સંખ્યાનો ઉમેરો કરીને બાદ કરવા.

કરતાં વધી જાયતો તેને સાઠનો ભાગ લગાડી લાધેલી ઘડી ઘડીના અંક સાથે મેળવી દેવી. કારણ કે સાઠથી વધારે પળ થતાં નથી. કોઇનો જન્મ રાત્રિનો થયો હોય તો જન્મ સમયના કલાક તથા મિનિટમાંથી તે દિવસના સૂર્યાસ્તના કલાક તથા મિનિટ બાદ કરવા. શેષાંકને અઢીએ ગુણતાં જે આવે તેને તે દિવસના દિનમાનની ઘડી તથા પળની સાથે મેળવવાથી રાત્રિની ઇષ્ટ ઘડી તથા પળ આવેછે.

પ્રશ્ન. સંવત્ ૧૯૪૩ ના આષાડવદિ ૭ શુક્રવારને દિવસ મધ્યાહ્ન પછીના કલાક ત્રણ અને મિનિટ પચીશ વખતે જન્મ થયો હોય ત્યારે ઇષ્ટ ઘડી તથા પળ કેટલાં આવે?

ઉત્તર. તે દિવસના સૂર્યોદય વખતના પંચાંગની નકલમાં લખેલ કલાક તથા મિનિટ (૫-૩૫) ને જન્મકાળના કલાક ૩-૨૫ માંથી બાદ કરતાં તે બાદ થઇ શકતા નથી, માટે જન્મ સમયના કલાકમાં બાર કલાકનો ઉમેરો કરી ૧૫-૨૫ સૂર્યોદય સમયના કલાક ૫-૩૫ તેમાંથી બાદ કર્યા, અને બાકી રહેલ અંક (૯-૪૦) ને અઢીએ ગુણવાથી ઘડી ૨૪ તથા પળ ૧૦ આવ્યાં. તેજ પૂછેલા દિવસની ઇષ્ટ ઘડી તથા પળ થયાં.

પ્રશ્ન. સદરહુ દિવસે રાત્રિના કલાક ૧૧ મિનિટ ૩૦ વખતે કોઇનો જન્મ થયો હોયતો ઇષ્ટ ઘટી કેટલી થવી જોઇએ?

ઉત્તર. તે દિવસ પંચાંગમાં લખેલ સૂર્યાસ્તના કલાક તથા મિનિટ ૬-૩૭ ને જન્મકાળના કલાક ૧૧-૩૦ માંથી બાદ કર્યા તો બાકી ૪-૫૩ રહ્યા. તેને ઘડી કરવા માટે અઢીએ ગુણ્યાતો ૧૨-૧૨।। પળ થયાં. તેમાં તે દિવસના દિનમાનની ઘડી (૩૨-૨૩) જોડવા કહેલ છે તે જોડતાં ઇષ્ટ ઘડી ૪૪-૩૫ પળ થઈ.

જન્મ સમયનો ઇષ્ટકાળ કરતી વેળાએ ઘડી તથા પળનો આંક લેવાયછે, પણ પળનો સાઠમો ભાગ જે વિપળ તેને સ્વીકારતા નથી.

ઇચ્છેલે દિવસે વેળા કરવાની રીત, અને વેળા શબ્દનો અર્થ.

જે વખતે બાળકનો જન્મ થાયછે તે વખતે જન્મેલાં બાળકની તેજ વખતની ઇષ્ટ ઘડીનું જ્ઞાન સૂક્ષ્મ રીતે મેળવી પંચાંગઉપરથી ગ્રહોની રાશી જોઈ એક કુંડલી ઉભી કરી તેમાં તે સમયનું લગ્ન તથા તે વેળાના ગ્રહો ચડાવી અને તેના ઉપરના ભાગના કાગળમાં ચાલતો સંવત્, શક, તે દિવસની તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ પંચાંગમાં લખેલ તેમની ઘડી તથા પળ શીખે લખી તેનું સાધારણ ફળ પૂછનારને સંભળાવવું, તેને વેળા કહેછે. તેથી આધુનિક સમયમાં પણ વેળા લેનાર પુરૂષે પ્રથમ ચાલતો સંવત, શક, તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ પોતપોતાનાં પંચાંગમાં લખેલ ઘડી શીખે લખવાં; અને તે પછી પ્રસવ સમયની ઘડી તથા પળ લખવાં. જેને ઘેર બાળક અવતર્યું હોય તે બાળકનાં માતપિતાનાં નામ લખવાનો રીવાજ હાલ ચાલેછે માટે તે પણ લખવાં તે લખવા બાદ બાર ખંડવાળી કુંડળી કરી તેમાં ચાલતું લગ્ન ચડાવી ચાલુ રાશીના સૂર્ય વગેરે ગ્રહો લખવાઃ એ પ્રમાણે કરવાથી જન્મેલા બાળકની વેળા અથવા જન્મકુંડલી થાયછે. એવું હાલના જોશિઓ માનેછે.

મુંબઈનાં ગણિત પ્રમાણે લગ્નપત્ર અયનાંશ ૨૨નું.

અંશ	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯
મેષ	૨	૩	૩	૩	૩	૩	૩	૩	૪	૪	૪	૪	૪	૪	૪	૫	૫	૫	૫	૫	૫	૫	૬	૬	૬	૬	૬	૬	૭	૭
	૫૯	૭	૧૫	૨૩	૩૧	૩૯	૪૭	૫૫	૪	૧૩	૨૨	૩૦	૩૯	૪૮	૫૭	૬	૧૫	૨૪	૩૩	૪૨	૫૧	૫૯	૮	૧૭	૨૬	૩૫	૪૪	૫૩	૨	૧૧
વૃષ	૭	૭	૭	૭	૭	૮	૮	૮	૮	૮	૮	૯	૯	૯	૯	૯	૯	૧૦	૧૦	૧૦	૧૦	૧૦	૧૦	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૨
	૨૦	૨૮	૩૭	૪૬	૫૫	૪	૧૩	૨૨	૩૨	૪૩	૫૩	૩	૧૪	૨૪	૩૪	૪૫	૫૫	૫	૧૬	૨૬	૩૬	૪૭	૫૭	૭	૧૮	૨૮	૩૮	૪૯	૫૯	૯
મિથુન	૧૨	૧૨	૧૨	૧૨	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૭	૧૭	૧૭	૧૭
	૨૦	૩૦	૪૦	૫૧	૧	૧૧	૨૨	૩૨	૪૩	૫૪	૫	૧૭	૨૮	૩૯	૫૦	૧	૧૩	૨૪	૩૫	૪૬	૫૭	૯	૨૦	૩૧	૪૨	૫૩	૫	૧૬	૨૭	૩૮
કર્ક	૧૭	૧૮	૧૮	૧૮	૧૮	૧૮	૧૮	૧૯	૧૯	૧૯	૧૯	૧૯	૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૨૧	૨૧	૨૧	૨૧	૨૧	૨૨	૨૨	૨૨	૨૨	૨૨	૨૩	૨૩
	૪૯	૧	૧૨	૨૩	૩૪	૪૫	૫૭	૮	૧૯	૩૦	૪૧	૫૨	૩	૧૪	૨૫	૩૬	૪૭	૫૮	૯	૨૦	૩૧	૪૨	૫૩	૪	૧૫	૨૬	૩૭	૪૯	૦	૧૧
સિંહ	૨૩	૨૩	૨૩	૨૩	૨૪	૨૪	૨૪	૨૪	૨૪	૨૫	૨૫	૨૫	૨૫	૨૫	૨૫	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૮	૨૮	૨૮	૨૮
	૨૨	૩૩	૪૪	૫૫	૬	૧૭	૨૮	૩૯	૪૯	૦	૧૦	૨૧	૩૨	૪૨	૫૩	૪	૧૪	૨૫	૩૫	૪૬	૫૭	૭	૧૮	૨૮	૩૯	૫૦	૦	૧૧	૨૧	૩૨
કન્યા	૨૮	૨૮	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૩	૩૩	૩૩	૩૩	૩૩
	૪૩	૫૩	૪	૧૪	૨૫	૩૬	૪૬	૫૭	૭	૧૮	૨૯	૩૯	૫૦	૦	૧૧	૨૨	૩૨	૪૩	૫૩	૪	૧૫	૨૫	૩૬	૪૬	૫૭	૮	૧૮	૨૯	૩૯	૫૦
તુળા	૩૪	૩૪	૩૪	૩૪	૩૪	૩૪	૩૫	૩૫	૩૫	૩૫	૩૫	૩૫	૩૬	૩૬	૩૬	૩૬	૩૬	૩૭	૩૭	૩૭	૩૭	૩૭	૩૮	૩૮	૩૮	૩૮	૩૮	૩૮	૩૯	૩૯
	૧	૧૧	૨૨	૩૨	૪૩	૫૪	૪	૧૫	૨૬	૩૭	૪૮	૫૯	૧૦	૨૧	૩૨	૪૩	૫૪	૫	૧૬	૨૭	૩૮	૪૯	૦	૧૧	૨૨	૩૩	૪૪	૫૬	૭	૧૮
વૃશ્ચિક	૩૯	૩૯	૩૯	૪૦	૪૦	૪૦	૪૦	૪૦	૪૦	૪૧	૪૧	૪૧	૪૧	૪૧	૪૨	૪૨	૪૨	૪૨	૪૨	૪૩	૪૩	૪૩	૪૩	૪૩	૪૩	૪૪	૪૪	૪૪	૪૪	૪૪
	૨૯	૪૦	૫૧	૨	૧૩	૨૪	૩૫	૪૬	૫૭	૮	૧૯	૩૧	૪૨	૫૩	૪	૧૫	૨૭	૩૮	૪૯	૦	૧૧	૨૩	૩૪	૪૫	૫૬	૭	૧૯	૩૦	૪૧	૫૨
ધન	૪૫	૪૫	૪૫	૪૫	૪૫	૪૫	૪૬	૪૬	૪૬	૪૬	૪૬	૪૭	૪૭	૪૭	૪૭	૪૭	૪૭	૪૮	૪૮	૪૮	૪૮	૪૮	૪૮	૪૯	૪૯	૪૯	૪૯	૪૯	૪૯	૫૦
	૩	૧૫	૨૬	૩૭	૪૮	૫૯	૧૧	૨૨	૩૨	૪૩	૫૩	૩	૧૪	૨૪	૩૪	૪૫	૫૫	૫	૧૬	૨૬	૩૬	૪૭	૫૭	૭	૧૮	૨૮	૩૮	૪૯	૫૯	૯
મકર	૫૦	૫૦	૫૦	૫૦	૫૧	૫૧	૫૧	૫૧	૫૧	૫૧	૫૧	૫૨	૫૨	૫૨	૫૨	૫૨	૫૨	૫૩	૫૩	૫૩	૫૩	૫૩	૫૩	૫૪	૫૪	૫૪	૫૪	૫૪	૫૪	૫૪
	૨૦	૩૦	૪૦	૫૧	૧	૧૧	૨૨	૩૨	૪૧	૫૦	૫૯	૭	૧૬	૨૫	૩૪	૪૩	૫૨	૧	૧૦	૧૯	૨૮	૩૬	૪૫	૫૪	૩	૧૨	૨૧	૩૦	૩૯	૪૮
કુંભ	૫૪	૫૫	૫૫	૫૫	૫૫	૫૫	૫૫	૫૫	૫૬	૫૬	૫૬	૫૬	૫૬	૫૬	૫૬	૫૭	૫૭	૫૭	૫૭	૫૭	૫૭	૫૭	૫૮	૫૮	૫૮	૫૮	૫૮	૫૮	૫૮	૫૮
	૫૭	૫	૧૪	૨૩	૩૨	૪૧	૫૦	૫૯	૭	૧૫	૨૩	૩૧	૩૯	૪૬	૫૪	૨	૧૦	૧૮	૨૬	૩૪	૪૨	૫૦	૫૮	૬	૧૪	૨૨	૩૦	૩૮	૪૫	૫૩
મીન	૫૯	૫૯	૫૯	૫૯	૫૯	૫૯	૫૯	૫૯	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૨	૨	૨	૨	૨	૨	૨	૨
	૧	૯	૧૭	૨૫	૩૩	૪૧	૪૯	૫૭	૫	૧૩	૨૧	૨૯	૩૭	૪૪	૫૨	૦	૮	૧૬	૨૪	૩૨	૪૦	૪૮	૫૬	૪	૧૨	૨૦	૨૮	૩૬	૪૩	૫૧

લગ્નપત્રવિષે વિશેષ સૂચના.

આ લગ્નપત્ર અયનાંશ ૨૨-૪૩ નું છેઃ એટલે હવે બાકી વર્ષ ૫૭ લગણુ તે કાયમ રહેવાનું ત્યાર બાદ તેમાં ફેર પડવાનો છે. એટલે ચાલતો સૈકો (૧૯૪૩) પૂર્ણ થઈ એકવિશમો સૈકો જ્યારે બેસસે ત્યારે લગ્નપત્રમાં જ્યોતિષના સુજ્ઞ જાણનારાઓએ ફેરફાર કરવો; તે એવી રીતે કે જ્યાં અંશ શુન્ય રાખેલ છે ત્યાં એક જાણવો; અને એક છે ત્યાં બેનો અંશ રાખવો, એમ છેવટ ૨૯ મો અંશ ઘટશે ત્યાં વૃષભ રાશીના શુન્ય અંશના આંક મૂકવા; અને વૃષભને ઓગણત્રીશમે અંશે મિથુન રાશીના શુન્ય અંશના આંક મૂકવા. એવી રીતે બધાં કોષ્ટક ફેરવી નાખવાં; અને મીન રાશીને ઓગણત્રીશમે અંશે મેષ રાશીના શુન્ય અંશના આંક લખવા એમ કરવાથી આવતા સૈકાનું પણ લગ્નપત્ર કાયમ રહેશે. દરેક સૈકેઉપર પ્રમાણે ફેરફાર કરવો પડેછે; તે ફેરફાર કરવામાં કંટાળો આવેતો આગળ બીજી રીતી બતાવવામાં આવશે. તે રીતથી લગ્નનું ગણિત આવતા સૈકામાં કરવું.

ઇષ્ટદિવસે લગ્ન જાણવાની રીત.

મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુળા, વૃશ્ચિક, ધનુસ્, મકર, કુંભ અને મીન એ બારે રાશીઓનાં લગ્નો એક રાત્રિદિવસમાં ભોગવાઈ જાયછે. જે રાશીનો સૂર્ય હોય; તે રાશીનું લગ્ન સૂર્યોદય વખતે હોયછે. અને તેથીજ સાતમી રાશીનું લગ્ન સૂર્યાસ્ત વખતે નક્કી આવેછે. આ લગ્ન લેવાની રીત સંસ્કૃત જ્યોતિષ શાસ્ત્રમાં ઘણી વિકટ કરેલી છે તે રીત અહીં બતાવવાથી ખરેખર કંટાળો ઉપજે તેમ છે, માટે તે રીત બતાવવી મોકુફ રાખી સેહેલી રીત અહીં દાખલ કરેલી છે.

જે દાહાડાનું લગ્ન કરવું હોય તે દહાડાની સૂર્યની રાશી તથા તેટલા અંશ (દિવસ) પંચાંગઉપરથી જોઇ કાઢવા. અને કેટલી રાશી તથા કેટલા અંશ સૂર્ય ચાલેલો છેઃ તે રાશી તથા તેટલા અંશનો કોઠો આની સાથે આપેલ લગ્નપત્રમાંથી જોઈ કાઢીને તે કોઠામાં જે આંક હોય તે આંક જૂદા માંડવા. પછી જે વખતનું લગ્ન કાઢવું હોય તે વખતની ઘડી તથા પળને તે કોઠાના આંક સાથે મેળવવાં[1]; અને તે મેળવતાં જે આંક આવે તે આંક અથવા તેને લગતો આંક આ લગ્નપત્રના કોઠા જોઈ કાઢતાં જે રાશીને જેટલે અંશે મળતો આવે તે રાશીના તેટલા અંશનું લગ્ન કહેવાયછે.

પ્રશ્ન. સંવત્ ૧૯૪૩ ના આષાડ વદિ ૭ શુક્રવારને દિવસે ઇષ્ટ ઘડી ૨૪ પળ ૧૦ વખતે કયું લગ્ન હશે?

જવાબ. પંચાંગની નકલમાં આષાડ સુદિ ૧૩ બુધવારને દિવસે ઘડી ૫૮ પળ ૨૪ પછી કર્ક રાશીના સૂર્ય થાયછે; એટલે પૂછેલે દિવસે સૂર્ય કર્કનો ચાલેછે. અને તેના અંશ અથવા દિવસ આઠ ગયાછે; કેમકે સૂર્ય છેક તેરસના પાછલા ભાગમાં બદલેછે તેથી તેરસનો દિવસ ગણવામાં લીધો નથી. પણ તે દિવસે પ્રભાતમાં સૂર્યની રાશી પટલાણી હોતતો તેરશ પણ ગયા દિવસની ગણત્રીમાં ગણાત. આ પ્રમાણે આગળ પણ અંશ ગણવામાં બરોબર કાળજી રાખવી.

---

૧ મેળવતાં અંકની સંખ્યા ૬૦ થી વધી જાયતો સાઠનો ભાગ આપવો.

ઉપર મુજબ કર્કરાશીના સૂર્યના દિવસ આઠ વિત્યાછે; માટે લગ્નપત્રમાં કર્કરાશીના આઠમા કોઠામાં આંક ૧૯-૧૯ લખેલા છે, તે જૂદા માંડીને તેની સાથે ઇષ્ટ ઘડીના આંક ૨૪-૧૦ ભેળવ્યાથી ૪૩-૨૯ થયા. લગ્નપત્રમાં ત્રેતાળીશ ઘડી અને ઓગણત્રીશ પળ ક્યાં છે? તે જોતાં એને લગતા* આંક વૃશ્ચિક રાશીને ૨૨ અંશે આવેછે માટે ૨૨ અંશે વૃશ્ચિકરાશીનું લગ્ન થયું.

અહીં લગ્ન લેવામાં ૭, ૨૨, ૪૩, ૩૪, એ રીતે ચાર આંક આવેછે; પણ બીજાનો હાલ ઉપયોગ ન હોતાં ફક્ત રાશી અને અંશ રાખવા. બાકીના આંક છોડી ન આપતાં ઇલાયદા રાખવા કારણકે આગળ મજકુર અંકોનો ઉપયોગ પડવાનો છે.


પ્રશ્ન. આષાડ વદિ ૭ શુક્રવારને દિવસે રાત્રીની ઇષ્ટ ઘડી ૪૪-૩૫ પળે કોઇનો જન્મ થયો હોય ત્યારે વેળા કેવી રીતે લેવી?

ઉત્તર. સંવત્ ૧૯૪૩ અને શકે ૧૮૦૮ છે; તે દિવસ પંચાંગમાં સાતમ શુક્રવાર ઘડી ૩૪-૨, રેવતી નક્ષત્ર ઘડી ૨૩-૫૧, સુકર્મન્ યોગ ઘડી ૩-૭ અને વિષ્ટિકરણ ઘડી ૩-૨૩ છે માટે નીચે મુજબ વેળામાં લખવું જોઇએ.

સંવત્ ૧૯૪૩ ના વર્ષે શકે ૧૮૦૮ પ્રવર્ત્તમાને આષાડમાસે કૃષ્ણપક્ષે સપ્તમ્યાં તિથૌ ભૃગવાસરે (૩૪-૨) રેવતી નક્ષત્રે (૨૩-૫૧) સુકર્મન્યોગે (૩-૭) વિષ્ટિકરણે સૂર્યોદયાદિષ્ટ ઘડી (૪૪-૩૫) સમયે અમુક ગૃહે અમુક નામની સ્ત્રીને પુત્રયાપુત્રીનો જન્મ થયો, એ પ્રમાણે વેળામાં લખવું જોઇએ. બાદ બાર ખંડવાળી કુંડળીમાં લગ્ન તથા તે વેળાના ગ્રહો લખવા.

પ્રશ્નમાં પૂછેલ દિવસે વૃશ્ચિક રાશીમાં સૂર્યના અંશ આઠ વીત્યા છે; એમ પેહેલા સવાલના જવાબમાં નક્કી કરાયું છે; માટે લગ્નપત્રમાં આઠમા અંશના કોઠામાં આંક ૧૯-૧૯ લખ્યા છે; તેમાં ઇષ્ટ ઘડી ૪૪-૩૫ ના આંક ભેળવ્યાતો ૩-૫૪ થયા; એને લગતા આંક મેષ રાશીને સાતે અંશે આવેછે; માટે તે વખતે મેષ લગ્ન સાતે અંશે આવ્યું. તે પ્રમાણે બાર ખાનાવાળી કુંડળીમાં સદરહુ લગ્ન લખ્યું, અને પંચાંગની નકલમાં તે દિવસના ગ્રહોની પ્રથમની રીતિપ્રમાણે જે જે રાશી આવી તે, તે રાશીના ગ્રહો આ નીચેની કુંડળીમાં દાખલ કરેલા છે.

જન્મકુંડલી. લગ્ન. ૦-૭



* લગ્નપત્રમાં સરખેસરખા આંકતો ક્યારેક મળશે; બાકી ઘડીના આંક સરખા મળશે. માટે વધારે મળતા આંક લેવા.

જાતકાભરણપ્રમાણે ગ્રહોનાં સાધારણ ફળ.

સૂર્યનું ફળ.

૧. પેહેલા ભાવમાં જેને સૂર્ય પડ્યો હોય તે માણસના વાળ ટુંકા, કામ કરવામાં આળશુ, સ્વભાવે ક્રોધી, શરીરે ઉંચા કદનો, મજબૂતીવાળો, શૂરવીર છતાં ક્ષમાવાળો, દયાવગરનો, અને તેની આંખો મ્હોટી તથા રોગવાળી હોયછે, પણ પેહેલા ભાવમાં જો કર્કરાશી હોયતો તે સખ્સની ચાલ સ્થિતિ વગરની હોયછે, જો સિંહ રાશી હોયતો તે રાત્રિનો થોડું દેખેછે, અને તુલા રાશી હોયતો દરિદ્રી થાયછે, અને તેના છોકરાઓ ઘણું કરીને જીવતા નથી.

૨. બીજા ભાવમાં જો સૂર્ય હોયતો તે માણસને દોલત, પુત્ર તથા વાહનનું સુખ કમતી હોયછે, તેની મતિ ટુંકી હોવાથી સજ્જનો તેની સાથે મિત્રતા કરતા નથી, અને તે બીજાને ઘેરવસી પોતાનું ગુજરાન ચલાવેછે.

૩. ત્રીજા ભાવમાં સૂર્ય પડ્યો હોયતો તે પુરૂષ ઘણું પ્રિય બોલનાર થાયછે; તેની પાસે ધનવાહન તથા નોકર પુષ્કળ હોયછે, અને શરીરમાં બળવાન હોયછે પણ તેના ભાઇઓ વધારે હોતા નથી.

૪. ચોથા ભુવનમાં સૂર્ય હોયતો તે મનુષ્યને સુખ, ધન, તથા વાહનની ખામી હોયછે, મુસાફરી વધારે વેઠવી પડેછે, અને તેનો પોતાના પિતાની સંગાથે બરાબર બનાવ રહેતો નથી.

૫. પાંચમા ભાવમાં જો સૂર્ય હોયતો તે માણસને સંતાનો થોડાં થાયછે, તેની મનોવૃત્તિ ભ્રાંતિવાળી હોયછે, અને તેનાથી સારાં કામો બની શકતાં નથી, જેથી તેને સુખ ન મળતાં આખરે તે મહાદેવની ભક્તિવાળો થાયછે.

૬. છઠ્ઠા ભાવમાં સૂર્ય રહ્યો હોયતો તે માણસને શત્રુઓ ગાંજી શકતા નથી, એટલુંજ નહીં પણ તે રાજ્યમાં મ્હોટો હુદ્દાદાર હોયછે. અને હમેશાં સુખ, પરાક્રમ, સારાં વાહન તથા મ્હોટાં બળવાળો થાયછે.

૭. સાતમા ભાવમાં સૂર્ય હોયતો તે માણસ દોલતહીણ, બે રૂપો, બ્હીકણ, રોગી, દુરાચારી, સુકેલાં શરીરવાળો, અને રાજાની પ્રીતિવગરનો થાયછે.

૮. આઠમા ભાવમાં રહેલો સૂર્ય માણસને નાન્હી આંખોવાળો, ઘણા શત્રુવાળો, બુદ્ધિહીણ, અત્યંત ક્રોધી, અને થોડા પૈસાવાળો કરેછે.

૯. નવમા સ્થાનમાં રવિ હોયતો તે માણસ હમેશાં ધર્મના કર્મમાં લાગેલો તેની બુદ્ધિ ઘણા સારા વિચારવાળી હોયછે, તેને પુત્ર તથા મિત્ર તરફનું સુખ પૂર્ણ થાયછે. અને તેને માતાના સંબંધમાં અનુકૂળતા થોડી હોયછે.

૧૦. દશમા ભાવમાં સૂર્ય રહેલો હોય તો સારી બુદ્ધિ, વાહન, ધન, પુત્રનું સુખ, સારા અલંકારો અને રાજાની મેહેરબાની મેળવીને સારો ઉપકાર કરાવેછે.

૧૧. અગીઆરમા ભાવમાં રહેલો સૂર્ય ગાયનનો શોખ, સારાં કામોમાં પ્રવૃત્તિ, ઉત્તમ કીર્તિ, પૂરતું ધન, અને રાજાતરફથી લાભ અપાવેછે.

૧૨. બારમા ભુવનમાં સૂર્ય હોયતો તેમાણસની આંખો તેજહીણ થાયછે, તેનું ચિત્ત પોતાના પિતા તરફ બહુ ખેંચાયછે, અને તેની બુદ્ધિ વિપરીત હોયછે.

ચંદ્રનું ફળ.

૧. પેહેલા ભાવમાં જો મેષ, વૃષભ, અથવા કર્કરાશી હોય અને તેમાં જો ચંદ્ર રહેતો હોયતો હોશીઆરી, સારૂં રૂપ, ધન, તથા ખાનપાન આપેછે, અને તે શિવાયનાં લગ્નમાં રહેલો ચંદ્ર તે માણસને છાકટો, નીચ, બેહેરો, ગાંડો અને મુંગો કરેછે.

૨. બીજા ભાવમાં રહેલો પૂર્ણ ચંદ્ર માણસને સુખ, સંતાન, ધન, વિનય, ચાતુર્યવાળી વાણી અને વિશાળ મતિ આપેછે. પણ જો ક્ષીણ ચંદ્ર હોય તો ઉપરથી વિપરીત ફળ આપેછે; અને મધ્યમ ચંદ્ર હોય તો મિશ્રિત ફળ આપેછે.

૩. ત્રીજા ભાવમાં પડેલો ચંદ્ર માણસને ઘાતકી, અભિમાની, લોભી, અલ્પમતિવાળો, પોતાની પોચ ન હોવાથી ભાઇઓનો આશ્રિત અને નિર્દય કરેછે.

૪. ચોથા ભાવમાં જેને ચંદ્ર હોય તેને ખેતીવાડીમાંથી ધનનો લાભ મળે; સ્ત્રી, વાહન તથા પુત્રનું સુખ મળે, અને તે દેવ તથા બ્રાહ્મણનો ભક્ત થાય.

૫. પાંચમા ભાવમાં જેને ચંદ્ર હોય તે જીતેંદ્રિય, સત્યવાદી, હમેશાં ખુશીમાં રેહેનાર, ધન તથા સંતાનનાં સુખવાળો, સુશીળ અને પદાર્થોનો સંગ્રહ કરનાર થાયછે.

૬. છઠ્ઠા ભુવનમાં રહેલો ચંદ્ર માણસને નિર્દય, ક્રોધી, આળશુ, કઠણ હૃદયવાળો, અને ખરાબ મનવાળો કરેછે. તેમજ તેના જઠરાગ્નિમાં પાચનશક્તિ ઓછી કરેછે અને તેને જારી ક્રોધ રહેવાથી તેના ઘણા શત્રુ પેદા થાયછે.

૭. સાતમા ભુવનમાં જેને ચંદ્ર હોય તે માણસ મહાઅભિમાની, કામાતુર, ક્ષીણ શરીરવાળો, અને ધન તથા વિવેકથી રહિત થાયછે.

૮. આઠમા ભાવમાં જેને ચંદ્ર હોય તે નાન્હા પ્રકારના રોગવાળો હોવાથી તેનું શરીર દહાડે દહાડે ક્ષીણ થતું જાયછે. તેનું ધન, ચોર, શત્રુ અને રાજા હરી લીએછે જેથી તે હમેશાં મનમાં બળતો રહેછે. અને તેના ચિત્તમાં નાન્હી તરેહના ઉદ્વેગ ઉપજવાથી તે વ્યાકુળ દશામાં આવી પડેછે.

૯. નવમા ભુવનમાં રહેલો ચંદ્ર માણસને સ્ત્રી, પુત્ર, તથા ધન વિગેરાનું સુખ આપેછે, પુરાણની કથા સાંભળવામાં પ્રીતિ ઉપજાવેછે; અને સારાં કામ કરવામાં તથા યાત્રા કરવામાં તેની મતિને પ્રેરેછે.

૧૦. દશમા ભાવમાં રહેલ ચંદ્ર રાજાપાસેથી ધનનો લાભ અપાવેછે, મ્હોટી કીર્તિ જમાવેછે, પરાક્રમ તથા સંતોષ આપેછે, અને સારાં શીલથી અખૂટ લક્ષ્મીનું સુખ આપેછે.

૧૧. અગીઆરમા ભાવમાં જેને ચંદ્ર હોય તે માણસને સર્વે ઠેકાણે માન મળેછે, અને અનેક તરેહનાં વાહનોનું સુખ થાયછે, તેની કીર્તિ તથા ગુણો વિખ્યાત હોયછે તે સર્વોપર ખુશી રહેછે. અને તેના શરીરમાં કોઈ પણ જાતનો રોગ થાયછે.

૧૨. બારમા ભાવમાં જેને ચંદ્ર હોય તે માણસ નઠારા સ્વભાવવાળો થાયછે તેની સાથે સજ્જનો સોબત રાખતા નથી, તેનાં નેત્રમાં કંઈ વિકાર ઉપજેછે અને તેને ગુસ્સો વધારે હોવાથી તેના શત્રુ ઘણા થાયછે.

મંગલનું ફળ.

૧. પેહેલા ભાવમાં રહેલો મંગળ મતિમાં વિભ્રમ ઉપજાવેછે, શરીરમાં ઘાવ કરાવેછે, સાહસમાં પ્રીતિ ધરાવેછે, અને ક્રોધી સ્વભાવ તથા ભટકવાનો ધંધો કરાવેછે.

૨. બીજા ભાવમાં જેને મંગળ હોય તે નઠારાની સોબત કરનાર, નઠારી બુદ્ધિવાળો અને ધન, દયા તથા સંપવગરનો થાયછે.

૩. ત્રીજા ભાવમાં પડેલો મંગળ માણસને રાજાની મેહેરબાનીનું ઉત્તમ સુખ, ઉદારતા, વખાણવાલાયક પરાક્રમ અને ધન આપેછે.

૪. ચોથા ભાવમાં મંગળ પડેલો હોય તે માણસને પોતાના મિત્ર તથા ઢોરાં તરફનો અસંતોષ રહેછે, મુસાફરીનું દુઃખ વધારે વેઠવું પડેછે. અને શરીરમાં રોગની પ્રબળતાને લીધે નબળાઈ વધતી જાયછે.

૫. પાંચમા ભાવમાં જેને મંગળ હોય તે માણસ વાત અને પિત્તના દરદથી હાલાક રહેછે, તેને પોતાની સ્ત્રી, પુત્ર તથા મિત્રથી થોડું સુખ મળેછે, અને તેની મતિ હમેશાં કોઇ કામમાં સ્થિર રહેતી નથી.

૬. છઠ્ઠા ભુવનમાં જેને મંગળ હોય તે માણસનો જઠરાગ્નિ પ્રબળ થાયછે; તેના શરીરમાં ક્રોધાવેશ વધારે હોયછે, તેની વિહાર કરવામાં વધારે ખુશી રહેછે, અને તેનો સત્પુરૂષોની સાથે સહવાસ વિશેષ હોયછે, જેથી તેના શત્રુઓ તેને ગાંજી શકતા નથી.

૭. સાતમા ભાવમાં જેને મંગળ હોય તેવા માણસને વૈરી તરફથી થતા નાની તરેહના અનર્થની ફિકર ગુદારતાં શરીરની તંદુરસ્તી રહેતી નથી અને પ્રિયાપર અમર્યાદ પ્રેમબંધનમાં બંધાઈ જવાથી તે આખરે દુઃખી થાયછે.

૮. આઠમા ભુવનમાં જેને મંગળ હોય તે માણસ નેત્રનાં અલ્પ સુખવાળો, મંદ નશીબવાળો તથા લોહીના બગાડથી થતી પીડાવાળો અને નેષ્ટ કામ કરનાર હોયછે, એટલુંજ નહીં પણ તે અવિવેકી હોવાથી સારા માણસોની નિંદા કરેછે.

૯. નવમા ભાવમાં જેને મંગળ હોય તેને રાજ્ય તરફનું સારૂં માન મળતાં તેની લોકોને મારવામાં વધારે પ્રવૃત્તિ થાયછે જેથી તેનું ધન તથા પુણ્ય ક્ષીણ થાયછે.

૧૦. દશમા ભાવમાં જેને મંગળ હોય તે માણસ રાજ્યમાં મોટા હુદ્દાપર તથા રાજાની તેનાપર પૂર્ણ પ્રીતિ હોયછે. નાની તરેહના આભૂષણોથી સુશોભિત રહેછે, અને

હમેશાં બીજાઓનો ઉપકાર કરવામાટે બનતો પ્રયત્ન કરેછે પણ વખતે તે સાહસ કામ પણ કરે ખરો.

૧૧. અગીઆરમા ભાવમાં પડેલો મંગળ માણસને હમેશાં ધન, નાના પ્રકારનાં વસ્ત્ર તથા વાહનો તરફનું પૂર્ણ સુખ આપેછે, રાજાની મેહેરબાની મેળવી આપેછે, અને ખૂબ લીલા લેર કરાવેછે.

૧૨. બારમા ભાવમાં જેને મંગળ હોય તે પોતાના મિત્રો સાથે વિરોધ કરનાર, નેત્રમાં રોગી, ક્રોધી, અલ્પ તેજવાળો, અને ઘણાં ખર્ચવાળો થાયછે.

બુધનું ફળ.

૧. પેહેલા ભાવમાં જેને બુધ હોય તે માણસ શાંતિવાળો, વિનયી, ઉદાર, સારી ચાલવાળો, અત્યંત ગંભીર, વિદ્વાન, કળા જાણનાર અને ઘણાં સંતાનવાળો થાયછે.

૨. બીજા ભાવમાં જેને બુધ હોય તે માણસ સુશીળ, ગુરૂ ભક્તિવાળો, પોતાની હુશીઆરીથી મ્હોટું સુખ મેળવનાર, દેખાવડો અને મહત્ત્વવાળો થાયછે.

૩. ત્રીજા ભાવમાં જેને બુધ પડેલો હોય તે પોતાનાં માણસો સાથે કુકર્મ કરેછે, મલિન ચિત્તવાળો હોયછે, તેને સુખ કમતી હોયછે, અને તે પોતાનો સ્વાર્થ સાધવામાં કુશળ હોયછે.

૪. ચોથા ભાવમાં જેને બુધ હોય તે માણસ, વાહન, ધન, તથા ધાન્યથી સુખી હોયછે, ગાયન તથા નાટા રંગમાં ખુશી રહેછે, અને વિદ્યારૂપી આભૂષણથી અતી શોભાયમાન હોયછે.

૫. પાંચમા ભાવમાં પડેલો બુધ માણસને પુત્રસુખ, મિત્રસુખ, વાદ કરવાની શક્તિ, સલાહ કરવામાં પ્રવીણતા, અને સજ્જનપણું આપેછે.

૬. છઠ્ઠા ભાવમાં જેને બુધ હોય તે માણસ તકરારી, રોગી, કઠણ ચિત્તવાળો, અનેક શત્રુના જથામાં રહેવાથી તપતાં મનવાળો અને આળશુ તથા દુ:ખીઓ હોયછે.

૭. સાતમા ભાવમાં પડેલ બુધવાળો માણસ સુશીળ, વૈભવવાળો, સત્યવાદી, અને સ્ત્રી પુત્ર તથા ધનનાં સંપૂર્ણ સુખવાળો થાયછે.

૮. આઠમા ભાવમાં પડેલો બુધ રાજાની મેહેરબાનીથી સઘળી સંપત્તિ મેળવી આપેછે, અભિમાન તથા લોકોની સંગાથે વિરોધ ઉપજાવેછે, અને ઘણીક જાતના પ્રયત્નોથી બીજાએકરેલકામનું ફળ લઈ લેવામાં તત્પર રહેછે.

૯. નવમા સ્થાનકમાં જો બુધ પડ્યો હોયતો માણસને ઉપકાર, વિદ્યા, તથા કળાથી સારૂં સન્માન અપાવેછે, નોકર, ધન અને છોકરાંઓ તરફનું સુખ આપેછે અને પૈસા ખરચવામાં ખુશી ઉપજાવેછે.

૧૦. દશમા ભાવમાં બુધ પડ્યો હોય તે બુદ્ધિમાન, ઉત્તમ કામ કરનાર, અનેક **પ્રકારનાં ઐશ્વર્યવાળો; રાજાનો માનીતો, અને સુંદર ભાષણ કરનાર થાયછે.**

૧૧. અગીઆરમા ભાવમાં જેને બુધ હોય તે માણુસ ભોગ ભોગવવામાં બંધાએલો, ઘણા પૈસાવાળો, નમ્રતાવાળો, હમેશાં આનંદી, સુશીળ, બળવાળો અને નાના પ્રકારની વિદ્યાવાળો થાયછે.

૧૨. બારમા ભુવનમાં જે માણુસને બુધ હોય તે માણુસ નિર્દય, મતલબી, કપટી, અને મેલા મનવાળો હોયછે, જેથી તેની સાથે સારા માણુસો મૈત્રી કરતા નથી.

ગુરૂનું ફળ.

૧. પેહેલા ભાવમાં જેને ગુરૂ હોય તે માણુસ રાજ્યમાનવાળો, વિદ્વાન, શાહાણો, કરેલા ઉપકારની બુજ કરનાર, ઉદાર મનવાળો અને દેખાવડો થાયછે.

૨. બીજા ભાવમાં પડેલ ગુરૂ માણુસને સારાં રૂપવાળો, વિદ્યાવાળો, ગુણ, તથા કીર્તિવાળો, ગંભીર, દાતાર, શ્રેષ્ઠ સ્વભાવવાળો, ધનાઢ્ય અને કોઇની સાથે જેનો દ્વેષ ના હોય તેવો કરેછે.

૩. ત્રીજા ભાવમાં પડેલો ગુરૂ કૃતઘ્નીપણું, દુર્જનપણું, લોભ, તથા જઠરાગ્નિ મંદતાને લીધે દુર્બલપણું અને સ્ત્રી તથા પુત્રની સાથે અસંતોષ ઉપજાવેછે.

૪. ચોથા ભાવમાં જેને ગુરૂ હોય તે માણુસ હમેશાં લોકો તરફથી માન, ધન તથા વાહનો મળવાથી ખુશીમાં રહેછે, અને રાજાની મેહેરબાનીથી દોલત મેળવેછે.

૫. પાંચમા ભુવનમાં પડેલો ગુરૂ માણુસને મિત્ર, પુત્ર, મંત્રવિદ્યા, વાક્ચાતુર્ય અને નાના પ્રકારનાં વાહનોથી સુખ આપેછે.

૬. છઠ્ઠા ભાવમાં જેને ગુરૂ હોય તે માણુસ ગાયનવિદ્યામાં આસક્ત શત્રુઓને હણનાર, તથા નશીબપર આધાર રાખવાથી નિરૂદ્યોગી થાયછે, અને તેને પોતાની કીર્તિ બહુ વાહાલી લાગેછે.

૭. સાતમા ભાવમાં પડેલ ગુરૂ માણુસને શાસ્ત્રપાઠી, વિનયી, સ્ત્રી, તથા ધનનાં સુખવાળો, રાજ્યમાન્ય અને કવિતા વિષે બહુ ખુશ થનાર કરેછે.

૮. આઠમા ભુવનમાં જેને ગુરૂ હોય તે માણુસ અત્યંત મેલો, ગરીબ સ્થિતિવાળો, મૂર્ખ, અવિનયી, આળશુ, ક્ષીણ શરીરવાળો અને સાધારણ ધંધો કરનાર થાયછે.

૯. નવમા ભાવમાં જેને ગુરૂ હોય તે માણુસ રાજ્યમાં મ્હોટો અધિકારી, પુણ્યવાન, ડાહ્યો, અનેક પ્રકારની કળામાં પ્રવીણ, આસ્તિક, અને બ્રાહ્મણની ભક્તિવાળો થાયછે.

૧૦. દશમા સ્થાનમાં જેને ગુરૂ પડ્યો હોય તેને રાજ્ય, વાહન, મિત્ર, તથા સ્ત્રીનું પૂર્ણ સુખ હોયછે, અને તેનો યશ ઘણો વધતો જાયછે.

૧૧. અગીઆરમા ભાવમાં પડેલ ગુરૂ માણુસને સત્તા, પૈસો, સારાં વસ્ત્રાદિક અને રાજાની મેહેરબાની મેળવીને વાહનોની સાહેબી અપાવેછે.

૧૨. બારમા ભુવનમાં જેને ગુરૂ હોય તે માણુસ ચિંતા, ઉતાપ, તથા ગુસામાં ગળક હોયછે, તેમજ પાપી, આળસુ, નિર્લજ તથા બુદ્ધિહીણુ હોયછે; અને તે કોઇ પણ ઠેકાણેથી માન પામતો નથી.

શુક્રનું ફળ.

૧. પેહેલા ભાવમાં પડેલ શુક્ર માણુસને કળામાં હુશીઆરી, વાચાળ, શક્તિ, દોલત અને રાજાતરફથી માન અપાવેછે.

૨. બીજા ભાવમાં જેને શુક્ર હોય તે માણુસ સારૂં સારૂં ખાવામાં પ્રીતિવાળો, સારાં કપડાં કે ઘરેણાં પેહેરવામાં શોકીન, નાન્હા પ્રકારની વિદ્યાવાળો, અને ધનિક થાયછે.

૩. ત્રીજા ભાવમાં પડેલો શુક્ર માણુસને શરીરે પાતળો, લોભી, દુષ્ટ મતિવાળો, નિર્ધ્રન, ખરાબ આચરણુવાળો, અને સતપુરૂષોની સાથે વિરોધ ઉપજાવનારો કરેછે.

૪. ચોથા ભાવમાં જેને શુક્ર હોય તે દેવની ભક્તિવાળો, ધનધાન્યવાળો, મિત્ર સંબંધી સુખવાળો, અને ઘણાં ઢોરાંવાળો થાયછે.

૫. પાંચમા ભાવમાં જેને શુક્ર હોય તે કવિત્વ શક્તિવાળો, દોલતવાળો, પુત્રનાં સુખવાળો, અને રાજાનો માનકારી થાયછે.

૬. છઠ્ઠા ભાવમાં જેને શુક્ર હોય તે માણુસને ગૃહસ્થાશ્રમનું સુખ કમતી હોયછે અને તે બળ વગરનો હોયછે.

૭. સાતમા ભાવમાં જેને શુક્ર હોય તે માણુસ હુશીઆર, પાણીમાં ક્રીડા કરનાર અને ગણિકાની સાથે દોસ્તી રાખનાર થાયછે.

૮. આઠમા ભાવમાં જેને શુક્ર હોય તે ખુશ ચેહેરાવાળો, રાજ્યમાં માનકારી, લુચ્ચો, અત્યંત નિર્ભય, અભિમાની, અને વખતે સ્ત્રી તથા પુત્ર તરફની ફીકરવાળો થાયછે.

૯. નવમા ભાવમાં જેને શુક્ર હોય તે માણુસનું ધન, અભ્યાગત, ગુરૂ, તથા દેવની પૂજામાં અને તીર્થોમાં વપરાતાં હમેશાં તે ખુશીમાં રહેછે. અને તે ક્રોધ રહિત મુનિના જેવો વેશ પેહેરેછે.

૧૦. દશમા ભાવમાં જેને શુક્ર પડેલો હોય તે માણુસ શ્રેષ્ઠ ભાગ્યવાળો. તથા, સર્વત્ર આદરમાન પામનાર પોતાના ધર્મમાં નિષ્ઠાવાળો અને ધનિક થાયછે.

૧૧. અગીઆરમાં ભાવમાં પડેલો શુક્ર માણુસને ગાયન તથા નાટારંગમાં શોક ઉપજાવેછે, હમેશાં વિચાર રખાવેછે, અને પોતાના ધર્મકર્મમાં લીન કરેછે.

૧૨. બારમા ભાવમાં જેને શુક્ર હોય તે માણુસ સતકર્મથી રહિત, સર્વે સાથે વિરોધ કરનાર, વિષયી, નિર્દય અને અસત્યવાદી હોયછે.

શનીનું ફળ.

૧. પેહેલા ભાવમાં પડેલ શની માણસને રોગી, ક્ષીણ શરીરવાળો, અને નિર્ધન કરેછે, પણ જો શની તુળારાશીનો, કુંભ અથવા મકર રાશીનો હોય તો, કોઇ નાન્હાં સરખાં ગામનો ધણી બનાવેછે.

૨. બીજા ભાવમાં જેને શની હોય તે માણુસ વ્યસની હોયછે; અને તેનો સારા માણુસો સંગ કરતા નથી જેથી તે ઘણી ફિકર ભોગવેછે, પણ જો તે દેશાંતરમાં જાય તો ત્યાં બીજા રાજાતરફથી માન પામેછે.

૩. ત્રીજા ભાવમાં જેને શની હોય તે માણુસ રાજાનો માન્ય, ગરાશીઓ, બહુ પરાક્રમી, અને ઘણાં માણુસોનું પાલન કરનાર થાયછે.

૪. ચોથા ભાવમાં પડેલો શની માણુસને વાતપિત્તના વિકારથી ક્ષીણ બળવાળો, દુરાચારી, આળશુ, સર્વે સાથે કંકાસ ઉપજાવવાથી પચાએલાં મનવાળો અને મલિન ચિત્તવાળો કરેછે.

૫. પાંચમા ભાવમાં પડેલ શની માણુસને હમેશાં રોગવડે ક્ષીણ કાયાવાળો, નિર્ધન, સુખની ખામીવાળો અને પુત્રનાં થોડાં સુખવાળો કરેછે.

૬. છઠ્ઠા ભાવમાં જેને શની હોય તે માણુસ શત્રુ વર્ગને જીતનાર, ગુણજ્ઞ, ડાહ્યા માણુસોની આજ્ઞા પાળનાર, પુષ્ટ શરીરવાળો, અને પાચન શક્તિવાળો થાયછે.

૭. સાતમા ભાવમાં જેને શની હોય તે માણુસ વ્યાધીને લીધે, દુર્બળ કાયાવાળો, હલકા માણુસની સલાહ લેનારો અને સ્ત્રી તરફનાં દુઃખવાળો થાયછે.

૮. આઠમા ભાવમાં જેને શની હોય તે કૃશ શરીરવાળો, દાદરના દરદવાળો, સંતોષ તથા ભયવગરનો અને આળશુ થાયછે.

૯. નવમા ભાવમાં પડેલ શની માણુસને ધર્મમાં પ્રીતીવાળો શરીરમાં કોઈ જાતની ખોટવાળો, દુર્બુદ્ધિવાળો અને ખુબસુરત કરેછે.

ઉપર પ્રમાણે હોરાકુંડલીમાં બીજા ગ્રહોની જે જે રાશીઓ મળી તે તે રાશીઓના ગ્રહો નીચે લખેલ હોરાકુંડલીમાં દાખલ કર્યા છે અને તેવીજ રીતે દ્રષ્કાણુ, તથા ત્ર્યંશાંશની સારણી ઉપરથી ગ્રહોની રાશીની તપાસ કરતાં જે જે રાશીના ગ્રહો મળ્યા તે તે રાશીના ગ્રહો નીચે લખેલ પોતપોતાની કુંડલીમાં દાખલ કરવામાં આવ્યા


છે. અને તેના સ્વામી જે મળ્યા તે સર્વે પોતપોતાની રાશીસહિત પાને ૪૩ સપ્તકવર્ગ-પતિના કોઠામાં લખેલા છે.



લગ્ન ૦-૭-૨૦-૫ આવેલું છે માટે સપ્તમાંશ કુંડલીની સારણીમાં મેષ રાશીને આઠે અંશે તપાસતાં વૃષ રાશી તથા તેનો સ્વામી શુક્ર કર્યો છે, એવું જાણવામાં આવેછે. તે વાસ્તે સપ્તમાંશ કુંડલીમાં વૃષ લગ્ન થયું અને તેનો સ્વામી મંગળ થયો. તેમાંથી વૃષ લગ્ન નીચે લખેલ સપ્તમાંશ કુંડલીમાં દાખલ કર્યું, અને તેના સ્વામી (શુક્ર) ને તેની રાશી સહિત સપ્તકવર્ગપતિના કોઠાના ચોથા ખાનામાં દાખલ કરેલ છે.

સૂર્ય ૩-૮-૨૬-૯ છે એટલે સપ્તમાંશ કુંડલીની સારણીમાં કર્ક રાશીને આઠમે અશે લખેલ રાશી (કુંભ) નો સૂર્ય સપ્તમાંશ કુંડલીમાં થયો, અને તેનો સ્વામી શની થયો માટે નીચે લખેલ સપ્તમાંશ કુંડલીમાં સૂર્ય કુંભ રાશીનો કર્યો તથા તેના સ્વામી (શની) ને તેની રાશી સહિત પાને ૪૩ સપ્તકવર્ગપતિના કોઠાના ખાના ચોથામાં દાખલ કરેલ છે.

ઉપરની રીતે સપ્તમાંશ કુંડલીમાં સારણી ઉપરથી બીજા ગ્રહોની જે રાશીઓ મળી તે રાશીના બીજા ગ્રહો નીચેની સપ્તમાંશ કુંડલીમાં દાખલ કર્યાછે તથા તે ગ્રહોના સ્વામી જે મળ્યા તેને સપ્તકવર્ગપતિના કોઠામાં તેમની રાશી સહિત લખ્યા છે. અને નવમાંશ તથા દ્વાદશાંશ કુંડલીમાં પણ ગ્રહોની રાશી ઉપરની રીતે સારણી ઉપરથી જે મળી તેપ્રમાણે નીચેની નવમાંશ તથા દ્વાદશાંશ કુંડલીમાં ગ્રહો અને લગ્ન દાખલ કરેલ છે, અને સારણી ઉપરથી તેના જે સ્વામી મળ્યા તેને તો પેહેલાની પેઠે પોતપોતાની રાશી સહિત સપ્તકવર્ગ પતિના કોઠામાં દાખલ કર્યા છે.



હોરા, દ્રષ્કાણ, સપ્તમાંશ, નવમાંશ, દ્વાદશાંશ અને ત્ર્યંશાંશ કુંડલીની સારણી ઉપરથી સૂર્યાદિ ગ્રહોનાં જે જે સ્વામી મળ્યા છે તે સર્વે આ નીચેના કોઠામાં પોતપોતાની રાશી સાથે દાખલ કર્યાછે, અને જન્મકુંડલીમાં સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને શની તથા લગ્ન ક્રમથી કર્ક, મેષ, કન્યા, સિંહ, કન્યા, મિથુન, મિથુન અને મેષ એ રાશીના છે માટે સૂર્યાદિ ગ્રહોની રાશીના સ્વામી ચંદ્ર, મંગળ, બુધ, સૂર્ય, બુધ, બુધ, બુધ, અને મંગળ એ ક્રમપ્રમાણે થાયછે. તેઓને પણ પોતાની રાશી સહિત આ નીચેના કોઠામાં સર્વ કરતાં પ્રથમના ખાનામાં લખેલાછે, કારણ કે જન્મકુંડલીમાં રહેલ ગ્રહોની રાશીના સ્વામી તથા હોરા વગેરાંની રાશીના સ્વામી એ સર્વે મળી “સપ્તકવર્ગપતિ” કહેવાયછે. અને સઘળાનો ઉપયોગ બળ વર્તવામાં આવેછે માટે તે સર્વે એકંદર લખવા જોઇએ.

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	લ.	
૪ ચં.	૧ મં.	૬ બુ.	૫ સૂ.	૬ બુ.	૩ બુ.	૩ બુ.	૧ મં.	જન્મગ્રહની રાશીના સ્વામી.
૪ ચં.	૫ સૂ.	૫ સૂ.	૪ ચં.	૪ ચં.	૫ સૂ.	૪ ચં.	૫ સૂ.	હોરાના ગ્રહની રાશીના સ્વામી.
૪ ચં.	૧ મં.	૨ શુ.	૫ સૂ.	૧૦ શ.	૩ બુ.	૧૧ શ.	૧ મં.	દ્રષ્કાણના ગ્રહોની રાશીના સ્વામી.
૧૧ શ.	૨ શુ.	૪ ચં.	૫ સૂ.	૨ શુ.	૪ ચં.	૯ ગુ.	૨ શુ.	સપ્તમાંશ ”
૬ બુ.	૨ શુ.	૩ બુ.	૨ શુ.	૧ મં.	૯ ગુ.	૨ શુ.	૩ બુ.	નવમાંશ ”
૭ શુ.	૨ શુ.	૧ મં.	૬ બુ.	૧૦ શ.	૭ શુ.	૧૨ ગુ.	૩ બુ.	દ્વાદશાંશ ”
૬ બુ.	૧ મં.	૧૨ ગુ.	૧ મં.	૬ બુ.	૧૧ શ.	૩ બુ.	૧૧ શ.	ત્ર્યંશાંશ ”

સ્થાન બલ કરવાની રીતિ.

જન્મ, હોરા, દ્રષ્કાણ, સપ્તમાંશ, નવમાંશ, દ્વાદશાંશ અને ત્ર્યંશાંશ એ સર્વેની રાશીની તથા તેમના સ્વામિની સપ્તકવર્ગપતિના કોઠામાં તપાસ કરવી કે જેનું બળ કરવાનું હોય તે ગ્રહ પોતાની ઉચ્ચની રાશીનો, નીચની રાશીનો અથવા મૂલ ત્રિકોણી કે પોતાની રાશીનો અથવા અતિમિત્ર વગેરાંની રાશીમાં છે. એમ તપાસ કરતાં જે ગ્રહ પોતાની ઉચ્ચની રાશીનો હોય તેનું બળ ૧-૦-૦ થાયછે. નીચની રાશીનો હોયતો તે ગ્રહનું કાંઈ પણ બળ થતું નથી. મૂલત્રિકોણી હોયતો ૦-૪૫-૦ સ્વગ્રહી હોયતો ૦-૩૦-૦ અતિમિત્રની રાશીમાં હોયતો ૦-૨૨-૩૦ મિત્રની રાશીમાં હોયતો ૦-૧૫-૦ સમની રાશીમાં હોયતો ૦-૭-૩૦ શત્રુની રાશીમાં હોયતો ૦-૩-૫૨ અને અતિશત્રુની રાશીમાં હોયતો ૦-૧-૫૨ નું બળ થાયછે.

ઉપરપ્રમાણે જન્મ, હોરા, દ્રષ્કાણ, સપ્તમાંશ, નવમાંશ, દ્વાદશાંશ અને ત્ર્યંશાંશના ગ્રહોનું જૂદું જૂદું પોતપોતાની રાશી તથા સ્વામી ઉપરથી ઉચ્ચ, નીચ, મૂલત્રિકોણી, સ્વગૃહી, અતિમિત્ર અને મિત્ર વગેરે રાશીના ગ્રહો ઉપરથી જે બળ મળે તેનું ઐક્ય (સરવાળો) કરવાથી સ્થાનબળનું ઐક્ય થાયછે.

ક્રમપ્રમાણે બળનો કોઠો.

ઉચ્ચની રાશીનું બળ.	નીચની રાશીનું બળ.	મૂલત્રીકોણ રાશીનું બળ.	પોતાની રાશીનું બળ.	અતિમિત્ર રાશીનું બળ.	મિત્રની રાશીનું બળ.	સમની રાશીનું બળ.	શત્રુની રાશીનું બળ.	અતિ શત્રુ રાશીનું બળ.
૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૪૫	૩૦	૨૨	૧૫	૭	૩	૧
૦	૦	૦	૦	૩૦	૦	૩૦	૪૫	૫૨

સ્થાનબળનું ઉદાહરણ.

જન્મકુંડલીના સપ્તકવર્ગપતિના કોઠામાં તપાસ કરતાં સૂર્યની રાશી કર્ક અને તેનો સ્વામી ચંદ્ર છે એવું માલમ પડેછે માટે કર્કરાશીનો સૂર્ય ઉચ્ચની રાશીનો, નીચની રાશીનો, મૂલત્રિકોણી અથવા સ્વગૃહી કહેવાય નહિ, બાકી અતિમિત્રની રાશીમાં છે. કારણ કે સપ્તકવર્ગપતિના કોઠામાં સૂર્ય ચંદ્રની રાશીમાં લખેલ છે જેથી તેનો સ્વામી પણ ચંદ્ર થાયછે, તે ચંદ્ર તાત્કાલિક મૈત્રીચક્રમાં સૂર્યનો અતિમિત્ર થયો છે એટલે જન્મકુંડલીમાં સૂર્યનું બળ ૦-૨૨-૩૦ થયું.

ચંદ્ર જન્મકુંડલીના સપ્તકવર્ગપતિના કોઠામાં મેષ રાશીનો છે અને તેનો સ્વામી મંગળ છે, માટે મેષ રાશીનો ચંદ્ર ઉચ્ચની રાશીનો કે નીચની રાશીનો, મૂલત્રિકોણી કે સ્વગૃહી એમાંનો કાંઇ કહેવાય નહીં, બાકી શત્રુની રાશીમાં છે એમ કહેવાય, કેમકે ચંદ્ર મંગળની રાશીમાં છે અને મંગળ ચંદ્રનો તાત્કાલિક મૈત્રિચક્રમાં શત્રુ થયોછે, જેથી જન્મકુંડલીમાં શત્રુની રાશીમાં રહેલ ચંદ્રનું ૦-૩-૪૫ બળ થયું.

મંગળ જન્મગ્રહના સપ્તકવર્ગપતિના કોઠામાં કન્યારાશીનો અને તેનો સ્વામી બુધ કરેલોછે, તેથી તેપણ ઉચ્ચની રાશી વા નીચની રાશી મૂલત્રિકોણી વા સ્વગૃહી નથી, પરંતુ તાત્કાલિક મૈત્રીચક્રમાં મંગલનો બુધ સમ થયોછે. માટે સમની રાશીનો કહેવાય. જેથી સમની રાશીના મંગળનું બળ ૦-૭-૩૦ થયું.

બુધ સપ્તકવર્ગપતિના કોઠામાં સિંહ રાશીનો છે અને તેનો સ્વામી સૂર્ય છે માટે બુધ અતિમિત્ર (સૂર્ય) ની રાશીનો ઠરેછે; કેમકે બુધનો તાત્કાલિક મૈત્રીચક્રમાં સૂર્ય અતિમિત્ર થયોછે એટલે જન્મકુંડલીમાં સૂર્યનું બળ ૦-૨૨-૩૦ થયું.

બૃહસ્પતિ જન્મગ્રહના સપ્તકવર્ગપતિના કોઠામાં કન્યાનો અને બુધની રાશીમાં છે. એટલે તાત્કાલિક મૈત્રિચક્રમાં ગુરૂનો બુધ સમ હોવાથી ગુરૂ સમની રાશીમાં છે એમ થયું, તે કારણ ગુરૂનું બળપણ સમની રાશીપ્રમાણે ૦-૭-૩૦ થયું.

શુક્ર જન્મગ્રહની રાશીના સપ્તકવર્ગપતિના કોઠામાં મિથુન રાશીનો અને તેનો સ્વામી બુધ કર્યોછે, તે વાસ્તે અતિમિત્રની રાશીનો શુક્ર છે, કેમકે તાત્કાલિક મૈત્રિચક્રમાં શુક્રનો બુધ અતિમિત્ર થયો છે, માટે જન્મકુંડલીમાં શુક્રનું બળ ૦-૨૨-૩૦ થયું.

શની પણ જન્મગ્રહોના સપ્તકવર્ગપતિના કોઠામાં મિથુન રાશીનો છે અને તેનો સ્વામી બુધ તેમાંજ કરેલ છે એટલે ઉચ્ચની રાશી કે નીચની રાશી મૂલત્રિકોણી કે સ્વગૃહી તેમાંથી એકેમાં નથી; આકી અતિમિત્ર (બુધ) ની રાશીમાં છે, કારણ કે તાત્કાલિક મૈત્રિચક્રમાં શનીનો બુધ અતિમિત્ર થયો છે (જુઓ પાને ૪૦ કોઠો) તેથી અતિમિત્રની રાશીમાં રહેલ શનીનું બળ ૦-૨૨-૩૦ થયું.

હોરાકુંડલીના ગ્રહોના સપ્તકવર્ગપતિના કોઠામાં સૂર્ય કર્ક રાશીમાં છે, અને તેનો સ્વામી ચંદ્ર કર્યો છે તેથી સૂર્ય ઉચ્ચની રાશી, નીચની રાશી, મૂલત્રિકોણ રાશી અથવા પોતાની રાશી એમાંની એકે રાશીનો કહેવાય નહિં, આકી અતિમિત્ર (ચંદ્ર) ની રાશીનો કહેવાય. એમ તાત્કાલિક મૈત્રિચક્રમાં જોવાથી પ્રતીતિ થાયછે, માટે હોરા-કુંડલીમાં સૂર્યનું બળ ૦-૨૨-૩૦ થયું. એવીજ રીતે હોરકુંડલીમાં બીજા ગ્રહોનું તથા સપ્તમાંશ વગેરે કુંડલીમાં સર્વે ગ્રહોનું બલ કરી આ નીચેના કોઠામાં લખ્યું છે, અને તેનો સરવાળો કરી તેનું ઐક્ય પણ છેવટના ખાનામાં દાખલ કરેલ છે.

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	
૦ ૨૨ ૩૦	૦ ૩ ૪૫	૦ ૭ ૩૦	૦ ૨૨ ૩૦	૦ ૭ ૩૦	૦ ૨૨ ૩૦	૦ ૨૨ ૩૦	જન્મકુંડલીના ગ્રહોનું બળ.
૦ ૨૨ ૩૦	૦ ૨૨ ૩૦	૦ ૨૨ ૩૦	૦ ૧ ૫૨	૧ ૦ ૦	૦ ૭ ૩૦	૦ ૭ ૩૦	હોરાકુંડલીના ,,
૦ ૨૨ ૩૦	૦ ૭ ૩૦	૦ ૨૨ ૩૦	૦ ૨૨ ૩૦	૦ ૦ ૦	૦ ૨૨ ૩૦	૦ ૩૦ ૦	દ્રષ્કાણ કુંડલીના ,,
૦ ૭ ૩૦	૧ ૦ ૦	૦ ૦ ૦	૦ ૨૨ ૩૦	૦ ૭ ૩૦	૦ ૭ ૩૦	૦ ૧૫ ૦	સપ્તમાંશ કુંડલીના ,,
૦ ૧૫ ૦	૧ ૦ ૦	૦ ૭ ૩૦	૦ ૨૨ ૩૦	૦ ૭ ૩૦	૦ ૧૫ ૦	૦ ૭ ૩૦	નવમાંશ કુંડલીના ,,
૦ ૦ ૦	૧ ૦ ૦	૦ ૩૦ ૦	૦ ૩૦ ૦	૦ ૦ ૦	૦ ૩૦ ૦	૦ ૧૫ ૦	દ્વાદશાંશ કુંડલીના ,,
૦ ૧૫ ૦	૦ ૩ ૪૫	૦ ૭ ૩૦	૦ ૧૫ ૦	૦ ૭ ૩૦	૦ ૭ ૩૦	૦ ૨૨ ૩૦	ત્ર્યંશાંશ કુંડલીના ,,
૧ ૪૫ ૦	૩ ૩૭ ૩૦	૧ ૩૭ ૩૨	૨ ૧૬ ૫૨	૧ ૩૦ ૦	૧ ૫૨ ૩૦	૨ ૦ ૦	સર્વ બળનો સરવાળો.

સારણી ઉપરથી મધ્યાયુ કરવાની રીત.

જે ગ્રહનું અથવા લગ્નનું આયુષ્ય કરવું હોય તે ગ્રહના તથા લગ્નના અંશ[1] કરવા તે અંશની સંખ્યા જ્યારે ૪૦ કરતાં વધારે થઇ જાય ત્યારે તેમાંથી ૪૦ નો ભાગ આપી દેવો આપ્રમાણે કરતાં ગ્રહ અથવા લગ્નના જે અંશ બાકી રહે તે પ્રમાણનો અંશની સારણીમાંથી કોઠો લેઈ તેમાંથી વર્ષ, માસ, દિવસ, ઘટી અને પળના આંક લખ્યાછે તે લેવા અને પછીથી ગ્રહ અથવા લગ્નની જે પ્રમાણની કળા હોય તે પ્રમાણનો કોઠો કળાની સારણીમાંથી લેઈ તેના વર્ષાદિ આંકને અંશની સારણીમાંથી મળેલ વર્ષાદિ આંકમાં મેળવવા.[2] અને ગ્રહ તથા લગ્નની જે વિકળા હોય તેને ૩ થી ગણી ૧૦૦ વડે ભાગ દેતાં દિવસ, ઘટી તથા પળરૂપ જે ત્રણ આંક મળે તેને પણ અંશ અને કળાની સારણીનો સરવાળો કરવાથી આવેલ વર્ષાદિક આયુષ્યના દિવસાદિક ત્રણ આંકમાં મેળવવા. એટલે ગ્રહોનું મધ્યમ આયુષ્ય શેહેલી[3] રીતથી આવેછે. આપ્રમાણે આવેલ સર્વે ગ્રહ તથા લગ્નના આયુષ્યનો સરવાળો કરવાથી મધ્યાયુની કુલ સંખ્યા થાયછે.

---

૧ રાશીને ૩૦ શેં ગુણી તે નીચેના અંશ તેમાં મેળવ્યાથી અંશ થાયછે. ૨ અંશની સારણીના અંકને કળાની સારણીના અંક સાથે મેળવતાં ઘડીની સંખ્યા ૬૦ કરતાં વધે તો ૬૦ કે ભાગી લાધે તે દિવસમાં મેળવવા. અને દિવસની સંખ્યા ૩૦ કરતાં વધે તો ૩૦ નો ભાગ આપી લાધે તે માસમાં મેળવવા અને માસની સંખ્યા બાર કરતાં વધે તો ૧૨ થી ભાગ લેઈ લાધે તે અંક વર્ષમાં મેળવવા. ૩ સંસ્કૃત જ્યોતિષ ગ્રંથમાં આયુષ્ય કરવાની રીત ઘણી વિકટ હોવાને લીધે તે પ્રાચીન રીત છોડી સેહેલાઈ થવામાટે નવી સારણી આ ગ્રંથમાં દાખલ કરેલી છે.

અંશની સારિણી.

	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
વર્ષ	૦	૦	૦	૧	૧	૧	૨	૨	૨	૩	૩	૩	૩	૪	૪	૪	૫	૫	૫	૬
માસ	૩	૭	૧૦	૨	૬	૯	૧	૪	૮	૦	૩	૭	૧૦	૨	૬	૯	૧	૪	૮	૦
દિવસ	૧૮	૬	૨૪	૧૨	૦	૧૮	૬	૨૪	૧૨	૦	૧૮	૬	૨૪	૧૨	૦	૧૮	૬	૨૪	૧૨	૦
ઘડી	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
પળ	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
	૬	૬	૬	૭	૭	૭	૮	૮	૮	૯	૯	૯	૯	૧૦	૧૦	૧૦	૧૧	૧૧	૧૧	૧૨
	૩	૭	૧૦	૨	૬	૯	૧	૪	૮	૦	૩	૭	૧૦	૨	૬	૯	૧	૪	૮	૦
	૯	૬	૨૪	૧૨	૦	૧૮	૬	૨૪	૧૨	૦	૧૮	૬	૨૪	૧૨	૦	૧૮	૬	૨૪	૧૨	૦
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

કળાની સારિણી.

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧
૧	૩	૫	૭	૯	૧૦	૧૨	૧૪	૧૬	૧૮	૧૯	૨૧	૨૩	૨૫	૨૭	૨૮	૦	૨	૪	૬
૪૮	૩૬	૨૪	૧૨	૦	૪૮	૩૬	૨૪	૧૨	૦	૪૮	૩૬	૨૪	૧૨	૦	૪૮	૩૬	૨૪	૧૨	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨	૨	૨	૨	૨	૨	૨
૭	૯	૧૧	૧૩	૧૫	૧૬	૧૮	૨૦	૨૨	૨૪	૨૫	૨૭	૨૯	૧	૩	૪	૬	૮	૧૦	૧૨
૪૮	૩૬	૨૪	૧૨	૦	૪૮	૩૬	૨૪	૧૨	૦	૪૮	૩૬	૨૪	૧૨	૦	૪૮	૩૬	૨૪	૧૨	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬	૫૭	૫૮	૫૯	૬૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨	૩	૩	૩	૩	૩	૩	૩	૩	૩	૩	૩
૧૩	૧૫	૧૭	૧૯	૨૧	૨૨	૨૪	૨૬	૨૮	૦	૧	૩	૫	૭	૯	૧૦	૧૨	૧૪	૧૬	૧૮
૪૮	૩૬	૨૪	૧૨	૦	૪૮	૩૬	૨૪	૧૨	૦	૪૮	૩૬	૨૪	૧૨	૦	૪૮	૩૬	૨૪	૧૨	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

મધ્યાયુના દાખલા.

આગળ પાને ૨૬ ગણિતથી આવેલ સ્પષ્ટ સૂર્ય ૩–૮–૨૬–૯ ના અંશ કર્યા તો ૯૮–૨૬–૯ થયા તે ૪૦ કરતાં વધારે છે માટે તેમાંથી ૪૦ નો ભાગ બાદ કરતાં બાકી ૧૮–૨૬–૯ રહ્યા. અહિં અંશ ૧૮ છે માટે અંશની સારણીમાંથી ૧૮ મા કોઠાના વર્ષાદિક આંક ૫–૪–૨૪–૦–૦ લીધા. તેમાં કળાની સારણીમાંથી સૂર્યની કળા ૨૬ છે માટે ૨૬ મા કોઠાના વર્ષાદિ આંક ૦–૧–૧૫–૦–૦ મેળવ્યા તો ૫–૬–૯–૦–૦ વર્ષાદિ અંક આવ્યા તેમાં સૂર્યની વિકળા ૯ ને ત્રણે ગુણી ૧૦૦ થી ભાગ લેઈ જે દિવસ ઘટી તથા પળ મળે તે મેળવવાના છે. માટે તેનું નીચેપ્રમાણે ગણિત કરી બતાવ્યું છે. ૯×૩÷૧૦૦=$\frac{૨૭}{૧૦૦}$ દિવસ થયા. હવે $\frac{૨૭}{૧૦૦}$×$\frac{૬૦}{૧}$=૧૬$\frac{૨૦}{૧૦૦}$ ઘડી આવી. $\frac{૨૦}{૧૦૦}$×$\frac{૬૦}{૧}$=૧૨ આવ્યા. તે પળ આવ્યાં. માટે ૦–૧૬–૧૨ અનુક્રમે દિવસ ઘડિ તથા પળ આવ્યાં. તેને અંશ તથા કળાના કોઠાના સરવાળા ૫–૬–૯–૦–૦ ના દિવસાદિક અંક ૯–૦–૦ માં મેળવ્યા તો ૫–૬–૯–૧૬–૧૨ થયા એજ સૂર્યનું મધ્યાયુ થયું.

આગળ પાને ૩૧ આવેલ સૂક્ષ્મ લગ્ન ૦–૭–૨૦–૫ ના અંશ કરતાં ૭–૨૦–૫ થયા. અને અંશની સારણીમાંથી સાતમા કોઠાના વર્ષાદિક આંક ૨–૧–૬–૦–૦ લીધા. અને કળાની સારણીના ૨૦ મા કોઠાના આંક ૦–૧–૬–૦–૦ ની સાથે મેળવ્યા તો ૨-૨-૧૨-૦-૦ આવ્યા. હવે લગ્નની વિકળા ૫ ને ૩ થી ગુણ્યા તો ૧૫ આવ્યા તેને ૧૦૦ વડે ભાગ દેતાં કાંઈપણ મળતું નથી માટે દિવસ ૦ થયા. હવે ભાગ દેતાં રહેલ આંક ૧૫ ને ૬૦ ગુણી વળી ૧૦૦ થી ભાગ દેતાં ૯ લાધા તે ઘડી આવી અને શેષાંક કાંઇ રહ્યો નહીં માટે પળનો પણ આંક ૦ મળ્યો એમ કુલ આંક ૦–૯–૦ દિવસાદિકના મળ્યા. તેને અંશ તથા કળાની સારણીના સરવાળા ૨–૨–૧૨–૦–૦ માં ઉપર કહ્યામુજબ મેળવ્યા તો ૨–૨–૧૨–૯–૦ આવ્યા તે લગ્નનું મધ્યાયુ થયું.

ઉપર મુજબ બીજા ગ્રહોનું સારણી ઉપરથી મધ્યાયુ કરી આ નીચેના કોઠામાં દાખલ કરી તેનો સરવાળો કરેલો છે.

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	લ.	કુ. સરવાળો.	ભા. સરવાળો.
૫	૧	૨	૨	૦	૮	૧	૨	૨૧	૨૩
૬	૩	૯	૧	૫	૦	૨	૨	૨૮	૮
૯	૨૨	૨૧	૧૧	૮	૨૬	૧૨	૧૨	૧૨૧	૩
૧૬	૩૦	૩૦	૫૨	૪	૧૬	૧૮	૯	૧૭૫	૫૭
૧૨	૦	૩૬	૪૮	૧૨	૪૮	૦	૦	૧૫૬	૩૬

અષ્ટોત્તરી મહાદશાવિષે સમજ.

મહાદશાની સમજ જન્મસમયના નક્ષત્ર ઉપરથી થાયછે, માટે પ્રથમ જન્મનક્ષત્ર કયું છે તેની તપાસ કરવી, અને પછીથી નીચેના લખાણ ઉપર ધ્યાન ખેંચવું.

આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા, એ ચાર નક્ષત્રમાં સૂર્યની મહાદશા વર્ષ ૬ ની; મઘા, પૂર્વા, ઉત્તરા એ ત્રણમાં ચંદ્રની વર્ષ ૧૫ ની; હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા

એ ચારમાં મંગલની વર્ષ ૮ ની; અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ એ ત્રણમાં બુધની વર્ષ ૧૭ ની; પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભિજીત, શ્રવણ એ ચારમાં શનીની વર્ષ ૧૦ ની; ધનિષ્ઠા, શતતારકા, પૂર્વાભાદ્રપદ, એ ત્રણમાં ગુરૂની વર્ષ ૧૯ ની. ઉત્તરાભાદ્રપદ, રેવતી, અશ્વિની, ભરણી એ ચારમાં રાહુની વર્ષ ૧૨ ની; અને કૃત્તિકા, રોહીણી, મૃગશીર્ષ એ ત્રણ નક્ષત્રમાં શુક્રની મહાદશા વર્ષ ૨૧ ની થાયછે.

એમ બધા ગ્રહોની મહાદશાનાં પ્રમાણનો સરવાળો ૧૦૮ વર્ષનો થાયછે, તેજ કારણથી આ મહાદશા પણ અષ્ટોત્તરી કહેવાયછે. વિંશોત્તરી વગેરે બીજી મહાદશાઓ ઘણી છે પણ તે હાલ કરવાનો રીવાજ થોડો હોતાં આ ગ્રંથમાં તેની રીતિ બતાવી નથી.

મહાદશાનાં ભુક્ત તથા ભોગ્ય વર્ષ કહાડવાની રીત.

ઉપર મુજબ જન્મનક્ષત્ર ઉપરથી જન્મસમયે ચાલુ મહાદશાની તપાસ કરવી, અને તપાસ કરતાં જે ગ્રહની મહાદશા ઠેરે તે મહાદશાનાં ભુક્ત[1] અને ભોગ્ય[2] વર્ષ કાહાડવાં. તે વર્ષ કહાડવાની રીત નીચે પ્રમાણેછે.

જન્મસમયનાં નક્ષત્રની પ્રથમ બતાવેલ રીતિપ્રમાણે ભુક્ત તથા સર્વ[3]ક્ષ ઘડી કરવી. અને પછીથી જે ભુક્ત ઘડી નક્ષત્રની આવેલ હોય તેને નીચેના કોષ્ટકમાં સૂર્યાદિ ગ્રહોના ગુણક લખેલાછે તેમાંથી જે ગ્રહની મહાદશા જન્મકાળે હોય તે ગ્રહના ગુણકથી ગુણવી. અને નક્ષત્રની સર્વક્ષ ઘડીથી ભાગ લેવો.

સૂ.	ચં.	મં.	બુ.	શ.	ગુ.	રા.	શુ.	ગ્રહ.
૧૮	૬૦	૨૪	૬૮	૩૦	૭૬	૩૬	૮૪	ગુણક.

આપ્રમાણે ભાગ લેતાં જન્મસમયે ચાલુ નક્ષત્રના ભુક્ત માસની સંખ્યા મળેછે. ત્યારબાદ જે શેષાંક રહેલા હોય તેને ત્રીશે ગુણી વળી સર્વક્ષથી ભાગ લેતાં ભુક્ત દિવસની સંખ્યા મળેછે, દિવસની સંખ્યા મળતાં જે શેષાંક રહેલા હોય તેને સાઠે ગુણી સર્વક્ષથી ભાગ લેતાં ભુક્ત ઘડીની સંખ્યા આવેછે અને ઘડી મળતાં બાકી રહેલ અંકને વળી ૬૦ ગુણી સર્વક્ષથી ભાગ લેતાં ભુક્ત પળની સંખ્યા આવેછે, એપ્રમાણે જે ભુક્તના માસ, દિવસ, ઘટી અને પળ મળેછે તે ફક્ત એકજ નક્ષત્રના વર્ષાદિક થાયછે, અને મહાદશા તો ત્રણ અથવા ચાર નક્ષત્ર મળીને થાયછે, માટે જે ચાલુ નક્ષત્ર હોય તે કરતાં પેહેલાં ચાલતી મહાદશાનાં નક્ષત્ર જેટલાં ગયાં હોય તેટલી સંખ્યાવડે તે મહાદશાના કોઠામાં લખેલ ગુણકને ગુણી અને તેને ભુક્તમાસ જે આવેલા હોય તેમાં ઉમેરવા.[4] એટલે ચાલતી મહાદશાનાં ભુક્ત વર્ષાદિક થાયછે, આપ્રમાણે જે ભુક્ત વર્ષાદિક આવે તેને ચાલતી મહાદશાનાં પ્રમાણ વર્ષમાંથી બાદ કરતાં જે બાકી રહે તેજ મહાદશાનાં ભોગ્ય વર્ષ આવેછે.

---

૧ આગળ ભોગવાઈ ગએલ. ૨ બાકી ભોગવવાના. ૩ જુઓ પાને ૨ રીતિ. ૪ ઉમેરતાં માસની સંખ્યા વધશે માટે તેને બારે ભાગી લાધેલ અંક વર્ષમાં ઉમેરવો.

ઉપરની રીતે દરેક ગ્રહની મહાદશાનાં નક્ષત્રનાં ભુક્ત અને સવેક્ષ ઉપરથી ભુક્ત ભોગ્ય કરવાં.[1] અને જ્યારે અભિજીત[2] નક્ષત્ર જન્મસમયે આવતું હોય ત્યારે તેનાં ભુક્ત તથા ભોગ્યની રીત આ કરતાં જૂદિ પડશે માટે આગળ પાને ૫ર રીત કહેવામાં આવશે, તે રીતથી અભિજીત નક્ષત્રનું ભુક્ત અને ભોગ્ય કરવું.

જ્યોતિષશાસ્ત્રમાં જે ભુક્ત ભોગ્ય કહાડવાની રીતિ બતાવેલ છે તે ઘણીજ મુશ્કેલ હોવાને લીધે સેહેલી રીતે સારણી ઉપરથી ભુક્તવર્ષાદિ કહાડવા વાસ્તે દરેક ગ્રહની નવી સારણી ઉત્પન્ન કરેલી છે. તેપરથી ભુક્તવર્ષાદિક લેવાની રીત એવી છે કે પેહેલાં કહેલી રીતિમુજબ નક્ષત્ર ઉપરથી જન્મસમયે ચાલુ મહાદશા કયા ગ્રહની છે તે જાણવું. અને પછીથી સ્પષ્ટ ચંદ્રના અંશ કરવા. તે અંશની સંખ્યા ૪૦ કરતાં વધારે થાય ત્યારે તેમાંથી ૪૦ નો ભાગ કહાડી નાખવો, અને જે ગ્રહની મહાદશા હોય તે ગ્રહની સારણીમાંથી જેટલા અંશ હોય તે પ્રમાણના કોષ્ટકના આંક લેવા, અને સા-રણીના ઉપરના ભાગમાં લખેલ ગુણકવડે ચંદ્રની કળા તથા વિકળાને ગોમૂત્રિકાની રીત[3] પ્રમાણે ગુણી જે ઘડી[4] તથા પળ મળે તેને અંશના[5] કોઠામાંથી મળેલ અંકમાં મેળવવા; એટલે જન્મસમયે ચાલુ નક્ષત્રના ભુક્ત માસાદિકની સંખ્યા આવેછે. આ પ્રમાણે આવેલી ભુક્તમાસાદિકની સંખ્યા કદાચ કોઠામાં લખેલ પોતાના ગુણક કરતાં વધારે થાય ત્યારે તેમાંથી ગુણકને બાદ કરી શેષ રહે તે ભુક્તમાસાદિક જાણવા.

શનીની મહાદશાનાં ભુક્તવિષે વિશેષ નિયમ.

પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભિજીત અને શ્રવણ એ ચાર નક્ષત્રમાં શનીની મહાદશા થાયછે, તેમાંથી જન્મસમયે ચાલુ નક્ષત્ર પૂર્વાષાઢા હોય તો ઉપર મુજબ ભુક્ત કાહડવું. તેમાં વિશેષ ક્રિયા કરવાની જરૂર રહેતી નથી. જન્મસમયે ચાલુ નક્ષત્ર ઉત્તરાષાઢા હોય તોપણ ઉપરપ્રમાણેજ સારણી ઉપરથી ભુક્તવર્ષાદિક કાહાડવાં. પણ ભુક્તવર્ષાદિક જે મળે તેનો તૃતીયાંશ તેમાં મેળવવો. એટલે ઉત્તરાષાઢાનું ભુક્ત આવેછે. જન્મસ-મયે અભિજીત નક્ષત્ર હોયતો તેનાં ભુક્તની રીતિ આગળ બતાવવામાં આવશે. અને જન્મસમયે શ્રવણ નક્ષત્ર હોય ત્યારે પણ સારણી ઉપરથી કહેલી રીતે ભુક્તવર્ષાદિક કાહાડવાં પરંતુ સારણી ઉપરથી મળેલ ભુક્તવર્ષાદિકમાં પોતાનો ચૌદમો[6] ભાગ ઉમેરવો એટલે શ્રવણનાં ભુક્તવર્ષાદિક થાયછે.

આપ્રમાણે સારણી ઉપરથી જે ભુક્ત માસાદિક મળેછે તે ફક્ત ચાલુ નક્ષત્રનાજ થાયછે, અને મહાદશા તો ત્રણ અગર ચાર નક્ષત્ર મળીને થાયછે, માટે જે ચાલુ નક્ષત્ર

---

૧ ઉપર જે ભુક્ત કહાડવાની રીત દર્શાવી તે મુસ્કીલ હોવાને લીધે તેનું કંટાળા ભરેલું ઉદાહરણ છોડી દીધું છે, અને તેનું ઉદાહરણ સેહેલી રીતથી બતાવવામાં આવશે. ૨ જુઓ ૨ પાને. ૩ જુઓ ૨૫ પાને ૪ ગોમૂત્રિકામાં ગણતાં ઘડીની સંખ્યા ૬૦ કરતાં વધારે થાય ત્યારે તેને ૬૦ ભાગી લાધે તે સંખ્યા દિવસની ગણવી. અને દિવસ ૩૦ કરતાં વધે તો તેના મહિના કરવા. ૫ ત્રણ અંક મળે ત્યારે દિવસાદિકમાં, અને બે મળે ત્યારે ઘડી તથા પળમાં ઉમેરવા. ૬ એમ ઉમેરતાં ભુક્તની સંખ્યા જ્યારે ૩૦ થી વધારે થાય ત્યારે ૩૦ માસ રાખી બાકીની સંખ્યા છોડી દેવી.

હોય તે કરતાં પેહેલાં ચાલતી મહાદશાનાં જેટલાં નક્ષત્ર ગયાં હોય તેટલી સંખ્યાએ તે મહાદશાના કોઠામાં લખેલ ગુણકને ગુણી તેને ભુક્ત માસ જે આવેલા હોય તેમાં ઉમેરવા; એટલે ચાલતી મહાદશાનાં ભુક્ત વર્ષાદિકની સંખ્યા આવેછે. ભુક્ત વર્ષ કહાડતી વેળાએ ઘડીની સંખ્યા ૬૦ કરતાં વધારે થાય તો તેના દિવસ કરવા. દિવસની સંખ્યા ૩૦ થી વધારે થાય તો તેના મહિના કરવા અને મહિનાની સંખ્યા ૧૨ થી વધારે થાય તો તેનાં વર્ષ કરવાં.

સૂર્યનાં ભુક્ત કહાડવાની સારિણી. ગુણાક ૪૦-૩૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૧	૨	૪	૫	૬	૮	૯	૧૦	૧૨	૧૩	૧૪	૧૫	૧૭	૦	૨	૩	૪	૬	૭	૯
૧૦	૨૧	૧	૧૨	૨૨	૩	૧૩	૨૪	૪	૧૫	૨૫	૬	૧૬	૨૭	૭	૧૮	૨૮	૯	૧૯	૦
૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૨૧	**૨૨**	**૨૩**	**૨૪**	**૨૫**	**૨૬**	**૨૭**	**૨૮**	**૨૯**	**૩૦**	**૩૧**	**૩૨**	**૩૩**	**૩૪**	**૩૫**	**૩૬**	**૩૭**	**૩૮**	**૩૯**	**૪૦**
૧૦	૧૧	૧૩	૧૪	૧૫	૧૭	૦	૧	૩	૪	૫	૭	૮	૯	૧૧	૧૨	૧૩	૧૫	૧૬	૧૮
૧૦	૨૧	૧	૧૨	૨૨	૩	૧૩	૨૪	૪	૧૫	૨૫	૬	૧૬	૨૭	૭	૧૮	૨૮	૯	૧૯	૦
૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

ચંદ્રના ભુકત કહાડવાની સારિણી. ગુણાક ૧૩૫-૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૪	૯	૧૩	૧૮	૨૨	૨૭	૩૧	૩૬	૪૦	૪૫	૪૯	૫૪	૫૮	૩	૭	૧૨	૧૬	૨૧	૨૫	૩૦
૧૫	૦	૧૫	૦	૧૫	૦	૧૫	૦	૧૫	૦	૧૫	૦	૧૫	૦	૧૫	૦	૧૫	૦	૧૫	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૨૧	**૨૨**	**૨૩**	**૨૪**	**૨૫**	**૨૬**	**૨૭**	**૨૮**	**૨૯**	**૩૦**	**૩૧**	**૩૨**	**૩૩**	**૩૪**	**૩૫**	**૩૬**	**૩૭**	**૩૮**	**૩૯**	**૪૦**
૩૪	૩૯	૪૩	૪૮	૫૨	૫૭	૧	૬	૧૦	૧૫	૧૯	૨૪	૨૮	૩૩	૩૭	૪૨	૪૬	૫૧	૫૫	૬૦
૧૫	૦	૧૫	૦	૧૫	૦	૧૫	૦	૧૫	૦	૧૫	૦	૧૫	૦	૧૫	૦	૧૫	૦	૧૫	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

મંગલના ભુકત કહાડવાની સારિણી. ગુણાક ૫૪-૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૧	૩	૫	૭	૯	૧૦	૧૨	૧૪	૧૬	૧૮	૧૯	૨૧	૨૩	૧	૩	૪	૬	૮	૧૦	૧૨
૨૪	૧૮	૧૨	૬	૦	૨૪	૧૮	૧૨	૬	૦	૨૪	૧૮	૧૨	૬	૦	૨૪	૧૮	૧૨	૬	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૨૧	**૨૨**	**૨૩**	**૨૪**	**૨૫**	**૨૬**	**૨૭**	**૨૮**	**૨૯**	**૩૦**	**૩૧**	**૩૨**	**૩૩**	**૩૪**	**૩૫**	**૩૬**	**૩૭**	**૩૮**	**૩૯**	**૪૦**
૧૩	૧૫	૧૭	૧૯	૨૧	૨૨	૦	૨	૪	૬	૭	૯	૧૧	૧૩	૧૫	૧૬	૧૮	૨૦	૨૨	૨૪
૨૪	૧૮	૧૨	૬	૦	૨૪	૧૮	૧૨	૬	૦	૨૪	૧૮	૧૨	૬	૬	૨૪	૧૮	૧૨	૬	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

બુધના ભુક્ત કહાડવાની સારિણી · ગુણાક ૧૫૩-૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૫	૧૦	૧૫	૨૦	૨૫	૩૦	૩૫	૪૦	૪૫	૫૧	૫૬	૬૧	૬૬	૩	૮	૧૩	૧૮	૨૩	૨૮	૩૪
૩	૬	૯	૧૨	૧૫	૧૮	૨૧	૨૪	૨૭	૦	૩	૬	૯	૧૨	૧૫	૧૮	૨૧	૨૪	૨૭	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૩૯	૪૪	૪૯	૫૪	૫૯	૬૪	૧	૬	૧૧	૧૭	૨૨	૨૭	૩૨	૩૭	૪૨	૪૭	૫૨	૫૭	૬૨	૬૮
૩	૬	૯	૧૨	૧૫	૧૮	૨૧	૨૪	૨૭	૦	૩	૬	૯	૧૨	૧૫	૧૮	૨૧	૨૪	૨૭	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

શનીનાં ભુક્ત કહાડવાની સારિણી · ગુણાક ૬૭-૩૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૨	૪	૬	૯	૧૧	૧૩	૧૫	૧૮	૨૦	૨૨	૨૪	૨૭	૨૯	૧	૩	૬	૮	૧૦	૧૨	૧૫
૭	૧૫	૨૨	૦	૭	૧૫	૨૨	૦	૭	૧૫	૨૨	૦	૭	૧૫	૨૨	૦	૭	૧૫	૨૨	૦
૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૧૭	૧૯	૨૧	૨૪	૨૬	૨૮	૦	૩	૫	૭	૯	૧૨	૧૪	૧૬	૧૮	૨૧	૨૩	૨૫	૭	૩૦
૭	૧૫	૨૨	૦	૭	૧૫	૨૨	૦	૭	૧૫	૨૨	૦	૭	૧૫	૨૨	૦	૭	૧૫	૨૨	૦
૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

ગુરૂનાં ભુક્ત કહાડવાની સારિણી · ગુણાક ૧૭૧ - ૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૫	૧૧	૧૭	૨૨	૨૮	૩૪	૩૯	૪	૫૧	૫૭	૬૨	૬૮	૭૪	૩	૯	૧૫	૨૦	૨૫	૩૨	૩૮
૨૧	૧૨	૩	૨૪	૧૫	૬	૨૭	૧૮	૯	૦	૨૧	૧૨	૩	૨૪	૧૫	૬	૨૭	૧૮	૯	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૩	૪૯	૫૫	૬૦	૬૬	૭૨	૧	૭	૧૩	૧૯	૨૪	૩૦	૩૬	૪૧	૪૭	૫૩	૫૮	૬૪	૭૦	૭૬
૨૧	૧૨	૩	૨૪	૧૫	૬	૨૭	૧૮	૯	૦	૨૧	૧૨	૩	૨૪	૧૫	૬	૨૭	૧૮	૯	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

રાહુનાં ભુક્તની સારિણી. ગુણક ૮૧-૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૨	૫	૮	૧૦	૧૩	૧૬	૧૮	૨૧	૨૪	૨૭	૨૯	૩૨	૩૫	૧	૪	૭	૯	૧૨	૧૫	૧૮
૨૧	૧૨	૩	૨૪	૧૫	૬	૨૭	૧૮	૯	૦	૨૧	૧૨	૩	૨૪	૧૫	૬	૨૭	૧૮	૯	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૨૦	૨૩	૨૬	૨૮	૩૧	૩૪	૦	૩	૬	૯	૧૧	૧૪	૧૭	૧૯	૨૨	૨૫	૨૭	૩૦	૩૩	૩૬
૨૧	૧૨	૩	૨૪	૧૫	૬	૨૭	૧૮	૯	૦	૨૧	૧૨	૩	૨૪	૧૫	૬	૨૭	૧૮	૯	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

શુક્રનાં ભુક્ત કહાડવાની સારિણી. ગુણક ૧૮૯ -૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૬	૧૨	૧૮	૨૫	૩૧	૩૭	૩૪	૫૦	૫૬	૬૩	૬૯	૭૫	૮૧	૪	૧૦	૧૬	૨૩	૨૯	૩૫	૪૨
૯	૧૮	૨૭	૬	૧૫	૨૪	૩	૧૨	૨૧	૦	૯	૧૮	૨૭	૬	૧૫	૨૪	૩	૧૨	૨૧	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૮	૫૪	૬૦	૬૭	૭૩	૭૯	૨	૮	૧૪	૨૧	૨૭	૩૩	૩૯	૪૬	૫૨	૫૮	૬૫	૭૧	૭૭	૮૪
૯	૧૮	૨૭	૬	૧૫	૨૪	૩	૧૨	૨૧	૦	૯	૧૮	૨૭	૬	૧૫	૨૪	૩	૧૨	૨૧	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

સારિણીઉપરથી ભુક્ત કહાડવાના દાખલા.

જન્મવખતના ચંદ્ર ૦–૪–૨૨–૩૦ ના અંશ ૪–૨૨–૩૦ ની સંખ્યા ૪૦ કરતાં વધારે નથી માટે ૪૦ નો ભાગ બાદ કરવો પડ્યો નહીં. અને જન્મનક્ષત્ર અશ્વિની છે તે કારણથી ચાલુ મહાદશા પણ જન્મસમયે રાહુની નક્કી થાયછે: માટે રાહુની સારિણીના કોષ્ટકમાંથી ચોથા અંશના કોઠાના માસાદિક આંક ૧૦–૨૪–૦–૦ લીધા. અને રાહુની સારિણીઉપર લખેલ ગુણક ૮૧–૦ થી ચંદ્રની કળા ૨૨ તથા વિકળા ૩૦ ને ગોમૂત્રિકાએ ગુણી સારિણીમાંથી લીધેલ અંક ૧૦–૨૪–૦–૦ માં મેળવીએ તો રાહુની મહાદશાનું ભુક્ત પ્રથમ લખ્યાપ્રમાણે તૈયાર થાય. તે વાસ્તે તેનું ગણિત નીચેપ્રમાણે કરેલું છે.

૮૧	૦		૮૧	૦		૮૧	૦
૨૨	૨૨		૧૭૮૨	૦		૧૮૨૨	૦
૩૦	૩૦		૨૪૩૦	૦		૩૦	૦

એ પ્રમાણે ગોમૂત્રિકામાં ગુણતાં ઘડીની સંખ્યા ૧૮૨૨ થઈ તે ૬૦ કરતાં વધારે છે, અને પળની સંખ્યા ૩૦ મળી છે, માટે ઘડીને ૬૦ ભાગતાં ૩૦ લાધ્યા તે દિવસ થયા, એટલે ૩૦–૨૨–૩૦ ગોમૂત્રિકામાં ગુણતાં દિવસાદિક અંક મળ્યા તેને કોઠાના અંક ૧૦–૨૪–૦–૦ માં કહ્યામુજબ મેળવતાં ૧૧–૨૪–૨૨–૩૦ રાહુનું ભુક્ત તૈયાર થયું.

અશ્વિની નક્ષત્ર કરતાં પ્રથમ રાહુની મહાદશાનાં નક્ષત્ર ઉત્તરાભાદ્રપદ તથા રેવતી એ બે ગએલાંછે માટે બેની સંખ્યાથી રાહુના ગુણક ૩૬ ને ગુણતાં ૭૨ થયા તેને ભુક્ત માસની સંખ્યા ૧૧ માં ઉમેર્યા તો ૮૩ માસની સંખ્યા આવી તેને ૧૨ થી ભાગ્યા તો ૬ વર્ષ થયાં, અને શેષાંક ૧૧ માસના રહ્યા. એપ્રમાણે ૬ વર્ષ ૧૧ માસ ૨૪ દિવસ ૨૨ ઘડી અને ૩૦ પળ રાહુની મહાદશાનાં ભુક્તવર્ષાદિક થયાં. તેને રાહુની મહાદશાનાં પ્રમાણ વર્ષ ૧૨ માંથી બાદ કર્યાં તો ભોગ્યવર્ષાદિક ૫–૦–૫–૩૭–૩૦ થયાં.

પ્રશ્ન.—૧ આર્દ્રા નક્ષત્ર હોય અને ચંદ્ર ૨–૧૯–૧૪–૩૮ હોય ત્યારે ભુક્ત કેટલું થવું જોઇએ ?

ઉત્તર.—આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, અને આશ્લેષા એ ચાર નક્ષત્રમાં સૂર્યની મહાદશા હોયછે, તે વાસ્તે ચંદ્રના અંશ કરી તેને ૪૦ ભાગ આપતાં શેષાંશ ૩૯ રહ્યા, માટે ૩૯ મા કોઠાના આંક ૧૬–૧૯–૩૦–૦ સૂર્યની ભુક્તની સારિણી ઉપરથી લીધા, અને સૂર્યની સારિણીની ઉપરની તરફ લખેલ ગુણક ૪૦–૩૦ થી ચંદ્રની કળા ૧૪ તથા વિકળા ૩૮ ને ગોમૂત્રિકામાં ગુણતાં ઘડીની સંખ્યા ૫૯૨ તથા પલ ૩૯ આવેછે. અહીં પણ ઘડીની સંખ્યા ૬૦ કરતાં વધારેછે માટે તેને ૬૦ ભાગ આપતાં લાધેલ અંક ૯ દિવસના થયા, એપ્રમાણે કુલદિવસાદિક અંક ૯–૫૨–૩૯ ને ૩૯ માં કોઠાના આંક ૧૬–૧૯–૩૦–૦ માં મેળવ્યાથી ૧૬–૨૯–૨૨–૩૯ માસાદિક સૂર્યની મહાદશાનું ભુક્ત થયું. અહીં માસની સંખ્યા ૧૬ છે માટે તેને ૧૨ ભાગતાં વર્ષાદિક ભુક્ત ૧–૪–૨૯–૨૨–૩૯ થયું.

સૂર્યની મહાદશાનું આર્દ્રા નક્ષત્ર પહેલવહેલું છે તે પેહેલાં કોઇ નક્ષત્ર ગએલું નથી.

માટે ગુણકની સંખ્યાને ગતનક્ષત્રની સંખ્યાવડે ગુણવાની તથા ભુક્ત માસની સંખ્યામાં ઉમેરવાની ક્રિયા કરવી પડી નહીં. જેથી ભુક્ત વર્ષાદિક ૧-૪-૨૯-૨૨-૩૯ માં કંઇપણ વધારો થયો નથી.

પ્રશ્ન.—૨ ઉત્તરાષાઢા નક્ષત્ર હોય, અને ચંદ્ર ૯-૬-૪૦-૦ હોય ત્યારે શનીની મહાદશાનું ભુક્ત કેટલું થશે?

ઉત્તર.—ચંદ્રના અંશ કર્યાતો ૨૭૬-૪૦-૦ થયા, તે ૪૦ કરતાં વધારે હોતાં તેને ૪૦ નો ભાગ દીધો તો ૩૬—શેષાંશ રહ્યા, માટે શનીની સારિણીમાંથી ૩૬ મા કોઠાના આંક ૨૧-૦-૦-૦ લીધા, તથા ચંદ્રની કળા ૨૦ ને ગોમૂત્રિકામાં સારિણીઉપરના ગુણક ૬૭-૩૦ થી ગુણતાં મળેલ દિવસ ૪૫ તેમાં મેળવ્યા તો ૨૨-૧૫ ભુક્તમાસાદિક થયા. પરંતુ ઉત્તરાષાઢામાં મળેલ ભુક્તમાં તેનો તૃતીયાંશ મેળવવા કહેલ છે તેથી સદરહુ અંકનો તૃતીયાંશ ૭-૧૫ થયો તે તેમાં મેળવ્યો, એટલે ૩૦-૦-૦-૦ એટલું ઉત્તરાષાઢાનું ભુક્ત થયું. સદરહુ નક્ષત્ર કરતાં પેહેલાં શનીની દશાનું નક્ષત્ર એક (પૂર્વાષાઢા) ભોગવાઈ ગએલ છે, માટે શનીના ગુણક ૩૦ ને એકે ગુણી, આવેલ અંક ભુક્તમાં મેળવ્યા તો ૬૦-૦-૦-૦ થયા. અને માસની સંખ્યાને ૧૨ ભાગ્યા તો ૫-૦-૦-૦-૦ શનીની મહાદશાના પ્રશ્નમાં પૂછેલ ચંદ્રપ્રમાણે ભુક્તવર્ષાદિક થયાં.

પ્રશ્ન.—૩ શ્રવણનક્ષત્ર અને ચંદ્ર ૯-૨૩-૨૦-૦ હોયતો શનીની મહાદશાનું ભુક્ત કેટલું થવું જોઇએ.

ઉત્તર.—ચંદ્રના અંશ કર્યાતો ૧૯૩-૨૦-૦ થયા, તે અંશ ૪૦ કરતાં અધિક હોતાં તેમાંથી ૪૦ નો ભાગ બાદ કર્યો તો ૧૩-૨૦-૦ બાકી રહ્યા. બાદ શનીની સારિણી ઉપરથી ૧૩ મા કોઠાના આંક ૨૯-૭-૩૦-૦ લીધા, તથા સારિણીના ગુણક ૬૭-૩૦ થી ચંદ્રની કળાને ગુણી, અને લાધેલ ઘડીના દિવસ કરી તેજ કોઠાના આંકમાં મેળવ્યા તો ૩૦-૦-૦-૦ શ્રવણનક્ષત્રનું ભુક્ત થયું. તેમાં તેનો ચૌદમો ભાગ ૨-૪-૧૭-૮ મેળવતાં ૩૨-૪-૨૭-૮ થયા; તે ૩૦ કરતાં અધિક છે માટે વધારે આવેલા આંક તજી ફક્ત ૩૦ મહિનાજ લીધા, તેજ શ્રવણનું ભુક્ત થયું. શ્રવણ કરતાં ત્રણ નક્ષત્ર શનીની મહાદશાનાં ગયાં છે, તેટલામાટે તેમાં ૯૦ માસ ઉમેરી તેને ૧૨ ભાગી વર્ષ કર્યાતો ૧૦ આવ્યા તે શનીની મહાદશાનાં ભુક્તવર્ષનું પ્રમાણ થયું.

અભિજીત નક્ષત્રનાં ભુક્ત તથા ભોગ્ય કહાડવાની રીત.

પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભિજીત, અને શ્રવણ એ ચાર નક્ષત્રમાં શનીની મહાદશા થાયછે, એમ આગળ લખાએલું છે. પણ જો જન્મસમયે અભિજીત નક્ષત્ર હોયતો તેનાં ભુક્તવર્ષાદિક કહાડવાની રીતિ પેહેલાં કરતાં તમામ જૂદી પડેછે, માટે અહીં તે રીત સેહેલીરીતે સારિણીપરથી બતાવવામાં આવેછે.

મકર રાશીનો ચંદ્ર ૬ અંશ અને ૪૦ કળાએ જ્યારે થાય ત્યારે અભિજીત નક્ષ-

ત્રમાં ચંદ્રનો પ્રવેશ થયો એમ સમજવું. અને મકર રાશીના ૧૦ અંશ ૫૩ કળા અને ૨૦ વિકળાએ થાય ત્યારે અભિજીત નક્ષત્રમાંથી ચંદ્રની નિવૃત્તિ[1] થાયછે.

આઉપરથી સમજવું કે અભિજીત નક્ષત્રની પ્રવૃત્તિમાં[2] ચંદ્ર ૯-૬-૪૦-૦ હોયછે, અને નિવૃત્તિમાં ૯-૧૦-૫૩-૨૦ હોયછે, હવે જો જન્મસમયે તપાસ કરતાં નક્કી અભિજીત નક્ષત્ર ઠરે[3] ત્યારે પોતાના ઇષ્ટ[4] ચંદ્રમાંથી અભિજીત પ્રવૃત્તિનો ચંદ્ર બાદ કરવો. બાદ કરતાં રહેલ શેષાંશની કળા[5] કરવી; કળા જેટલી હોય તે પ્રમાણનું કોષ્ટક અભિજીત નક્ષત્રનાં ભુક્ત કહાડવાની સારિણીમાંથી લેવું; બાદ તે સારિણી ઉપર લખેલ ગુણકથી ઇષ્ટ ચંદ્રમાંથી અભિજીત પ્રવૃત્તિનો ચંદ્ર બાદ કરતાં જે શેષાંક વિકળાના રહેલા હોય તેને ગુણતાં જે ઘડી તથા પળ મળે તેને ઇષ્ટ કળાના કોઠામાં ઉમેરવાથી અભિજીત નક્ષત્રનું માસાદિક ભુક્ત તૈયાર થાયછે.

ઉપર મુજબ અભિજીત નક્ષત્રનું ભુક્ત જે મળે તેમાં હમેશાં વર્ષ પાંચનો ઉમેરો કરવો. કારણ કે શનીની મહાદશાનાં તે પેહેલાં બે[6] નક્ષત્ર ગયાં હોય ત્યારેજ અભિજીત નક્ષત્ર સંભવે, વાસ્તે બે નક્ષત્રનાં પાંચ વર્ષ ઉમેર્યા સિવાય યથાર્થ ભુક્ત મળેજ નહીં.

એપ્રમાણે જે ભુક્તવર્ષાદિક મળે તેને શનીની મહાદશાનાં પ્રમાણ વર્ષ ૧૦ માંથી બાદ કરવાં એટલે શનીની દશાનું ભોગ્ય થાયછે.

૧ સમાપ્તિ. ૨ પ્રવેશ. ૩ પોતાનો ઇષ્ટ ચંદ્ર અભિજીત પ્રવૃત્તિના ચંદ્ર કરતાં વધારે હોય, અને અભિજીત નિવૃત્તિના ચંદ્ર કરતાં ન્યૂન હોય તોજ અભિજીત નક્ષત્રમાં ચંદ્ર છે એમ સમજવું. ૪ જન્મસમયે કરેલ ચંદ્ર. ૫ અંશને ૬૦ શે ગુણી તે નીચેની કળા તેમાં ઉમેરવાથી થાયછે. ૬ પૂર્વાષાઢા, તથા ઉત્તરાષાઢા.

અભિજીતનક્ષત્રના ભુક્ત કહાડવાની સારિણી. ગુણક ૩-૩૪

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨	૨	૨	૨	૨
૩	૭	૧૦	૧૪	૧૭	૨૧	૨૪	૨૮	૧	૫	૯	૧૨	૧૬	૧૯	૨૩	૨૬	૦	૩	૭	૧૧	૧૪
૩૩	૬	૩૯	૧૨	૪૫	૧૮	૫૨	૨૫	૫૮	૩૧	૪	૩૭	૧૧	૪૪	૧૭	૫૦	૨૩	૫૬	૨૯	૩	૩૬
૯	૧૮	૨૮	૩૭	૪૬	૫૬	૫	૧૪	૨૪	૩૩	૪૨	૫૨	૧	૧૦	૨૦	૨૯	૩૮	૪૮	૫૭	૬	૧૬

૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧	૪૨
૨	૨	૨	૨	૩	૩	૩	૩	૩	૩	૩	૩	૪	૪	૪	૪	૪	૪	૪	૪	૪
૧૮	૨૧	૨૫	૨૮	૨	૫	૯	૧૩	૧૬	૨૦	૨૩	૨૭	૦	૪	૭	૧૧	૧૪	૧૮	૨૨	૨૫	૨૯
૯	૪૨	૧૫	૪૮	૨૨	૫૫	૨૮	૧	૩૪	૭	૪૦	૧૪	૪૭	૨૦	૫૩	૨૬	૫૯	૩૩	૬	૩૯	૧૨
૨૫	૩૪	૪૪	૫૩	૨	૧૨	૨૧	૩૦	૪૦	૪૯	૫૮	૮	૧૭	૨૬	૩૬	૪૫	૫૪	૪	૧૩	૨૨	૩૨

૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬	૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩
૫	૫	૫	૫	૫	૫	૫	૫	૬	૬	૬	૬	૬	૬	૬	૬	૬	૭	૭	૭	૭
૨	૬	૯	૧૩	૧૬	૨૦	૨૪	૨૭	૧	૪	૮	૧૧	૧૫	૧૮	૨૨	૨૫	૨૯	૩	૬	૧૦	૧૩
૪૫	૧૮	૫૨	૨૫	૫૮	૩૧	૪	૩૭	૧૦	૪૪	૧૭	૫૦	૨૩	૫૬	૨૯	૩	૩૬	૯	૪૨	૧૫	૪૮
૪૧	૫૦	૦	૯	૧૮	૨૮	૩૭	૪૬	૫૬	૫	૧૪	૨૪	૩૩	૪૨	૫૨	૧	૧૦	૨૦	૨૯	૩૮	૪૮

૬૪	૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦	૭૧	૭૨	૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦	૮૧	૮૨	૮૩	૮૪
૭	૭	૭	૭	૮	૮	૮	૮	૮	૮	૮	૮	૮	૯	૯	૯	૯	૯	૯	૯	૯
૧૭	૨૦	૨૪	૨૮	૧	૫	૮	૧૨	૧૫	૧૯	૨૨	૨૬	૨૯	૩	૭	૧૦	૧૪	૧૭	૨૧	૨૪	૨૮
૨૧	૫૫	૨૮	૧	૩૪	૭	૪૦	૧૪	૪૭	૨૦	૫૩	૨૬	૫૯	૩૨	૬	૩૯	૧૨	૪૫	૧૮	૫૧	૨૫
૫૭	૬	૧૬	૨૫	૩૪	૪૪	૫૩	૨	૧૨	૨૧	૩૦	૪૦	૪૯	૫૮	૮	૧૭	૨૬	૩૬	૪૫	૫૪	૪

૮૫	૮૬	૮૭	૮૮	૮૯	૯૦	૯૧	૯૨	૯૩	૯૪	૯૫	૯૬	૯૭	૯૮	૯૯	૧૦૦	૧૦૧	૧૦૨	૧૦૩	૧૦૪	૧૦૫
૧૦	૧૦	૧૦	૧૦	૧૦	૧૦	૧૦	૧૦	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૨	૧૨	૧૨	૧૨
૧	૫	૯	૧૨	૧૬	૧૯	૨૩	૨૬	૦	૩	૭	૧૧	૧૪	૧૮	૨૧	૨૫	૨૮	૨	૫	૯	૧૩
૫૮	૩૧	૪	૩૭	૧૦	૪૪	૧૭	૫૦	૨૩	૫૬	૨૯	૨	૩૬	૯	૪૨	૧૫	૪૮	૨૧	૫૫	૨૮	૧
૧૩	૨૨	૩૨	૪૧	૫૦	૦	૯	૧૮	૨૮	૩૭	૪૬	૫૬	૫	૧૪	૨૪	૩૩	૪૨	૫૨	૧	૧૦	૨૦

૧૦૬	૧૦૭	૧૦૮	૧૦૯	૧૧૦	૧૧૧	૧૧૨	૧૧૩	૧૧૪	૧૧૫	૧૧૬	૧૧૭	૧૧૮	૧૧૯	૧૨૦	૧૨૧	૧૨૨	૧૨૩	૧૨૪	૧૨૫	૧૨૬	૧૨૭
૧૨	૧૨	૧૨	૧૨	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૫
૧૬	૨૦	૨૩	૨૭	૦	૪	૭	૧૧	૧૪	૧૮	૨૨	૨૫	૨૯	૨	૬	૯	૧૩	૧૬	૨૦	૨૪	૨૭	૧
૩૪	૭	૪૦	૧૩	૪૭	૨૦	૫૩	૨૬	૫૯	૩૨	૬	૩૯	૧૨	૪૫	૧૮	૫૧	૨૪	૫૮	૩૧	૪	૩૭	૧૦
૨૯	૩૮	૪૮	૫૭	૬	૧૬	૨૫	૩૪	૪૪	૫૩	૨	૧૨	૨૧	૩૦	૪૦	૪૯	૫૮	૮	૧૭	૨૬	૩૬	૪૫

૧૨૮	૧૨૯	૧૩૦	૧૩૧	૧૩૨	૧૩૩	૧૩૪	૧૩૫	૧૩૬	૧૩૭	૧૩૮	૧૩૯	૧૪૦	૧૪૧	૧૪૨	૧૪૩	૧૪૪	૧૪૫	૧૪૬	૧૪૭	૧૪૮
૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૭	૧૭	૧૭	૧૭	૧૭
૪	૮	૧૧	૧૫	૧૮	૨૨	૨૬	૨૯	૩	૬	૧૦	૧૩	૧૭	૨૦	૨૪	૨૮	૧	૫	૮	૧૨	૧૫
૪૩	૧૭	૫૦	૨૩	૫૬	૨૯	૨	૩૬	૯	૪૨	૧૫	૪૮	૨૧	૫૪	૨૮	૧	૩૪	૭	૪૦	૧૩	૪૭
૫૪	૪	૧૩	૨૨	૩૨	૪૧	૫૦	૦	૯	૧૮	૨૮	૩૭	૪૬	૫૬	૫	૧૪	૨૪	૩૩	૪૨	૫૨	૧
૧૪૯	૧૫૦	૧૫૧	૧૫૨	૧૫૩	૧૫૪	૧૫૫	૧૫૬	૧૫૭	૧૫૮	૧૫૯	૧૬૦	૧૬૧	૧૬૨	૧૬૩	૧૬૪	૧૬૫	૧૬૬	૧૬૭	૧૬૮	૧૬૯
૧૭	૧૭	૧૭	૧૭	૧૮	૧૮	૧૮	૧૮	૧૮	૧૮	૧૮	૧૮	૧૯	૧૯	૧૯	૧૯	૧૯	૧૯	૧૯	૧૯	૨૦
૧૯	૨૨	૨૬	૨૯	૩	૭	૧૦	૧૪	૧૭	૨૧	૨૪	૨૮	૧	૫	૯	૧૨	૧૬	૧૯	૨૩	૨૬	૦
૨૦	૫૩	૨૬	૫૯	૩૨	૫	૩૯	૧૨	૪૫	૧૮	૫૧	૨૪	૫૮	૩૧	૪	૩૭	૧૦	૪૩	૧૬	૫૦	૨૩
૧૦	૨૦	૨૯	૩૮	૪૮	૫૭	૬	૧૬	૨૫	૩૪	૪૪	૫૩	૨	૧૨	૨૧	૩૦	૪૦	૪૯	૫૮	૮	૧૭
૧૭૦	૧૭૧	૧૭૨	૧૭૩	૧૭૪	૧૭૫	૧૭૬	૧૭૭	૧૭૮	૧૭૯	૧૮૦	૧૮૧	૧૮૨	૧૮૩	૧૮૪	૧૮૫	૧૮૬	૧૮૭	૧૮૮	૧૮૯	૧૯૦
૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૨૧	૨૧	૨૧	૨૧	૨૧	૨૧	૨૧	૨૧	૨૨	૨૨	૨૨	૨૨	૨૨
૩	૭	૧૧	૧૪	૧૮	૨૧	૨૫	૨૮	૨	૫	૯	૧૩	૧૬	૨૦	૨૩	૨૭	૦	૪	૭	૧૧	૧૪
૫૬	૨૯	૨	૩૫	૯	૪૨	૧૫	૪૮	૨૧	૫૪	૨૮	૧	૩૪	૭	૪૦	૧૩	૪૬	૨૦	૫૩	૨૬	૫૯
૨૬	૩૬	૪૫	૫૪	૪	૧૩	૨૨	૩૨	૪૧	૫૦	૦	૯	૧૮	૨૮	૩૭	૪૬	૫૬	૫	૧૪	૧૪	૩૩
૧૯૧	૧૯૨	૧૯૩	૧૯૪	૧૯૫	૧૯૬	૧૯૭	૧૯૮	૧૯૯	૨૦૦	૨૦૧	૨૦૨	૨૦૩	૨૦૪	૨૦૫	૨૦૬	૨૦૭	૨૦૮	૨૦૯	૨૧૦	૨૧૧
૨૨	૨૨	૨૨	૨૨	૨૩	૨૩	૨૩	૨૩	૨૩	૨૩	૨૩	૨૩	૨૪	૨૪	૨૪	૨૪	૨૪	૨૪	૨૪	૨૪	૨૪
૧૮	૨૨	૨૫	૨૯	૨	૬	૯	૧૩	૧૬	૨૦	૨૪	૨૭	૧	૪	૮	૧૧	૧૫	૧૮	૨૨	૨૬	૨૯
૩૨	૫	૩૯	૧૨	૪૫	૧૮	૫૧	૨૪	૫૭	૩૧	૪	૩૭	૧૦	૪૩	૧૬	૫૦	૨૩	૫૬	૨૯	૨	૩૫
૪૨	૫૨	૧	૧૦	૨૦	૨૯	૩૮	૪૮	૫૭	૬	૧૬	૨૫	૩૪	૪૪	૫૩	૨	૧૨	૨૧	૩૦	૪૦	૪૯
૨૧૨	૨૧૩	૨૧૪	૨૧૫	૨૧૬	૨૧૭	૨૧૮	૨૧૯	૨૨૦	૨૨૧	૨૨૨	૨૨૩	૨૨૪	૨૨૫	૨૨૬	૨૨૭	૨૨૮	૨૨૯	૨૩૦	૨૩૧	૨૩૨
૨૫	૨૫	૨૫	૨૫	૨૫	૨૫	૨૫	૨૫	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૭	૨૭	૨૭	૨૭
૩	૬	૧૦	૧૩	૧૭	૨૦	૨૪	૨૮	૧	૫	૮	૧૨	૧૫	૧૯	૨૧	૨૬	૨૯	૩	૭	૧૦	૧૪
૮	૪૨	૧૫	૪૮	૨૧	૫૪	૨૭	૧	૩૪	૭	૪૦	૧૩	૪૬	૨૦	૫૩	૨૬	૫૯	૩૨	૫	૩૮	૧૨
૫૮	૮	૧૭	૨૬	૩૬	૪૫	૫૪	૪	૧૩	૨૨	૩૨	૪૧	૫૦	૦	૯	૧૮	૨૮	૩૭	૪૬	૫૬	૫
૨૩૩	૨૩૪	૨૩૫	૨૩૬	૨૩૭	૨૩૮	૨૩૯	૨૪૦	૨૪૧	૨૪૨	૨૪૩	૨૪૪	૨૪૫	૨૪૬	૨૪૭	૨૪૮	૨૪૯	૨૫૦	૨૫૧	૨૫૨	૨૫૩
૨૭	૨૭	૨૭	૨૭	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯
૧૭	૨૧	૨૪	૨૮	૧	૫	૯	૧૨	૧૬	૧૯	૨૩	૨૬	૦	૩	૭	૧૧	૧૪	૧૮	૨૧	૨૫	૨૮
૪૫	૧૮	૫૧	૨૪	૫૭	૩૧	૪	૩૭	૧૦	૪૩	૧૭	૫૦	૨૩	૫૬	૨૯	૨	૩૬	૯	૪૨	૧૫	૪૮
૧૪	૧૪	૩૩	૪૨	૫૨	૧	૧૦	૨૦	૨૯	૩૮	૮	૪૭	૨૬	૩૬	૪૫	૫૪	૪	૧૩	૨૨	૩૨	૪૧

અભિજીત નક્ષત્રનું ભુક્ત કહાડવાનો દાખલો.

પ્રશ્ન.—કોઇના જન્મસમયે ચંદ્ર ૯-૮-૨૫-૨૦ હોય ત્યારે કઈ મહાદશા થાય? તથા તેનું ભુક્ત કેટલું થવું જોઇએ?

ઉત્તર.—ઈષ્ટ ચંદ્ર ૯-૮-૨૫-૨૦ અભિજીત પ્રવૃત્તિના ચંદ્ર ૯-૬-૪૦-૦ કરતાં વધારે છે, અને અભિજીત નિવૃત્તિના ચંદ્ર કરતાં ન્યૂન છે. માટે ઈષ્ટ ચંદ્ર અભિજીત નક્ષત્રમાં છે, એમ નક્કી ઠર્યું, તેથી પ્રશ્નમાં પૂછેલ ચંદ્રઉપરથી મહાદશા પણ શનીની ઠરેછે. માટે ઇષ્ટ ચંદ્રમાંથી અભિજીત નક્ષત્રનો ચંદ્ર બાદ કરતાં ૦-૧-૪૫-૨૦ શેષ રહ્યા, તેની કળા કરી તો ૧૦૫-૨૦ થઈ વાસ્તે અભિજીત નક્ષત્રની સારિણીમાંથી ૧૦૫ મા કોઠાના આંક ૧૨-૧૩-૧-૨૦ લીધા અને સારિણીના ગુણક ૩-૩૪ થી ઇષ્ટ ચંદ્રની વિકળા ૨૦ ને ગુણી તો ૭૧ ઘડી તથા ૨૦ પળ થયાં. અહીં ઘડીની સંખ્યા ૬૦ કરતાં વધારેછે માટે તેને સાઠે ભાગતાં લાધ્યા તે દિવસ થયા. જેથી કુલ આંક ૧-૧૧-૨૦ આવ્યા તેને કોઠાના આંક ૧૨-૧૩-૧-૨૦ માં મેળવ્યાથી ૧૨-૧૪-૧૨-૪૦ અભિજીતનક્ષત્રનું ભુક્ત થયું.

એ પ્રમાણે ૧-૦-૧૪-૧૨-૪૦ અભિજીતનક્ષત્રનું વર્ષાદિ ભુક્ત થયું તેમાં પાંચ વર્ષ ઉમેર્યા તો ૬-૦-૧૪-૧૨-૪૦ થયા તે શનીની મહાદશાનું ભુક્ત થયું.

મહાદશામાં અંતર્દશા કરવાની રીત.

જન્મનાં નક્ષત્ર ઉપરથી જન્મ સમયે ચાલુ મહાદશાનાં ભુક્ત તથા ભોગ્ય વર્ષ જે મળ્યાં હોય, તેમાંથી ભુક્ત વર્ષનું કાંઇ પ્રયોજન પડતું નથી. બાકી ભોગ્ય વર્ષની જે સંખ્યા હોય તેને જન્મના સંવત્ તથા શાકામાં મેળવવી અને બાકી ભુક્ત માસ, દિવસ, ઘડી, તથા પળ જે હોય તેને ક્રમથી જન્મસમયના સૂર્યની રાશી, અંશ, કળા તથા વિકળામાં મેળવવાં. આપ્રમાણે ભુક્તવર્ષાદિક મેળવવાથી ચાલુ મહાદશા પૂર્ણ થયાના સંવત્, શાકો અને સૂર્ય થાયછે.

ચાલુ મહાદશા જે સંવત્ તથા શાકાની સંપૂર્ણ થાય તેજ સંવત્ તથા શાકાની તેટલેજ સૂર્યે તે પછીના ગ્રહની મહાદશાનો પ્રવેશ થાયછે, તે મહાદશાનાં પ્રમાણ સંખ્યાબંધવર્ષોનાં છે, તેટલાં બધાં વર્ષલગણ એકના એકજ ગ્રહની મહાદશા કાયમ રહેછે. તથાપિ તેમાં અંતર્દશાઓ ક્રમથી દરેક ગ્રહોની આવી જાયછે. સદરહુ અંતર્દશાનાં પ્રમાણ વર્ષ આગળના પાનાંના કોષ્ટકમાં લખેલાંછે. તેને મહાદશાના પ્રારંભ સંવત્, શાક અને સૂર્યમાં મેળવ્યાથી અંતર્દશા સમાપ્તનો સંવત્ તથા સૂર્ય આવેછે.

સૂર્યની મહાદશામાં અંતરદશાનાં વર્ષાદિક								
સૂ.	ચં	મં	બુ	શ	ગુ	રા	શુ	ઐક્ય
૦	૦	૦	૦	૦	૧	૦	૧	૬
૪	૧૦	૫	૧૧	૬	૦	૮	૨	૦
૦	૦	૧૦	૧૦	૨૦	૨૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

ચંદ્રની મહાદશામાં અંતરદશાનાં વર્ષાદિક								
ચં.	મં.	બુ.	શ.	ગુ.	રા.	શુ.	સૂ.	ઐક્ય
૨	૧	૨	૧	૨	૧	૨	૦	૧૫
૧	૧	૪	૪	૭	૮	૧૧	૧૦	૦
૦	૧૦	૧૦	૨૦	૨૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

મંગલની મહાદશામાં અંતર્દશાનાં વર્ષાદિક.								
મં.	બુ.	શ.	ગુ.	રા.	શુ.	સૂ.	ચં.	ઐ૦
૦	૧	૦	૧	૦	૧	૦	૧	૮
૭	૩	૮	૪	૧૦	૬	૫	૧	૦
૩	૩	૨૬	૨૬	૨૦	૨૦	૧૦	૧૦	૦
૨૦	૨૦	૪૦	૪૦	૦	૪૦	૦	૦	૦

બુધની મહાદશામાં અંતરદશાનાં વર્ષાદિક.								
બુ.	શ.	ગુ.	રા.	શુ.	સૂ.	ચં.	મં	ઐક્ય
૨	૧	૨	૧	૩	૦	૨	૧	૧૭
૮	૬	૧૧	૧૦	૩	૧૧	૪	૩	૦
૩	૨૬	૨૬	૨૦	૨૦	૧૦	૧૦	૩	૦
૨૦	૪૦	૪૦	૦	૦	૦	૦	૨૦	૦

શનીની મહાદશામાં અંતરદશાનાં વર્ષાદિક								
શ.	ગુ.	રા.	શુ.	સૂ.	ચં.	મં.	બુ.	ઐક્ય
૦	૧	૧	૧	૦	૧	૦	૧	૧૦
૧૧	૯	૧	૧૧	૬	૪	૮	૬	૦
૩	૩	૧૦	૧૦	૨૦	૨૦	૨૬	૨૬	૦
૨૦	૨૦	૦	૦	૦	૦	૪૦	૪૦	૦

ગુરૂની મહાદશામાં અંતરદશાનાં વર્ષાદિક								
ગુ.	રા.	શુ.	સૂ.	ચં.	મં.	બુ.	શ.	ઐક્ય
૩	૨	૩	૧	૨	૧	૨	૧	૧૯
૪	૧	૮	૦	૭	૪	૧૧	૯	૦
૩	૧૦	૧૦	૨૦	૨૦	૨૬	૨૬	૩	૦
૨૦	૦	૦	૦	૦	૪૦	૪૦	૨૦	૦

રાહુની મહાદશામાં અંતર્દશાનાં વર્ષાદિક								
રા.	શુ.	સૂ.	ચં.	મં.	બુ.	શ.	ગુ.	ઐક્ય
૧	૨	૦	૧	૦	૧	૧	૨	૧૨
૪	૪	૮	૮	૧૦	૧૦	૧	૧	૦
૦	૦	૦	૦	૨૦	૨૦	૧૦	૧૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

શુક્રની મહાદશામાં અંતરદશાનાં વર્ષાદિક								
શુ.	સૂ.	ચં.	મં.	બુ.	શ.	ગુ	રા.	ઐક્ય
૪	૧	૨	૧	૩	૧	૩	૨	૨૧
૧	૨	૧૧	૬	૩	૧૧	૮	૪	૦
૦	૦	૦	૨૦	૨૦	૧૦	૧૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

મહાદશામાં અંતર્દશા કરવાનું ઉદાહરણ.

આગળ કરેલ રાહુની મહાદશાનાં ભોગ્યવર્ષાદિક ૫-૦-૫-૩૬-૧૦ માંથી ૫ વર્ષને જન્મના સંવત્ ૧૯૪૩ તથા શાકા ૧૮૦૮ માં મેળવ્યાં તો ૧૯૪૮-૧૮૧૩ થયા. અને જન્મના સૂર્ય ૩-૮-૨૬-૯ માં ભોગ્યમાસાદિક ૦-૫-૩૬-૧૦ ક્રમ પ્રમાણે મેળવ્યા તો ૩-૧૪-૨-૧૯ થયા. આઉપરથી સમજાશે કે સંવત્ ૧૯૪૮ અને શાકે ૧૮૧૩ માં કર્ક રાશીના (૩-૧૪-૨-૧૯) સૂર્યે થતીવેળાએ રાહુની મહાદશા સંપૂર્ણ થશે; અને તેજ ટાંણે શુક્રની મહાદશાનો પ્રવેશ થશે. તે મહાદશા વર્ષ ૨૧ લગણ રહેવાની પણ તેમાં અંતર્દશા દરેક ગ્રહની આવેછે તે નીચે લખી દર્શાવી છે.

શુક્રની મહાદશામાં સર્વે ગ્રહોની અંતર્દશાનો ક્રમ.

શુ.	સૂ.	ચં.	મં.	બુ.	શ.	ગુ.	રા.	ઐક્ય.	ગ્રહ.	
૪	૧	૨	૧	૩	૧	૩	૨	૨૧	વર્ષ.	
૧	૨	૧૧	૬	૩	૧૧	૮	૪	૦	માસ.	
૦	૦	૦	૨૦	૨૦	૧૦	૧૦	૦	૦	દિવસ.	
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	ઘટી.	
૧૯૪૮	૧૯૫૨	૧૯૫૩	૧૯૫૬	૧૯૫૮	૧૯૬૧	૧૯૬૩	૧૯૬૬	૧૯૬૯	સંવત્.	
૧૮૧૩	૧૮૧૭	૧૮૧૮	૧૮૨૧	૧૮૨૩	૧૮૨૬	૧૮૨૮	૧૮૩૧	૧૮૩૪	શાક.	
૩	૪	૬	૫	૦	૩	૩	૧૧	૩	રાશી.	સંક્રાંતિ (સૂર્ય)
૧૪	૧૪	૧૪	૧૪	૪	૨૪	૪	૧૪	૧૪	અંશ.	
૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨	કળા.	
૧૯	૧૯	૧૯	૧૯	૧૯	૧૯	૧૯	૧૯	૧૯	વિકળા.	

અંતર્દશાનાં[1] પ્રમાણવર્ષની સંખ્યા સંવત્ તથા શાકામાં મેળવતાં અને માસાદિકની સંખ્યા સૂર્યના રાશ્યાદિક અંકમાં મેળવતાં શુક્રની મહાદશામાં સર્વે ગ્રહની અંતર્દશા સિદ્ધ થઈ છે તેની સમજણ એવી છે કે સંવત્ ૧૯૪૮ શાકે ૧૮૧૩ ની સાલમાં ૩-૧૪-૨-૧૯ સૂર્ય થશે ત્યારે શુક્રની મહાદશામાં શુક્રની અંતર્દશાનો પ્રવેશ થશે તે વર્ષ ચાર અને માસ ૧ પછી સંપૂર્ણ થશે. અને સંવત્ ૧૯૫૨ તથા શાકે ૧૮૧૭ માં ૪-૧૪-૨-૧૯ એવા સૂર્યમાં શુક્રની મહાદશાની અંદર સૂર્યની અંતર્દશાનો પ્રવેશ થશે એજ રીતે દરેક ગ્રહની મહાદશામાં અંતર્દશા સમજવી. મહાદશાના કોઠામાં છેવટ સંવત્ ૧૯૬૯ તથા શાકે ૧૮૩૪ છે અને સંક્રાંતિ ૩-૧૪-૨-૧૯ છે, માટે સંવત્ ૧૯૬૯ તથા શાકે ૧૮૩૪ માં કર્ક રાશીના સૂર્યના ૧૪ અંશ ૨ કળા અને ૧૯ વિકળા ગયા પછી શુક્રની મહાદશા તથા તેમાં રાહુની અંતર્દશા પૂર્ણ થશે અને ત્યારબાદ તરત તેજ વખતે સૂર્યની મહાદશાનો પ્રવેશ થશે.

જન્મપત્રિ કરવાની રીત સંપૂર્ણ.

---

૧ અંતર્દશા તથા મહાદશા પ્રવેશ થયા વખતે કેટલાએક દેશી જોશીઓ મહાદશા અને અંતર્દશા પ્રવેશની કુંડલી કરી તેનાં પણ ફળો કહેછે, પણ આપ્રમાણે ફળ કહેવાની કલ્પના મિથ્યા છે એમ સકારણ સિદ્ધાંત ગ્રંથમાં લખેલ છે, માટે, મહાદશા કે અંતર્દશાની પ્રવેશની રીત આ ગ્રંથમાં બતાવી નથી

જન્મકુંડલીમાં જોવાનાં જાતકાલંકાર પ્રમાણે વિશેષ ફળો.

પેહેલા ભાવવિષે.

૧. પ્રથમ ભાવનો સ્વામી ક્રૂર ગ્રહ[૧] સહિત છઠ્ઠે, આઠમે અગર બારમે ભાવે રહેલ હોય; અથવા છઠ્ઠા ભાવનો સ્વામી છઠ્ઠે, આઠમા ભાવનો સ્વામી આઠમે અને બારમા ભાવનો સ્વામી બારમે ભાવે પડેલ હોય, અગર લગ્નમાં ક્રૂર ગ્રહ હોય અને લગ્નનો સ્વામી નિર્બળ[૨] હોય તો એ ત્રણ યોગમાં મનુષ્યને પોતાનાં શરીર સંબંધી જરા પણ સુખ ન મળતાં હમેશાં રોગી રહેછે,

૨. શરીર[૩] ભુવનનો સ્વામી પોતાનાજ ભવનમાં રહેલ હોય અથવા બુધ, ગુરૂ અને શુક્ર સહિત કેંદ્રમાં[૪] હોય, તેમ નહિતો પોતાની ઉચ્ચની રાશીમાં, યાતો મિત્રની રાશીમાં અથવા શુભ ગ્રહની રાશીમાં રહેલ હોયતો તે મનુષ્યને શરીરનું સુખ ઘણું સારૂં મળે; અને પોતે રાજ્યકુળમાં પ્રતિષ્ઠાવાળો તથા પરાક્રમી થાય.

૩. લગ્નમાં ક્રૂર ગ્રહની રાશી હોય, અને લગ્નનો સ્વામી પણ ક્રૂર ગ્રહની રાશીમાં રહી ગમે તે ભાવમાં આવે, અથવા સૂર્ય તથા ચંદ્ર ક્રૂર ગ્રહની વચ્ચે આવે, અગર સૂર્ય તથા ચંદ્રથી સાતમી રાશીમાં મંગળ આવે અને બુધ પૃષ્ઠોદય[૫] રાશીમાં આવેલ હોયતો તે પુરૂષ સ્વતંત્ર મિજાજનો દુષ્ટકર્મ કરનાર, પરસ્ત્રી લંપટ અને ક્ષીણ શરીરવાળો થાય.

બીજા ભાવવિષે.

૧. ધનભુવનનો સ્વામી ગુરૂ સહિત ધનભુવનમાં આવે, અગર કેંદ્રમાં આવેતો નાની તરેહની દોલતની પ્રાપ્તિ કરાવેછે.

૨. ગુરૂ સહિત ધનભાવનો સ્વામી છઠ્ઠે, આઠમે અથવા બારમે ભાવે આવે ત્યારે એવા યોગવાળો માણસ ધન વગર ઘણું દુઃખ ભોગવેછે.

૩. ધનભાવનો સ્વામી તથા બારમા ભાવનો સ્વામી એ બે ક્રમથી જન્મકુંડલીમાં શુક્ર તથા પ્રથમ ભાવના સ્વામીથી જોડાયલા હોય તો માણસ આંધળા થાયછે.

૪. પાપ ગ્રહ તથા શુક્ર સહિત ચંદ્ર બીજા ભાવમાં આવે તોપણ માણસ આંધળો થાય.

૫. ચંદ્ર સહિત શુક્ર ત્રિકમાં[૬] આવે તો તે માણસ રાત્રિનો આંધળો થાયછે.

૬. સૂર્ય તથા શુક્ર સહિત પ્રથમ ભાવનો સ્વામી ત્રિકમાં આવે ત્યારે એવા યોગવાળો માણસ જન્મથીજ આંધળો થાયછે.

ત્રીજા ભાવવિષે.

૧. ત્રીજા ભાવનો સ્વામી મંગળ સહિત જન્મ સમયે ત્રિકભુવનમાં આવેતો સગા ભાઇઓનું જરા પણ સુખ થવા આપે નહીં.

---

૧ જુઓ ૩૮ પાને. ૨ સપ્તકવર્ગનું બળ તપાસવું. ૩ પેહેલા ભાવનો. ૪ પેહેલો, ચોથો, સાતમો, દશમો ભાવ. ૫ મેષ, વૃષ, કર્ક, ધન, મકર. ૬ છઠ્ઠું, આઠમું, તથા બારમું ભવન.

૨. ત્રીજા ભુવનનો સ્વામી પોતાના ભાવમાં હોય અને તે ઉપર શુભ ગ્રહની દૃષ્ટિ હોય, અથવા તેજ ભુવનનો સ્વામી શુભ ગ્રહની સાથે કેંદ્રમાં આવેલ હોય તો સગા ભાઇઓનું ઘણું સારૂં સુખ થાય. અને તેમની સાથે બનાવટ થાય.

ચોથા ભાવવિષે.

૧. ચોથા ભાવનો સ્વામી નવમા ભાવના સ્વામી સહિત, તથા શુભ ગ્રહ સહિત, ચોથે ભાવે આવે તો તે માણસ માંડલિક[1] થાય.

૨. ચોથા ભાવનો સ્વામી પેહેલા ભાવમાં આવે, અને તેને ગુરૂ સંપૂર્ણ દેખતો હોય તો તે મનુષ્ય રાજદરબારમાં સારી પ્રતિષ્ઠાવાળો થાય.

૩. અગીઆરમે ભાવે આવેલ ચોથા ભાવના સ્વામીને ગુરૂ સંપૂર્ણ દૃષ્ટિથી જુએ, અથવા ગુરૂની દૃષ્ટિસહિત ચોથા ભાવનો સ્વામી પોતાના ભાવને સંપૂર્ણ જોતો હોય તો જૂદી જૂદી જાતનાં વાહનોનો લાભ અપાવેછે.

૪. લગ્નના સ્વામી સહિત ચોથા ભાવનો સ્વામી પોતાનાજ ભાવમાં આવે તો તે માણસને જગ્યાનો લાભ વગર પ્રયત્ને અપાવેછે અને માણસો સાથે દોસ્તી કરાવેછે.

૫. ચોથા ભાવનો સ્વામી પોતાના ભાવ સિવાય જૂદે ભાવે હોય ત્યારે યત્ન કર્યા સિવાય તે માણસને જગ્યાનો લાભ મળી શકતો નથી.

૬ ધનભાવ, દશમભાવ, ચતુર્થભાવ, અને બારમો ભાવ એના સ્વામી સહિત ક્રૂર ગ્રહો જેટલા ત્રિકભવને આવેલા હોય તેટલી વાર માણસના ઘરમાં આગનો ભય રહે.

૭. ચોથા ભાવમાં ક્રૂર ગ્રહ આવેલા હોય, અને તેપર શુભ ગ્રહની દૃષ્ટિ હોય નહી, અથવા ચોથા ભાવનો સ્વામી ત્રિકભુવનમાં આવે ત્યારે તે માણસને વાહનોમાંથી કંઈ પણ લાભ મળી શકતો નથી.

પાંચમા ભાવવિષે.

૧. પાંચમા ભાવનો સ્વામી એકલો, અથવા બુધ, ગુરૂ અને શુક્ર સહિત ત્રિક[2] ભુવનમાં હોયતો માણસ વિદ્યાહીન થાય.

૨. પાંચમા ભાવનો સ્વામી નવમા ભાવમાં, પોતાનાજ ભાવમાં, અથવા કેંદ્રમાં હોયતો વિદ્યાતરફનો સારો લાભ અપાવેછે.

૩. પાંચમા ભાવનો સ્વામી પોતાની રાશીમાં હોય તોપણ વિદ્યાનો લાભ મળેછે.

૪. પાંચમા ભાવનો સ્વામી તથા ગુરૂ છઠ્ઠે, આઠમે અગર બારમે ભાવે હોય તો માણસ મુંગો થાયછે.

૫. ગુરૂથી પાંચમા ભાવનો સ્વામી ત્રિકભુવનમાં હોય, અગર પેહેલા, પાંચમા, અને નવમા ભાવના સ્વામી જન્મ લગ્નથી ત્રિકભુવનમાં આવેતો તે મનુષ્યને પુત્ર પ્રાપ્તિ થવામાં વાંધો આવેછે.

---

૧ માણસોમાં પ્રતિષ્ઠાવાળો. ૨ જુઓ પાને ૫૮ ટીપ.

૬. લગ્ન, પંચમ, અને નવમ એ ભાવના સ્વામી શુભ ગ્રહ સહિત ત્રિકમાં આ-વેતો થોડી મુદત વિત્યાપછી સંતાનની ઉત્પત્તિ થાયછે.

૭. પાંચમા ભાવમાં કર્ક રાશી હોય અને તે રાશીમાં ચંદ્ર આવેલ હોય તો તે માણુસને પુત્રીની પ્રાપ્તિ પુત્રની સંખ્યા કરતાં વધારે થાયછે.

૮. ગુરૂ લગ્ને હોય અને પાંચમે ભાવે ક્રૂર ગ્રહ હોય તો સંતાન થવામાં પ્રતિબંધ કર્ત્તા થાયછે, અને પાંચમે ભાવે ધન અથવા મીન રાશિ આવે તોપણ પ્રતિબંધ થાયછે.

૯. શની પોતાની રાશી કરતાં પાંચમી રાશીમાં આવે તો એકજ પુત્ર થાય.

૧૦. પાંચમા ભાવમાં કુંભ રાશીનો શની આવે તો પાંચ પુત્ર થાયછે, મકર રાશીનો શની પાંચમે આવે તો ત્રણ પુત્રી થાયછે, અને મંગળ મકર રાશીનો પાંચમે પડેલ હોય તોપણ ત્રણ પુત્રીની પ્રાપ્તી કરાવેછે—કદાચ બુધ, શુક્ર કે ચંદ્ર પાંચમે ભાવે હોય તો કેવળ પુત્રીનીજ પેદાસી કરાવેછે, અને એકલો ગુરૂ પાંચમે ભાવે હોય તો પાંચ પુત્રની પેદાશ કરાવેછે;

૧૧. પાંચમા ભાવમાં મેષ, વૃષભ, કર્ક એમાંની ચાયતે એક રાશી હોય, અને તેમાં કેતુ અથવા રાહુ આવે તો સંતાનની પ્રાપ્તિ થવામાં જરા પણુ વિલંબ થતો નથી.

૧૨. પાપગ્રહ અથવા ગુરૂ ચોથે ભાવે હોય અને પાંચમે ભાવે યાતો આઠમે ભાવે ચંદ્ર હોય તો ૩૦ વર્ષ લગણુ સંતાન થવામાં પ્રતિબંધ થાયછે, અને જેટલા પાપ-ગ્રહો પાંચમે ભાવે આવેલા હોય અને તેપર શુભ ગ્રહની દૃષ્ટિ ના હોય ત્યારે પાંચમા ભાવમાં રહેલ પાપગ્રહની મહાદશા અથવા અંતર્દશામાં સંતાન તરફની અડચણુ વેઠવી પડેછે.

છઠ્ઠા ભાવવિષે.

૧. છઠ્ઠા ભાવનો સ્વામી ક્રૂર ગ્રહની સાથે આઠમે અગર બારમે ભાવે આવે તો તે મનુષ્યના શરીરમાં શસ્ત્રાદિકના ઘાવ થાય.

૨. છઠ્ઠા ભાવનો સ્વામી સૂર્ય હોય અને છઠ્ઠે અથવા આઠમે ભાવે આવે તો મસ્તક ઉપર ઘાવ થાય. ચંદ્ર હોયતો મુખ ઉપર, મંગળ હોયતો કંઠમાં, બુધ હોયતો છાતીમાં, ગુરૂ હોયતો નાભિ પ્રદેશમાં, શુક્ર હોયતો આંખની બાજુ અથવા પીઠમાં અને શની છઠ્ઠા ભાવનો સ્વામી થઇ પેહેલે ભાવે અગર આઠમે ભાવે આવે તો પગમાં ઘાવ થાયછે.

૩ લગ્નનો સ્વામી મંગળ કે બુધની રાશીમાં આવેલો હોય, અને તેને મંગળ તથા બુધ જોતા હોય તો નેત્રમાં રોગ પેદા થાયછે.

૪. છઠ્ઠા ભાવનો સ્વામી લગ્નમાં આવેતો શત્રુનો નાશ થાયછે, ધનભાવમાં આ-વેતો તેની મિલકત પોતાના પુત્રવડે હરી લેવાયછે, અને તે સ્વભાવે દુષ્ટ થાયછે, અને ત્રીજા ભાવમાં આવેતો સાજા ગામને પીડા કરનાર કુળમાં કંટકરૂપ થાયછે.

૫. પેહેલો ભાવ, તથા આઠમા ભાવનો સ્વામી છઠ્ઠે ભાવે આવે તો મનુષ્યના ડાબાનેત્રમાં રોગ પેદા કરેછે, શુક્ર છઠ્ઠે અગર આઠમે ભાવે આવે તો દક્ષિણુનેત્રમાં રોગ ઉત્પન થાયછે, અને શની છઠ્ઠે ભાવે આવેતો પગમાં રોગ થાયછે.

૬. રાહુ અગર કેતુ છઠ્ઠે ભાવે આવેલા હોયતો દાંતમાં અથવા ઓષ્ટમાં રોગ થાય લગ્નનો સ્વામી મંગળ અથવા બુધની રાશીમાં આવે અને પોતાના શત્રુ ગ્રહથી સંપૂર્ણ જોવાય તો ભગંદર રોગ પેદા કરેછે. મંગળ અને શની છઠ્ઠે ભાવે આવે તો રૂધિર વિકાર અથવા બીજો કોઈ રોગ થાયછે. પાપ ગ્રહસહિત ચંદ્ર છઠ્ઠે ભાવે આવે તોપણ તેનું શરીર રોગી થાયછે. તેમજ ચંદ્ર લગ્ને આવે અને તેની સાથે પાપગ્રહ હોય યાતો તેને જોતા હોય તોપણ તેનું શરીર વ્યાધિથી પીડાયછે. અને કોઇ પણ પાપગ્રહ કેંદ્રમાં આવેલો હોય ને તેની સાથે શુભ ગ્રહ નાહોય તથા તેને દેખે પણ નહિ, ત્યારે પણ ઉપર પ્રમાણે ફલ થાયછે.

૭. છઠ્ઠા ભાવના સ્વામી પુરૂષ[1] રાશીમાં અથવા પોતાની ઉચ્ચની રાશીમાં આવે તો વૈરીસંબંધી ચિંતા અંતઃકરણમાં રખાવેછે. અને રાહુ અથવા સૂર્યસહિત છઠ્ઠા ભાવનો સ્વામી બારમે ભાવે આવે તો છોકરાંને વેંચી આજીવિકા ચલાવનાર થાયછે.

સાતમા ભાવવિષે.

૧. જેટલા ગ્રહો સાતમા ભાવમાં હોય અને તેને સાતમા ભુવનનો સ્વામી દેખતો હોય તો સાતમા ઘરમાં રહેલ ગ્રહના પ્રમાણ જેટલી સ્ત્રીઓ થાયછે.

૨. શુભ ગ્રહ સાતમા ભાવમાં આવેલા હોય, અથવા સાતમા ભાવને જોતા હોય, ને સાતમા ભાવનો સ્વામી, તથા ધનભાવનો સ્વામી ધન ભાવમાંજ હોય ત્યારે એક કરતાં વધારે સ્ત્રી થતી નથી.

૩. સાતમા ભાવનો સ્વામી અગર બીજા ભાવનો સ્વામી શુક્રની સાથે હોય અને તેની સાથે જેટલા ગ્રહ હોય. અથવા તેને જેટલા ગ્રહ દેખતા હોય તેટલી સ્ત્રીની સંખ્યાનું મરણ નીપજાવેછે.

૪. સૂર્ય લગ્નમાં હોય અને શની સાતમે હોય અથવા સૂર્ય તથા શની સાતમે હોય, અને ગુરૂની દૃષ્ટિ વિનાનો ચંદ્ર દશમે ભાવે હોય, અગર છઠ્ઠા ભાવનો સ્વામી તથા સૂર્ય અને શની તે સર્વે છઠ્ઠે ભાવે આવેલા હોય; અને બુધથી જોવાએલ ચંદ્ર સાતમે ભાવે હોય યાતો મંગલ તથા શની છઠ્ઠે ભાવે કે ચોથે ભાવે આવેલા હોય તો તેની સ્ત્રીને સંતતિ થવામાં વાંધો આવેછે.

આઠમા ભાવવિષે.

૧. શુક્ર, ગુરૂ અને બુધ આઠમે ભાવે આવે અગર સ્થિર[2] રાશીમાં આવે તો માણુસ ઘણો દુખીઓ થાય.

૨. આઠમા ભાવનો સ્વામી અગીઆરમે ભાવે જન્મગ્રહમાં રહેલ હોય તો બાલ્યાવસ્થામાં દુઃખી રાખેછે. અને પછીથી સુખી કરેછે.

૩. આઠમા ભાવનો સ્વામી ક્રૂર ગ્રહ હોય અને અગીઆરમે ભાવે આવેલ હોય તો અલ્પાયુ થાયછે; પણ જો તેની સાથે શુભ ગ્રહ પડેલા હોય તો દીર્ઘાયુષ્ય[3] થાયછે.

---

૧ મિથુન, કન્યા, તુળા, અને કુંભ. ૨ વૃષભ, સિંહ, વૃશ્ચિક અને કુંભ. ૩ વર્ષ ૬૪ કરતાં વધારે.

૪. આઠમા ભાવનો સ્વામી ક્રૂર ગ્રહસહિત છઠ્ઠે અથવા તો બારમે ભાવે રહેલ હોય ત્યારે અલ્પાયુ[1] થાયછે. અને આઠમા ભાવનો સ્વામી લગ્નના સ્વામી સહિત છઠ્ઠે અથવા બારમે ભાવે આવે તોપણ અલ્પાયુ થાયછે ને આઠમા ભાવનો સ્વામી આઠમેજ ભાવે આવેલ હોય અથવા એકલો શની આઠમે ભાવે આવેલ હોય તોપણ દીર્ઘાયુષ્ય થાયછે.

૫. આઠમા ભાવનો તથા બારમા ભાવનો સ્વામી ધનભાવમાં આવે ત્યારે માણુસ ચોરી કરનાર અને દુશ્મનોની બીકવાળો થાયછે.

૬. જન્મગ્રહમાં આઠમા ભાવનો સ્વામી આઠમે અને પેહેલા ભાવનો સ્વામી છઠ્ઠે ભાવે હોય તથા તે બન્ને નિર્બળ હોય ત્યારે પુરૂષનું મૃત્યુ લડાઈમાં નીપજાવે છે. અને તેઓ સપ્તકવર્ગ વગેરેમાં બલવાન થયા હોય તો લડાઇમાં મરણ ન થતાં ફતેહ મેળવેછે.

નવમા ભાવવિષે.

૧. ચોથા ભાવનો સ્વામી ગુરૂની દ્રષ્ટિવાળો થઇ લગ્નમાં રહે તો માણુસ રાજપૂજ્ય થાય છે. અને નવમાનો સ્વામી પેહેલે ભાવે આવે તથા ચોથા ભાવનો સ્વામી ચોથા ભાવને પૂર્ણ દૃષ્ટિથી જુએ, અને નવમાનો સ્વામી નવમા ભાવને પૂર્ણ જુએ તો મનુષ્ય પૂર્ણ ભાગ્યશાલી થાયછે.

૨. ચોથા ભાવનો સ્વામી આઠમે ભાવે આવે ત્યારે મંદ નશીબ થાયછે.

૩. નવમા ભાવનો સ્વામી અગીઆરમે ભાવે આવે ત્યારે રાજ્યકુળમાં માન્ય અને લાંબાં આયુષ્યવાળો થાય.

૪. પેહેલા તથા બીજા ભાવનો અને ચોથા ભાવનો સ્વામી એ ત્રણે પોતપોતાના ભાવમાં હોય અને નવમાનો સ્વામી પેહેલે ભાવે હોય તો રાજ્યકુળમાં મોટે હુદ્દે નીમાય.

૫. જન્મ કુંડલીમાં મંગળ નવમે ભાવે હોય તો ગીરાસ સંબંધી ચિંતા રખાવે છે. અને ત્રિક ભુવનમાં હોય તો સુખ મેળવવાની ચિંતા રખાવેછે. ગુરૂત્રિકમાં હોય તો વાહનો મળવાની, ચંદ્ર અથવા શુક્ર ત્રિકમાં હોય તો છત્ર ચામર વગેરે મળવાની, ગુરૂ સાતમે ભાવે હોય તો પુત્ર પ્રાપ્તિ થવાની, બુધ પાંચમે ભાવે હોય તો વિદ્યા મેળવવાની, સૂર્ય ત્રિકમાં હોય તો પોતાના કુટબની, શુક્ર પાંચમે સાતમે કે નવમે ભાવે હોય તો યાત્રા કરવાની અને ગુરૂ નવમે ભાવે હોય તો પોતાની પ્રજાની ચિંતા રખાવેછે.

દશમા ભાવવિષે.

૧. દશમા ભાવનો સ્વામી બળહીન હોય તો પોતાના કર્મની નબળાઈ અને બળવાન હોય તો પોતાના કર્મની મજબૂતાઇ થાયછે.

૨. દશમા ભાવનો સ્વામી શુભગ્રહ સહિત પોતાનાજ ભાવમાં હોય ત્યારે તે મનુષ્ય રાજ્યપુજ્ય તથા અભિમાની થાયછે.

---

૧ વર્ષે ૩૨ ની અંદર.

૩. જન્મકુંડલીમાં પેહેલા, આઠમા અને દશમા ભાવના સ્વામી અગીઆરમે ભાવે, કેંદ્રમા અથવા ત્રિકોણમાં[1] આવેલા હોયતો દીર્ઘાયુવાળો માણસ થાય.

૪. પાપગ્રહો પણ ક્રૂર[2] સ્થાનકે ત્રીજે ભાવે યાતો ચોથે ભાવે આવે તો મધ્યાયુ* થાય.

૫. પાપગ્રહો આપોકલીમ[3] ભાવે આવે ત્યારે અલ્પાયુ થાયછે.

૬. લગ્નનો સ્વામી, દશમા ભાવનો સ્વામી અને શની આઠમે ભાવે આવે તો એ ત્રણમાંથી જેનું બળ ન્યૂન હોય તેની મહાદશામાં મરણનો ભય રહેછે.

૭. આઠમા, દશમા અને પાંચમા ભાવના સ્વામી પોતપોતાને ભાવે આવે ત્યારે તેમાંથી જે બળવાન ગ્રહ હોય તેની મહાદશામાં માણસની બુદ્ધિ ધર્મના કામમાં વધારે આશક્ત થાયછે.

૮. ચોથા ભાવનો સ્વામી છઠ્ઠા ભાવમાં આવેલો હોય અને તે સાથે શની હોય તો વાહનો પરથી પડતાં તેનું મોત થાયછે. ચોથા ભાવનો સ્વામી છઠ્ઠા ભાવમાં રાહુની સાથે હોય તો ચોરોના હાથથી મોત થાયછે, અને તે સાથે કેતુ હોય તો શસ્રાદિકથી મોત થાયછે.

અગીઆરમા ભાવવિષે.

૧. અગીઆરમા ભાવનો સ્વામી ત્રિક ભુવન સિવાય ગમે ત્યાં હોય તો તેનું ફળ સારૂં કહેવાયછે.

બારમા ભાવવિષે.

૧. બારમા ભાવનો સ્વામી લગ્નમાં આવેલ હોય તો માણસ મધુર વચન બોલનાર થાય, પોતાની રાશીમાંજ હોય ત્યારે લોભી તથા આબરૂદાર થાય. અને નવમા ભાવમાં રહે તો તેનો પૈસો તીર્થક્ષેત્રમાં વપરાય, પણ નવમા ભાવમાં તેની સાથે પાપ ગ્રહ આવી પડે ત્યારે તો અત્યંત દુષ્ટ અને મિલકતને કુમાર્ગે વાપરનાર થાયછે.

જાતકાલંકાર પ્રમાણે વિશેષ યોગો.

૧. જન્મની રાશીનો[4] સ્વામી બલહીન થઈ નવમે અથવા પાંચમે ભાવે આવે તો માણસ ક્રોધી થાયછે.

૨. જન્મની રાશીનો સ્વામી લગ્નના પતિ સાથે ત્રિકમાં આવેલ હોય તો તે મનુષ્ય દુર્બળ થાય.

૩. છઠ્ઠા, આઠમા અને નવમા ભાવના સ્વામી ક્રૂર ગ્રહની દૃષ્ટિ સહિત જન્મ ગ્રહમાં ગમે ત્યાં પડેલા હોય તો તેની સ્ત્રી વ્યભિચારિણી થાય.

---

૧ નવમું તથા પાંચમું ભુવન. ૨ બીજો, પાંચમો, આઠમો અને અગીઆરમો ભાવ. * ૩૨ વર્ષથી તે ૬૪ વર્ષ સુધી. ૩ ત્રીજો, ચોથો, નવમો અને બારમો ભાવ. ૪ ચંદ્ર.

૪. જન્મગ્રહમાં છઠ્ઠા તથા આઠમા ભાવના સ્વામી મંગળ તથા ચંદ્રસહિત ચોથા ભાવમાં આવેલા જણાય. અથવા તો છઠ્ઠા ભાવનો તથા નવમા ભાવનો સ્વામી એ બન્ને ક્રૂરગ્રહ સહિત જન્મગ્રહના ચક્રમાં ગમે ત્યાં આવેલા હોય તો તે સકસ પરપુરૂષથી પેદા થયોછે એમ સમજવું.

૫. છઠ્ઠા ભાવનો તથા નવમા ભાવનો સ્વામી શનીસાથે હોય તો શૂદ્રથી, બુધનીસાથે હોય તો વૈશ્યથી, સૂર્યની સાથે હોય તો ક્ષત્રીથી અને છઠ્ઠા તથા નવમા ભાવનો સ્વામી ગુરૂ ને શુક્રથી જોડાયલા હોય તો બ્રાહ્મણથી પેદા થયોછે, એમ જાણવું.

૬. ગુરૂ તથા શુક્ર પાપગ્રહની સાથે ધન ભાવે, છઠ્ઠે ભાવે અગર સાતમે ભાવે હોય તો તે પુરૂષ પરસ્ત્રીમાં લંપટ થાય. અને છઠ્ઠા તથા દશમા ભાવનો સ્વામી દશમે ભાવે જોવામાં આવે તો તેવા ગ્રહવાળાનો પિતા પરસ્ત્રીમાં લંપટ થાય.

૭. લગ્નનો સ્વામી ક્રૂરગ્રહ સહિત બીજે ભાવે આવેલ હોય તો તેનો પિતા સજ્જનની સ્ત્રીમાં આશક્ત થઇ રહેછે.

૮. બીજા, છઠ્ઠા અને સાતમા ભાવના સ્વામી ક્રૂરગ્રહની સાથે જેના ગ્રહમાં બીજા ભાવમાં આવેલા માલમ પડે તે મનુષ્ય દુરાચારી થાયછે.

૯. ત્રીજા, ચોથા, સાતમા અને દશમા ભાવના સ્વામી લગ્નના પતિ સહિત જન્મ કુંડલીમાં ગમે ત્યાં આવેલા હોય તો પણ એવાયોગ વાળો અન્ય પુરૂષથી પેદા થયોછે, એમ જાણવું.

૧૦. પેહેલા ભાવનો સ્વામી તથા ચંદ્ર અથવા મંગળ ને ચંદ્ર રાહુ અગર કેતુથી જન્મગ્રહમાં જોડાયલા માલમ પડે તો નક્કી જાણવું કે એવો યોગ ધોળો કોઢ નીપજાવેછે. તેમ મંગળ તથા શની સહિત સૂર્ય જન્મગ્રહમાં ગમે ત્યાં હોય તોપણ એક જાતનો કોઢ પેદા કરેછે, અને લગ્નનો સ્વામી સૂર્ય સહિત ત્રિકભુવનમાં આવે ત્યારે પણ તાપગંડ નામનો એક રોગ વિશેષ થાયછે.

૧૧. લગ્નનો સ્વામી ચંદ્રની સાથે ત્રિકમાં આવે તો દાદરનો વિકાર થાયછે મંગળની સાથે ત્રિકમાં આવે તો શસ્ત્ર ગ્રંથિ[1] વ્યાધિ થાયછે, બુધની સાથે ત્રિકમાં આવે તો પિત્તનો રોગ, ગુરૂની સાથે ત્રિકમાં આવે તો આમનો રોગ, શુક્રની સાથે ત્રિકમાં આવે તો ક્ષયરોગ અને રાહુ અગર કેતુની સાથે ત્રિકમાં આવે તો મહારોગ શરીરની હાનિ કર્તા થાયછે.

૧૨. મંગળ તથા શનીસહિત ચંદ્ર મેષરાશી કે વૃષભ રાશીમાં આવે તો મનુષ્યોને ધોળો કોઢ પેદા થાયછે. તેમજ ચંદ્ર મંગળ શુક્ર તથા શની કર્ક, વૃશ્ચિક અથવા મીનરાશીમાં જેના ગ્રહમાં આવેલા જણાય તે પુરૂષને રાતો કોઢ થાયછે, અને ગુરૂ, શુક્ર અગર છઠ્ઠા ભાવનો સ્વામી લગ્ને હોય ને તેને ક્રૂર ગ્રહ જોતા હોય તો સોજી થાયછે.

---

૧. હથીઆર લાગવાથી શરીરમાં બંધાતા ગાંઠા.

૧૩. કર્ક, વૃશ્ચિક અને મીન રાશીમાં ક્રૂર ગ્રહ આવેલા જણાય ત્યારે અનિર્વચનીય રોગો તેના શરીરમાં હમેશાં રહ્યા કરેછે, ગુરૂ એકલો બારમે ભાવે હોય તો ગુહ્ય[1] રોગ નીપજાવેછે; અને મંગળ તથા શની છઠ્ઠે અગર બારમે ભાવે રહેલા હોય તો શરીરમાં શસ્ત્રાદિકના પ્રહારોનેલીધે તેના ઘાવની નીશાનીઓ જારી રહે.

૧૪. ચંદ્ર તથા શની ક્રૂર ગ્રહસહિત મેષ, વૃશ્ચિક, મકર અથવા મીન રાશીમાં આવે, તેમ નહીં તો નવમા ભાવમાં આવે તો તે યોગ માણસને લંગડા કરેછે, અને ચંદ્ર તથા શની લગ્ને રહેલા હોય ને તેને મંગળ પૂર્ણ દ્રષ્ટીથી જોતો હોય તો માણસ મંદ બુદ્ધિનો થાય; તેમજ સૂર્ય તથા ચંદ્રની વચ્ચે મંગળ જન્મ ગ્રહમાં આવેલો માલમ પડે તોપણ મંદ બુદ્ધિનો થાયછે.

૧૫. ચંદ્રમા લગ્ને હોય અને બુધથી પૂર્ણ જોવાએલ બળવાન શની દશમે ભાવે હોય તો માણસ બુદ્ધિવાન થાયછે. પણ મંગળની સાથે લગ્નમાં આવેલ ચંદ્રને બુધ પૂર્ણ જુએ અથવા તો લગ્નના સ્વામી તથા ચંદ્રને ક્રૂર ગ્રહ જોતા હોય તો તેપ્રમાણે થતું નથી.

૧૬. બુધ લગ્ને હોય અને કેવળ ક્રૂર ગ્રહની દ્રષ્ટીવાળા રવી તથા શની એકરાશીમાં અગર ચક્રના એકજ ભાગમાં[2] આવેલા માલમ પડે તો એ યોગ પણ મંદ બુદ્ધિનો ભાવ સૂચવેછે. અને છઠ્ઠા ભાવનો સ્વામી સૂર્ય હોય તે ક્રૂર ગ્રહની સાથે આવે તો હ્રદયમાં રોગ થાયછે. અને છઠ્ઠા ભાવનો સ્વામી ગુરૂ અથવા શની હોય તે ક્રૂર ગ્રહસહિત ચોથા ભાવમાં આવે તો કૃષ્ણપિત્ત[3] નામનું દરદ હ્રદયમાં થાય.

૧૭. મંગળ, ગુરૂ અને શની એ ત્રણ ગ્રહ ચોથા ભાવમાં આવેલા હોય તો તે માણસ કલેજાના રોગથી પીડા પામે, અને મંગળ ચોથે, સૂર્ય, બુધ તથા રાહુ પાંચમે અને શની આઠમે ભાવે હોય તો તે માણસને રોગનેલીધે અત્યંત દુઃખ વેઠવું પડેછે.

૧૮. પોતાની રાશીમાં આવેલ મંગળ લગ્નને દેખે અથવા તો રાત્રીનો જન્મ થાય ને શની દશમે આવે તો તે માણસ બીકણ થાયછે. અને મંગળ પેહેલે ભાવે આવે તો કુટુંબમાં કંકાસ નીપજાવેછે. પણ નીર્બળ મંગળ સાતમે ભાવે આવે તો શરીર મજબૂત, તિક્ષ્ણ સ્વભાવ અને લડાઈમાં પ્રીતિ થાયછે.

૧૯. મંગળ તથા બુધ જન્મગ્રહ ચક્રમાં સાંમસામા સાત ભાવને અંતરે આવે તો તે માણસ કદમાં વધારે ઉંચો થાય. સૂર્ય, મંગળ અને શની એ ત્રણે ચંદ્રને પૂર્ણ દ્રષ્ટિથી દેખે તો શીતળ સ્વભાવનો (મૂર્ખ) થાય. ક્ષીણ ચંદ્ર મંગળ સહિત ગમે તે ભાવે પડ્યો હોય તો દુષ્ટ થાય, અને લગ્નમાં બુધ તથા સાતમા ભાવમાં ગુરૂ આવેલા હોય તો તે મનુષ્ય પોતાનો અમૂલ્ય વખત હાસ્ય વગેરે વિનોદમાં ગાળે.

૨૦. મંગળ તથા બુધ શનીની રાશીમાં આવે અને તેને સૂર્ય જુવે અથવા મંગળ સહીત બુદ્ધ શુભગ્રહની રાશીમાં આવે ત્યારે તે પુરૂષ રાજમંડળ તથા સભાસ-

---

૧ ગુદાનો રોગ અથવા તો વૈદને પણ જાણવામાં ન આવે તેવો રોગ. ૨ પેલા ભાવથી કરી છઠ્ઠા ભાવ સુધી ચક્રનો પેહેલો ભાગ અથવા પૂર્વાર્ધ કહેવાયછે અને બાકીનો ઉત્તરાર્ધ કહેવાયછે. ૩ એક જાતનું દરદ.

હોને રીઝવવામાં પ્રવીણ થાયછે. ચંદ્ર ત્રિકમાં આવેલો માલમ પડે તો વિસ્મયવાળો[1] માણસ થાય. અને ચંદ્ર, મંગળ, તથા બુધ એઓને બળવાન ગ્રહો દેખતા હોયતો ઘણી યાદાસ્તવાળો[2] થાયછે.

૨૧. શુક્ર તથા બુધ સાતમે આઠમે કે દશમે ભાવે હોય, અથવા શુક્ર તથા મંગળ ચોથે સાતમે કે દશમે ભાવે હોય અગર ચંદ્રથી દશમે અને શનીથી ચોથે શુક્ર હોય તેમ નહીં તો શુક્ર પોતાની રાશીમાં રહેલ હોય અને બુધ શુક્ર તથા શની સાતમે ભાવે કે દશમે ભાવે આવે ત્યારે તે માણસ વ્યભિચારી થાયછે.

૨૨. ચંદ્રથી અગર શુક્રથી શની આગળના ભાવમાં આવે અને સૂર્ય તથા ચંદ્ર લગ્નમાં આવેલા હોય ને શનીને જોતા હોય તો તે યોગ માણસને અપકીર્તિનું પાત્ર કરેછે, અને સૂર્ય સહિત શની લગ્નમાં આવે, તથા ચંદ્રને શુક્ર તેને દેખતા હોય તો મનુષ્ય નપુંસક થાયછે.[3]

૨૩ શુક્રવક્ર[4] ગ્રહની રાશીમાં આવે તો તે યોગવાળો માણસ સ્ત્રીઓને સંતોષ-પમાડનાર થાય, પણ પેહેલા ભાવનો સ્વામી પોતાનાજ ભાવમાં રહી સાતમા ભાવમાં આવેલ શુક્રને જુવેતો તે પ્રમાણે થતું નથી.

૨૪. શની મકર રાશીમાં આવે તો માણસ થોડું બોલનાર થાય, ચંદ્ર અથવા છઠ્ઠા ભાવનો સ્વામી ક્રૂરગ્રહની સાથે ચક્રના ઉત્તરાર્ધમાં આવે તો આંખ ઉપર કાંઇક નિશાની થાય, અને દશમે ભાવે રહેલ ક્ષીણ ચંદ્રને શુક્ર દેખતો ન હોય પણ શની દેખતો હોય અને સાતમે તથા દશમે ભાવે રહેલ ક્રૂર ગ્રહ મજકુર ચંદ્રને જોતા હોય તો નાજુક આંખવાળો માણસ થાય.

૨૫. લગ્નમાં આવેલ ચંદ્ર અથવા મંગળને ગુરૂ તથા શુક્ર જુવે તો તે મનુષ્ય કાણો થાયછે, જન્મ સમયે મંગળ અસ્ત થવાની તૈયારીમાં પંચાંગ તપાસતાં માલમ પડે તો મનુષ્યની આંખ કાંતિ વગરની થાયછે, અને શુક્ર લગ્ને અથવા આઠમે ભાવે હોય, તેને ક્રૂરગ્રહ જોતા હોય તો આંખમાં વારંવાર આંસુ આવ્યાથી પીડા જારી રહેછે.

૨૬. ચોથા ભાવમાં રહેલ શની પૃષ્ઠોદય[5] રાશીમાં આવેલ ચંદ્રને જુએ ને લગ્નનો સ્વામી મેષ રાશીમાં હોય તો મનુષ્ય ઠીગણો થાયછે. અને જલચર[6] રાશીમાં આવેલ ચંદ્ર બીજા ભાવમાં હોય અથવા ચંદ્ર અને શની, બન્ને સાથે હોય અગર સૂર્ય લગ્નમાં આવેલ હોય તો તે માણસને દાદરનો વિકાર પેદા થાયછે.

૨૭. ચંદ્ર છઠ્ઠા ભાવનો સ્વામી થઇ કેવળ ક્રૂર ગ્રહથી જોવાતો હોય, અથવા લગ્નનો પતિ કે સાતમા ભાવનો પતિ થઇ ક્રૂર ગ્રહથી જોવાતો હોય તો તેવા માણસો પ્રમેય[7] રોગથી પીડા પામેછે, તેમજ શની પેહેલે ભાવે આવે તોપણ તેજ રોગ થાયછે. અને એકલો શની ચોથે ભાવે આવે ને તેને પાપગ્રહ જુએ તો તે માણસ આંધળો થાય.

---

૧ ભૂલકણો. ૨ ધારણા શક્તિવાળો. ૩ આ યોગ ગ્રહણ વખતે જન્મ થયો હોય તોજ મળશે. ૪ પંચાંગમાં તપાસી જોવું. ૫ જુઓ ૫૮ પાને ટીપ. ૬ કર્ક, મકર, મીન. ૭ પરમાનો રોગ.

૨૮. પાપ ગ્રહો કેંદ્રમાં આવે અથવા સૂર્ય તથા ચંદ્ર એકજ કેંદ્રમાં આવે તો શરીરમાં કાંઈ ખામી થાય. તેમજ ગુરૂ સહિત શુક્ર ચોથો ભાવે આવે, અથવા ગુરૂ સહિત મંગળ, બુધ કે શની ગમે તે એક ભાવમાં આવે તોપણ શરીરના કોઈ ભાગમાં ખામી થાયછે, અને લગ્નમાં રહેલ શુક્રને શની જુએ તો કેડમાં વાયુનો વિકાર થાયછે.

૨૯. આઠમા તથા નવમા ભાવના સ્વામી ક્રૂરગ્રહ સહિત હોય અને ક્રૂરગ્રહથી ચોથે ભાવે આવે, અથવા મંગળ, શની તથા રાહુ છઠ્ઠે ભાવે આવે અગર સૂર્ય, મંગળ અને શની સદરહુ ભાવે હોય, યાતો ક્રૂર ગ્રહની દૃષ્ટિવાળા શની તથા છઠ્ઠા ભાવનો સ્વામી એ બન્ને બારમે ભાવે હોય તો માણુસ પાંગળો થાય, અને સૂર્ય, ચંદ્ર તથા શની છઠ્ઠે અથવા આઠમે ભાવે હોય તો હાથમાં વેદના ઉપજાવેછે.

૩૦. સિંહ રાશીમાં આવેલ ચંદ્ર પોતાથી સાતમે ભાવે આવેલ મંગળને જુએ, અથવા કર્ક રાશીનો સૂર્ય પોતાથી સાતમે રહેલ મંગળને જુએ તો તે માણુસ કાણો થાયછે.

૩૧. શુક્રની રાશીથી છઠ્ઠે અગર બારમે શની હોય ત્યારે તે માણુસ રૂપે નપુંસક જેવો લાગે પણ તેવો હોય નહીં. અને શની તથા શુક્ર એ બન્ને ગ્રહ દશમે ભાવે આવે અથવા નવમા ભાવનો સ્વામી મેષ, સિંહ, કે વૃશ્ચિક રાશીમાં હોય અને સૂર્ય તથા ચંદ્ર ઓજ[1] રાશીમાં રહી પરસ્પર દેખતા હોય, અગર બુધ તથા શનીઓજ રાશીમાં રહી પરસ્પર દેખતા હોય અથવા સમ[2] રાશીમાં આવેલ સૂર્યને વિષમ[3] રાશીમાં રહેલ મંગળ જોતો હોય, તેમ મંગળને સૂર્ય પણ જોતો હોય, અથવા વિષમ રાશીનું લગ્ન, તથા વિષમ રાશીનો ચંદ્ર એ બન્ને સમરાશીમાં રહેલ મંગળને જુએ, અથવા ચંદ્ર તથા બુધ ક્રમથી વિષમ રાશીમાં આવેલા હોય અને તેને મંગળ જોતો હોય, અથવા તો લગ્ન, ચંદ્ર અને શુક્ર પુરૂષ રાશીમાં હોય તો તે યોગવાળો માણુસ નપુંસક થાયછે.

૩૨. મંગળની સાથે શુક્ર આઠમા ભાવમાં આવે તો વાયુના વિકારથી વિદ્રાવળ થાય, અને મેષ કે વૃશ્ચિક રાશીમાં આવે તો વિદેશનું પાણી લાગવાથી વિદ્રાવળ થાય, તેમજ ચંદ્ર અને શુક્ર મંગળની રાશીમાં આવે, અને તેને ગુરૂ તથા શની જુએ તો પાણી તથા રૂધિરના વિકારથી વિદ્રાવળ થાયછે.

૩૩. મેષ, વૃષભ કે ધનલગ્ન આવે ને તેને ક્રૂરગ્રહ જુએ તો દાંતમાં રોગ થાય અને ક્રૂરગ્રહ સહિત વૃષભ અગર ધનલગ્ન હોયતો તેના માથામાં તાલ પડેછે.

૩૪ ક્રૂરગ્રહ બીજે, પાંચમે, નવમે અથવા બારમે ભાવે આવેલા હોય અગર મેષ, વૃષભ કે ધનલગ્નમાં ક્રૂર ગ્રહ હોય ત્યારે તે યોગ માણુસોને કેદખાનામાં દાખલ કરાવેછે.

---

૧ મેષ, મિથુન, સિંહ, તુળા, ધન અને કુંભ. ૨ વૃષ, કર્ક, કન્યા, વૃશ્ચિક, મકર ને મીન. ૩ ઓજ રાશી પ્રમાણે.

૩૫. જન્મગ્રહમાં શુક્ર મકર કે કુંભરાશીમાં આવે, અથવા છઠ્ઠા ભાવનો સ્વામી મિથુન કન્યા કે મકર રાશીમાં આવે, અગર મિથુન કે કન્યા રાશીનો શુક્ર બુધ સાથે કેંદ્રમાં હોય, અથવા તો શુક્ર અને શની ત્ર્યંશાંશ કુંડલીમાં પોતાની રાશીમાં આવેલા હોય, અગર મેષરાશી લગ્ને હોય ને તે સાથે ચંદ્ર આવે તો તે યોગો માણસોના શરીરમાંથી દુર્ગંધ પેદા કરેછે.

જાતકાલંકારપ્રમાણે આયુષ્યના વિચાર.

૧. જેના જન્મ ગ્રહમાં લગ્નનો સ્વામી બલવાન હોય, અને તેને કેંદ્રમાં આવેલા શુભ ગ્રહો દેખતા હોય,[1] અથવા ધન લગ્ન પંદર અંશ કરતાં વધારે હોય, બુધ ૨૪ અંશે વૃષભ રાશીમાં હોય અને બીજા સર્વે ગ્રહો ઉચ્ચના હોય અગર ગુરૂ તથા શુક્ર કેંદ્રમાં આવેલા માલમ પડે અને ચંદ્ર અગીઆરમે હોય, અથવા નવમાંશ કુંડલીમાં ક્રૂર ગ્રહો—શુભ ગ્રહોની રાશીમાં હોય, તથા જન્મ કુંડલીમાં તેજ ગ્રહો ત્રીજે, છઠ્ઠે, દશમે કે અગીઆરમે ભાવે રહેલા જણાય અને યુતિમાં[2] પરાભવ પામેલા શુભ ગ્રહો કેંદ્રમાં હોય;[3] અથવા લગ્નનો સ્વામી તથા ગુરૂ કેંદ્રમાં હોય, અને ક્રૂર ગ્રહો ત્રિકોણ અષ્ટમ કે કેંદ્ર શિવાય બીજે ગમે તે ભાવે હોય; અગર બધા ગ્રહો પાંચમે કે નવમે ભાવે આવેલા હોય, યાતો પાપગ્રહો ક્રૂર ગ્રહોની રાશીમાં હોય, અને શુભ ગ્રહો સૌમ્ય[4] ગ્રહોની રાશીમાં આવે તથા લગ્નનો સ્વામી બળવાન હોય, અથવા તો સર્વે ગ્રહો ત્રીજે, ચોથે કે આઠમે ભાવે આવેલા જણાય તો દિર્ઘાયુષ્ય થાયછે.[5]

૨. લગ્નથી અથવા ચંદ્રથી કોઈ પણ ગ્રહ આઠમે ભાવે ન આવે, અને ગુરૂ તથા શુક્ર બળવાન હોય તો ૧૨૦ વર્ષનું આયુષ્ય થાયછે.

૩ ગુરૂ તથા શુક્ર કેંદ્રમાં આવેલા માલમ પડે, અથવા ગુરૂ કર્ક રાશીમાં આવે, અને શુક્ર કેંદ્રમાં આવે, અગર શની લગ્નમાં કે નવમા ભાવમાં હોય અને ચંદ્ર નવમા કે બારમા ભાવમાં હોય, અથવા પાંચમા ભાવમાં, કેંદ્રમાં તથા નવમા ભાવમાં ક્રૂર ગ્રહ ના હોય, લગ્ન ધનકે મીન રાશીનું હોય, ગુરૂ વા શુક્ર કેંદ્રમાં આવેલા જણાય અને નવમા ભાવને તથા આઠમા ભાવને શુભ ગ્રહો દેખતા હોય, અગર શુક્ર મીન લગ્નમાં આવે અને શુભ ગ્રહની દ્રષ્ટિવાળો ચંદ્ર આઠમે ભાવે હોય, અથવા લગ્નનો સ્વામી આઠમા ભાવમાં આવે ચંદ્ર દશમા ભાવમાં આવે, બાકીના ગ્રહો નવમે ભાવે આવે, અને ગુરૂ બળવાન હોય, અગર ચંદ્ર તથા ગુરૂ કર્ક લગ્નમાં આવે, અને ત્રીજે છઠ્ઠે અગીઆરમે કે કેંદ્રમાં શુભ ગ્રહ સહિત બુધ તથા શુક્ર આવે, યાતો ક્રૂર ગ્રહો ચોથે તથા નવમે ભાવે આવે, અને શુભ ગ્રહો નવમાંશ કુંડલીમાં ધન કે મીન રાશીમાં આવે, અથવા નવમાંશ કુંડલીમાં શુભ ગ્રહો સમની રાશીમાં રહી જન્મ ગ્રહમાં

---

૧ આ યોગ જેને આવેલ હોય તેનું આયુષ્ય લાંબું થાય ને લક્ષ્મીનું સારૂં સુખ મળે. ૨ લડાઈ. ૩ મંગળ તથા શની આઠમે ભાવે આવ્યાથી આ યોગ મળતો નથી. ૪ શુભ ગ્રહો. ૫ ઉપરના આઠ યોગમાંથી ગમે તે એક યોગ જેને આવે તેની દીર્ઘાયુ સમજવી.

બીજે કે બારમે ભાવે આવેલા જણાય, અને પૂર્ણ ચંદ્ર જન્મગ્રહમાં લગ્ને આવેલો હોય, એમ નહિંતો ધનલગ્ન ૨૪ અંશ કરતાં વધારે અંશે હોય, અને કેંદ્રમાં રહેલા શુભ ગ્રહો ચાર અંશ કરતાં ઓછે અંશે હોયતો ૧૦૦ વર્ષનું આયુષ્ય થાયછે.*

૪. નવમાંશકુંડલીમાં રવી, મંગળ, તથા શની કેંદ્રમાંજ ધન કે મીન રાશીના હોય, અને જન્મકુંડલીમાં ગુરૂ લગ્ને હોય પણ બાકીના ગ્રહો આઠમા ભાવ સિવાય બીજે ગમે તે ભાવે હોય તો પંચાશીવર્ષનું આયુષ્ય થાયછે.

૫. શુભ ગ્રહો મૂલત્રિકોણમાં આવેલા માલમ પડે, ગુરૂ પોતાના ઉચ્ચમાં હોય અને લગ્નનો સ્વામી બળવાન હોય, અથવા કર્કલગ્નમાં ગુરૂ આવે અને શુભગ્રહો પાંચમે કે નવમે ભાવે આવેલા જણાય યાતો સર્વે ગ્રહો કેંદ્રમાં હોય અને નવમાંશકુંડલીમાં ક્રૂરગ્રહોની રાશીમાં હોય તો ૮૦ વર્ષનું આયુષ્ય થાય.

૬. લગ્નના સ્વામીને ક્રૂરગ્રહો દેખતા હોય, શુભગ્રહો બળવાન હોય અને ચંદ્ર જન્મ ગ્રહ તથા હોરાવગેરેમાં શુભ ગ્રહની રાશીમાં આવે ત્યારે ૭૩ વર્ષનું આયુષ્ય થાયછે.

૭. લગ્નથી અથવા ચંદ્રથી શુભગ્રહો કેંદ્રમાં આવે, ગુરૂ લગ્નમાં હોય અને દશમે પાપગ્રહ ન હોય, અગર લગ્નમાં તથા ચંદ્રની સાથે પાપગ્રહ ના હોય, ગુરૂ લગ્નમાં આવે, આઠમો ભાવ ગ્રહ વિનાનો હોય અને કેંદ્રમાં શુભ ગ્રહો હોય, અથવા તો પોતાના શત્રુગ્રહ[1] તથા મંગળથી જોડાએલો સૂર્ય લગ્ને હોય, ગુરૂ બળહીન હોય અને ચંદ્ર પાંચમે કે બારમે ભાવે હોય તો ૭૦ વર્ષનું આયુષ્ય થાયછે.

૮. શુભ ગ્રહ કેંદ્રમાં આવે, ચંદ્ર પોતાના ઉચ્ચમાં આવે અને લગ્નનો સ્વામી બળવાન હોય. અથવા ચંદ્ર પોતાની રાશીમાં કે લગ્ને આવે અને સાતમે ભાવે શુભ ગ્રહ હોય, અગર વૃષભ રાશીનો ચંદ્ર લગ્ને આવે, અથવા શુભ ગ્રહો આઠમા ભાવ શિવાય બીજે ગમે તે ભાવે આવે અને લગ્નનો સ્વામી પાપગ્રહસહિત ત્રિકભુવનમાં આવે અગર લગ્નનો સ્વામી તથા ચંદ્રની રાશીનો સ્વામી સૂર્ય સાથે આઠમા ભાવમાં આવે, અને કેંદ્રમાં ગુરૂ ન આવે ત્યારે ૬૦ વર્ષનું આયુષ્ય થાયછે.

૯. લગ્નના સ્વામી સાથે ચંદ્ર છઠ્ઠે, આઠમે કે બારમે ભાવે હોય, અને નવમાંશકુંડલીમાં જન્મલગ્નનો સ્વામી મકર કે કુંભ રાશીમાં હોય તો તે યોગવાળાનું ૫૮ વર્ષનું આયુષ્ય થાયછે.

૧૦. કર્કલગ્નમાં સૂર્ય હોય, ક્રૂરગ્રહની સાથે ચંદ્ર દશમે ભાવે હોય, અને ગુરૂ કેંદ્રમાં આવેલ જણાય તો ૫૫ વર્ષનું આયુષ્ય થાયછે.

૧૧. બુધ ચોથે કે નવમે ભાવે હોય ચંદ્ર પેહેલે, આઠમે કે નવમે, ભાવે હોય, અને ગુરૂ તથા શુક્ર એકજ રાશીના હોય, ત્યારે ૫૦ વર્ષનું આયુષ્ય થાયછે.

૧૨. રવી તથા શની મકરરાશીના થઈ ત્રીજે કે છઠ્ઠે ભાવે આવે અને આઠમા ભાવનો સ્વામી કેંદ્રમાંજ હોય, તો ૪૫ વર્ષની આવરદા થાયછે.

---

* ઉપરના દશ યોગોમાંથી એક પણ યોગ જેને આવે તેનું ૧૦૦ વર્ષનું આયુષ્ય થાય. ૧. પાને પાંચ પ્રકારનો મૈત્રિચક્રનો કોઠો તપાસવો.

૧૩. સર્વે કરતાં બળવાન[1] બુધ કેંદ્રમાં હોય, અને આઠમા ભાવને શુભ ગ્રહો જોતા હોય, અથવા તો આઠમા ભાવનો સ્વામી લગ્નમાં આવે અને આઠમા ભાવમાં કોઈ પણ શુભ ગ્રહ ન હોય તો ૪૦ વર્ષનું આયુષ્ય થાયછે.

૧૪. જેનો જન્મ દિવસનો થયો હોય, તથા તેના જન્મ ગ્રહમાં પાપગ્રહો ચંદ્રથી આઠમી રાશીમાં આવે તો તેનું મધ્યમ માર્[2]નનું આયુષ્ય થાયછે.

૧૫. ચંદ્ર આપોકલીમ ભાવે આવે, લગ્નનો સ્વામી પણ તેજ ભાવે હોય અને એ બન્ને નિર્બળ છે એવું જ્ઞાન થાય તો ૩૨ વર્ષનું આયુષ્ય થાયછે.

૧૬. ક્રૂરગ્રહની વચ્ચે સૂર્ય પેહેલે ભાવે હોય તો ૩૧ વર્ષનું આયુષ્ય થાયછે.

૧૭. સર્વે કરતાં બળવાન બુધ કેંદ્રમાં આવે, અને આઠમા ભાવમાં કોઇ પણ ગ્રહ હોય નહિ, અથવા આઠમા તથા પેહેલા ભાવના સ્વામી બળહીન થઈ કેંદ્રમાં આવે, અગર સર્વે શુભગ્રહો નવમાંશકુંડલીમાં શુભગ્રહોની રાશીમાં હોય યાતો બધા શુભગ્રહો જન્મકુંડલીમાં શુભગ્રહોની રાશીમાં હોય, એમ નહીં તો કેંદ્રમાં કોઈ પણ શુભગ્રહ ન હોય અને આઠમો ભાવ કોઇ પણ ગ્રહથી સંયુક્ત હોય તો ૩૦ વર્ષનું આયુષ્ય થાયછે. સદરહુ યોગોમાંનો કોઇપણ એક યોગ જેને થાય તેનું ૩૦ વર્ષનું આયુષ્ય સમજવું.

૧૮. લગ્નથી તથા ચંદ્રથી આઠમા ભાવનો સ્વામી કેંદ્રમાં કે બારમે ભાવે હોય તો ૨૮ વર્ષનું આયુષ્ય થાયછે.

૧૯. લગ્ન તથા આઠમા ભાવનો સ્વામી આઠમેજ ભાવે આવેલા હોય અથવા ગુરૂ જન્મગ્રહમાં તથા ત્ર્યંશાંશકુંડલીમાં પોતાની રાશીમાં હોય તો ૨૭ વર્ષનું આયુષ્ય થાયછે.

૨૦. શની લગ્નમાં દ્વિસ્વભાવ[3] રાશીનો હોય, અને આઠમા તથા બારમા ભાવનો સ્વામી એ બન્ને બળહીન હોય તો ૨૫ વર્ષનું આયુષ્ય થાયછે.

૨૧. આઠમા ભાવનો સ્વામી નવમે ભાવે હોય અને ક્રૂરગ્રહથી જોવાએલ લગ્નનો સ્વામી આઠમે ભુવને આવેલો જણાય તો ૨૪ વર્ષનું આયુષ્ય થાયછે.

૨૨. ક્રૂરગ્રહની સાથે ગુરૂ લગ્નમાં આવે તેને ચંદ્ર પૂર્ણ દેખતો હોય અને આઠમે ભાવે કોઇપણ ગ્રહ હોયતો ૨૨ વર્ષનું આયુષ્ય થાયછે.

૨૩. શુભગ્રહસહિત લગ્નનો સ્વામી લગ્નમાં હોય અને બીજા ગ્રહની જેનાપર દૃષ્ટિ ન હોય એવો આઠમા ભાવનો સ્વામી આઠમેજ ભાવે હોય અથવા ચંદ્ર ક્ષીણ હોય, પાપગ્રહ આઠમે ભાવે આવે, આઠમા ભાવનો સ્વામી કેંદ્રમાં આવે અને પેહેલા ભાવનો સ્વામી નિર્બળ હોય, અગર શુભગ્રહો આપો કલીમ ભાવે રહેલા માલુમ પડે અને ચંદ્ર તથા શની છઠ્ઠે કે આઠમે ભાવે આવેલા જણાય, યાતો ક્ષીણ ચંદ્ર અને રાહુસિવાયના બે ક્રૂર ગ્રહો બીજે, છઠ્ઠે કે બારમે ભાવે આવે, અથવા સૂર્ય તથા શની

---

૧ પાને ૪૫ બળનો કોઠો તપાસવો. ૨ જુઓ પાને ૬૩ ટીપ. ૩. મિથુન, કન્યા, ધન અને મીન.

કેંદ્રમાં હોય અને મંગળ લગ્ને હોય ત્યારે ૨૦ વર્ષનું આયુષ્ય થાયછે. સદરહુ પાંચ યોગમાંનો કોઇપણ એક યોગ જેને થતો હોય તેનું ૨૦ વર્ષનું આયુષ્ય ધારવું.

૨૪. ગુરૂ બારમે કે કેંદ્રમાં આવે અને લગ્નનો સ્વામી પાપગ્રહ સહિત ત્રીજે, છઠ્ઠે કે નવમે ભાવે આવે, અથવા, કર્ક લગ્નમાં મંગળ તથા ચંદ્ર આવે અને કેંદ્ર તથા આઠમો ભાવ ગ્રહ વિનાનો હોય તે યોગવાળાની ત્રણ વર્ષની આવરદા થાયછે.

૨૫. ગુરૂ તથા શુક્ર પેહેલે ભાવે આવે અને મંગળ એક પાપગ્રહ સહિત પાંચમે ભાવે આવે અથવા તો સૂર્યની સાથે આવેલ લગ્નનો સ્વામી ચંદ્ર સહિત 'હોય અને તેની સાથે બીજા પણ કોઈ ગ્રહ હોય કે તેને જોતા હોય તો અલ્પાયુ થાયછે.'

૨૬. ઉપર જે ૨૫ કલમોથી આયુષ્યના યોગો બતાવવામાં આવ્યાછે તેમાં જેના જન્મગ્રહમાં બે ત્રણ અથવા તો તે કરતાં પણ વધારે યોગો મલતા આવે ત્યારે વધારે બળીઆ ગ્રહોથી પેદા થએલ યોગ કાયમ ગણવો, અને બાકીના યોગ ઉપર લક્ષ આપવું નહીં.

જાતકાલંકારપ્રમાણે વિષકન્યાયોગો.[1]

બીજ, રવીવાર અને આશ્લેષા નક્ષત્રમાં જન્મેલી, સાતમ, શનીવાર અને કૃત્તિકા નક્ષત્રમાં જન્મેલી, બારસ, મંગલવાર અને શતતારકા નક્ષત્રમાં જન્મેલી, બીજ, શનીવાર અને આશ્લેષા નક્ષત્રમાં જન્મેલી, સાતમ, મંગલવાર અને શતતારકા નક્ષત્રમાં જન્મેલી; બારસ, રવીવાર, અને વિશાખા નક્ષત્રમાં જન્મેલી, તથા જેના જન્મગ્રહમાં બે શુભ ગ્રહ પેહેલે ભાવે આવે, એક ક્રૂર ગ્રહ દશમે ભાવે આવે અને બે પાપ ગ્રહ છઠ્ઠે ભાવે આવે એવી અને જેના જન્મગ્રહમાં સૂર્ય પાંચમે, મંગળ નવમે તથા શની લગ્ને આવેતો તે યોગવાળી કન્યા વિષકન્યા કહેવાયછે: પણ જો વિષયોગમાં પેદા થઈ હોય, અને તેના ગ્રહમાં લગ્નથી અથવા તો ચંદ્રથી કોઈ પણ શુભ ગ્રહ અથવા સાતમા ભાવનો સ્વામી, સાતમે ભાવે આવે ત્યારે સદરહુ યોગોનો અટકાવ થાયછે.

પેહેલા ભાવથી ઉત્પન્ન થએલા યોગો.

૧. લગ્નનો સ્વામી ધનભાવમાં આવે અને ધનભાવનો સ્વામી લગ્નમાં આવે તો ધનવાન, બુદ્ધિવાન, પુણ્યવાન અને લક્ષ્મીવાન થાયછે.

૨. લગ્નનો પતિ ત્રીજા ભાવમાં આવે અને ત્રીજા ભાવનો પતિ લગ્નમાં આવે તો તે પુરૂષ બળહીન, સારા સહોદરવાળો, કુટુંબને આનંદ આપનાર અને મોસાલપક્ષનાં સારાં સુખવાળો થાય.

૩. લગ્નનો સ્વામી ચોથે ભાવે અને ચોથા ભાવનો સ્વામી લગ્ને હોય ત્યારે મનુષ્ય ક્ષમાવાળો, પિતાની આજ્ઞા પાળનાર, સરળ બુદ્ધિવાળો અને પોતાના પક્ષને મદદ આપનાર થાયછે.

---

૧ જે માણસને તે કન્યા પરણે તે માણસનું મૃત્યુ થાય.

૪. લગ્નનો સ્વામી પાંચમે ભાવે અને પાંચમા ભાવનો સ્વામી લગ્ને હોય તો તે યોગ માણસોને ઉદાર દિલના, વિદ્વાન અને પોતાના કુળમાં શ્રેષ્ઠ કરેછે.

૫. લગ્નનો સ્વામી છઠ્ઠે ભાવે અને છઠ્ઠા ભાવનોં સ્વામી લગ્ને આવેલ હોય ત્યારે મનુષ્યનું શરીર નિરોગી કરેછે, અને પોતાના અધિક બળનેલીધે બીજાનાં બળનું અભિમાન તોડવામાં ચિત્તની પ્રવૃત્તિ કરાવેછે.

૬. લગ્નનો સ્વામી સાતમે અને સાતમા ભાવનો સ્વામી લગ્ને આવેલ હોય તો તે માણુસ પિતાની ભક્તિવાળો, સ્રીતરફથી ઉદાસ, અને શાળાનું[1] કામ કરવામાં આધીન રહેછે.

૭. લગ્નનો સ્વામી આઠમે અને આઠમા ભાવનો સ્વામી લગ્ને આવેલ જણાય તો તે માણુસ જુગાર રમવામાં હુશીઆર, ચોરી કરવામાં પ્રીતિવાળો અને દુર્વ્યસનમાં સંતોષ માનનાર થાયછે.

૮. લગ્નનો સ્વામી નવમે અને નવમા ભાવનો સ્વામી પેહેલેજ ભાવે જેના જન્મગ્રહમાં આવેલા હોય તે પુરૂષ વિદેશવાસી, સ્વધર્મમાં આશક્ત, રાજસભામાં પંકાએલ અને દેવોની પૂજા કરવામાં તત્પર રહેછે.

૯. લગ્નનો સ્વામી દશમે અને દશમાનો સ્વામી લગ્ને જેને હોય તે રાજા અથવા તો રાજાના જેવી રિદ્ધિસિદ્ધિ વાળો થાયછે.

૧૦. લગ્નનો સ્વામી આગીઆરમે અને અગીઆરમાનો સ્વામી લગ્ને આવે તો તે માણુસ સારાં કામ કરનાર, લાંબી આવર્દાવાળો, રાજાની બરોબર વૈભોગ ભોગવનાર અને પંડિત થાયછે.

૧૧. લગ્નનો સ્વામી બારમે ભાવે અને બારમા ભાવનો સ્વામી લગ્ને આવે ત્યારે તે માણુસ બધા લોકોનો દુષ્મન, મંદબુદ્ધિવાળો, લોભી, ધનહીન અને મૂર્ખ થાયછે.

૧૨. લગ્નનો સ્વામી શુક્રની સાથે ત્રિકસિવાય ગમે તે ભાવે આવેતો જગતમાં પ્રતિષ્ઠા તથા સારૂં સુખ મળેછે.

પ્રથમ ભાગ સંપૂર્ણ.

---

૧ પોતાની વહુનો ભાઈ.

વર્ષપ્રવેશ સારિણી.

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૧	૨	૩	૫	૨	૦	૧	૩	૪	૫	૬	૧	૨	૩	૪	૬	૦	૧	૨	૪
૧૫	૩૧	૪૬	૨	૧૭	૩૩	૪૮	૪	૧૯	૩૫	૫૦	૬	૨૧	૩૭	૫૨	૮	૨૩	૩૯	૫૪	૧૦
૩૧	૩	૩૪	૬	૩૭	૯	૪૦	૧૨	૪૩	૧૫	૪૬	૧૮	૪૯	૨૧	૫૨	૨૪	૫૫	૨૭	૫૮	૩૦
૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૫	૬	૦	૨	૩	૪	૫	૦	૧	૨	૪	૫	૬	૦	૨	૩	૪	૫	૦	૧
૨૬	૪૧	૫૭	૧૨	૨૮	૪૩	૫૯	૧૪	૩૦	૪૫	૧	૧૬	૩૨	૪૭	૩	૧૮	૩૪	૪૯	૫	૨૧
૧	૩૩	૪	૩૬	૭	૩૯	૧૦	૪૨	૧૩	૪૫	૧૬	૪૮	૧૯	૫૧	૨૨	૫૪	૨૫	૫૭	૨૮	૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬	૫૭	૫૮	૫૯	૬૦
૨	૩	૫	૬	૦	૧	૩	૪	૫	૬	૧	૨	૩	૪	૬	૦	૧	૩	૪	૫
૩૬	૫૨	૭	૨૩	૩૮	૫૪	૯	૨૫	૪૦	૫૬	૧૧	૨૭	૪૨	૫૮	૧૩	૨૯	૪૪	૦	૧૫	૩૧
૩૧	૩	૩૪	૬	૩૭	૯	૪૦	૧૨	૪૩	૧૫	૪૬	૧૮	૪૯	૨૧	૫૨	૨૪	૫૫	૨૭	૫૮	૩૦
૬૧	૬૨	૬૩	૬૪	૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦	૭૧	૭૨	૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦
૬	૧	૨	૩	૪	૬	૦	૧	૨	૪	૫	૬	૦	૨	૩	૪	૫	૦	૧	૨
૪૭	૨	૧૮	૩૩	૪૯	૪	૨૦	૩૫	૫૧	૬	૨૨	૩૭	૫૩	૮	૨૪	૩૯	૫૫	૧૦	૨૬	૪૨
૧	૩૩	૪	૩૬	૭	૩૯	૧૦	૪૨	૧૩	૪૫	૧૬	૪૮	૧૯	૫૧	૨૨	૫૪	૨૫	૫૭	૨૮	૦
૮૧	૮૨	૮૩	૮૪	૮૫	૮૬	૮૭	૮૮	૮૯	૯૦	૯૧	૯૨	૯૩	૯૪	૯૫	૯૬	૯૭	૯૮	૯૯	૧૦૦
૩	૫	૬	૦	૧	૩	૪	૫	૦	૧	૨	૩	૫	૬	૦	૧	૩	૪	૫	૬
૫૭	૧૩	૨૮	૪૪	૫૯	૧૫	૩૦	૪૬	૧	૧૭	૩૨	૪૮	૩	૧૯	૩૪	૫૦	૫	૨૧	૩૬	૫૨
૩૧	૩	૩૪	૬	૩૭	૯	૪૦	૧૨	૪૩	૧૫	૪૬	૧૮	૪૯	૨૧	૫૨	૨૪	૫૫	૨૭	૫૮	૩૦
૧૦૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૧	૨	૩	૪	૬	૦	૧	૨	૪	૫	૬	૧	૨	૩	૪	૬	૦	૧	૨	૪
૮	૨૩	૩૯	૫૪	૧૦	૨૫	૪૧	૫૬	૧૨	૩૭	૫૩	૮	૨૪	૩૯	૫૫	૧૦	૨૬	૪૧	૫૭	૧૩
૧	૩૩	૪	૩૬	૭	૩૯	૧૦	૪૨	૧૩	૪૫	૧૬	૪૮	૧૯	૫૧	૨૨	૫૪	૨૫	૫૭	૨૮	૦

વર્ષફલ કરવાની રીત.

વર્ષપ્રવેશ.

જે દિવસ જન્મ થયો હોય તે દિવસ પછી [1]સૌરમાસથી બારે ને બારે મહિને વર્ષપ્રવેશ થાયછે, તે કારણથીજ વર્ષપ્રવેશને દિવસે સ્પષ્ટ સૂર્ય જન્મના સૂર્યને સરખો અવશ્ય આવેછે.

શાલીવાહનનો શક જન્મવેળાએ જે હોય તેને જે શકમાં વર્ષપ્રવેશ[2] કરવો હોય તે શકમાંથી બાદ કરવો, આપ્રમાણે જન્મના શકને ઇષ્ટશકમાંથી બાદ કરતાં જે અંક બાકી રહે તે ગતાબ્દ[3] કહેવાયછે. અને ગતાબ્દ જે પ્રમાણનો આવે તે પ્રમાણનો વર્ષપ્રવેશ સારિણિનો કોઠો જોઈ તેમાં જે આંક લખેલા હોય તેમાં જન્મદિવસનો વાર, ઇષ્ટ ઘડી તથા પળ ઉમેરવાં, એટલે વર્ષપ્રવેશનો વાર, ઘડી અને પળ આવેછે, અને ગતાબ્દની સંખ્યાને અગ્યારે ગુણી ગુણાકારનો ૧૭૦ મો ભાગ તથા જન્મની તિથિ ઉમેરતાં જે અંક આવે તેને ૩૦ થી ભાગ દેવો, ૩૦ ભાગ દેતાં શેષાંક રહે તે વર્ષપ્રવેશની તિથિ આવેછે.

ઉપરપ્રમાણે મળેલ વર્ષપ્રવેશની તિથિ તથા વાર પંચાંગમાં જન્મના મહિનામાં અથવા તો તે પછીના કે પેહેલાંના એક મહિનામાં તપાસ કરતાં જે દિવસ સૂર્યના અંશ જન્મના સૂર્યના અંશ સરખા થતા હશે તે દિવસની તિથિ તથા વાર સાથે મળતા આવશે; કદાચ તેમ ન મળે તો ગણિતમાં ભૂલ થએલ છે એમ સમજી ફરી તપાસવું.[4]

વર્ષપ્રવેશની તિથિએ વર્ષની ઇષ્ટ ઘડી ટાણાના જન્મપત્રીની પેઠે સ્પષ્ટ ગ્રહ દ્વાદસભાવ, તથા ચલિત કુંડલી કરવી, અને પછીથી વર્ષફળના ગણિતની શરૂઆત કરવી.

વર્ષફળની શરૂઆતમાં જન્મપત્રિની વેળાની પેઠે ચાલતો સંવત્, શાકો તથા વર્ષપ્રવેશની તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ એ સર્વે લખવાં અવશ્યનાં છે. ત્યારબાદ જેનું વર્ષફળ કરવું હોય તેના પિતાના નામ સાથે તેનું નામ અને જેટલામું વર્ષ બેઠું હોય તેટલી સંખ્યા લખવાનો રીવાજ હાલ કેટલેક ઠેકાણે ચાલેછે માટે તેપણ લખવાં.[5]

(વર્ષપ્રવેશ સારિણીનું કોષ્ટક પાસેના પાનાપર જુવો.)

---

૧ સૂર્ય એક રાશીમાંથી બીજી રાશીમાં જેટલી મુદતે આવે તેટલી મુદતનો એક સૌરમાસ થાય. ૨ જે દિવસ વર્ષ બેઠું હોય તે દિવસ. ૩ ગએલાં વર્ષ. ૪ વર્ષપ્રવેશમાં આવેલ તિથિનો આવેલ વાર પંચાંગ તપાસતાં મળે નહિ તો તિથિમાં વધ ઘટ કરવી, પણ વાર ફેરવવો નહિ. ૫ વર્ષફળમાં **મુંથા** દશમા ગ્રહ તરીકે મનાય છે તે કરવાની રીત એવી છે કે જન્મના ગ્રહની રાશીમાં ગતાબ્દની સંખ્યા ઉમેરી તેને બારે ભાગ આપતાં જે સંખ્યા શેષ રહે તે **મુંથાની** રાશી આવેછે અને અંશ, કળા, તથા વિકળા તો જન્મ લગ્નનાં હોય તેજ **મુંથાનાં** મનાયછે.

પ્રશ્ન. ૧ સંવત્ ૧૯૨૨ શક ૧૭૮૭ ના શ્રાવણ સુદિ ૧ રવિવારને દિવસે ઇષ્ટ ઘડી ૧૮-૩૪ સેં કોઇનો જન્મ થયો હોય; અને તે વેળાનો સ્પષ્ટ સૂર્ય ૩-૮-૨૬-૯ હોય ત્યારે વર્ષપ્રવેશ ક્યારે થશે?

ઉત્તર. જન્મના શક ૧૭૮૭ ને ચાલતા શક ૧૮૦૮ માંથી બાદ કર્યો તો ૨૧ ગતાબ્દ થયા, માટે વર્ષપ્રવેશની સારિણિપરથી ૨૧ મા કોઠાના આંક ૫-૨૬-૧ લીધા તેમાં જન્મનો વાર[1] ૧ ઇષ્ટ ઘડી ૧૮ અને પળ ૩૪ ઉમેર્યા તો ૬-૪૪-૩૫ થયા તેથી શુક્રવાર ઇષ્ટ ઘડી ૪૪ તથા પળ ૩૫ સમયે બાવીશમા વર્ષનો પ્રવેશ થયો; અને ગતાબ્દની સંખ્યા ૨૧ ને અગીઆરે ગુણ્યા તો ૨૩૧ થયા તેનો ૧૭૦ મો ભાગ તથા જન્મની તિથિ[2] તેમાં ઉમેરીએ તો ૨૩૩ થાયછે, તેને ૩૦ ભાગતાં શેષાંક આઠ રહેછે તે વર્ષપ્રવેશની તિથિ આવી.

ઉપર પ્રમાણે આઠમ, શુક્રવાર, ઇષ્ટ ઘડી ૪૪ તથા પળ ૩૫ સમયે વર્ષપ્રવેશ આવેછે તે બરોબર છે કે નહિં તેની પંચાંગમાં તપાસ કરતાં આશાડ વદિ ૭ ને શુક્રવાર આવેછે તથા તે દિવસે સૂર્યના અંશ જન્મના સૂર્યના સરખા થાયછે. માટે ગણિતથી આવેલ અષ્ટમી તિથિમાંથી એક ઘટાડી સાતમ કરી અને વાર સાથે આવતો તિથિનો વિરોધ ટાળ્યો.


એપ્રમાણે સંવત્ ૧૯૪૩ ના આષાડ વદિ ૭ શુક્રવારને દિવસે ઇષ્ટઘડી ૪૪-૩૫ સમયે વર્ષ ૨૨ માંનો પ્રવેશ થયો. તે વેળાના ગ્રહ, લગ્ન, અને ચલિત ઇત્યાદિ સર્વે કરવાં જોઇએ, પણ આ ગ્રંથની અંદર જન્મપત્રિનું ઉદાહરણ આષાડ વદિ ૭ શુક્રવારના દિવસનું તથા ઇષ્ટઘડી ૪૪-૩૫ ના સમયનું કરેલું છે અને વર્ષપ્રવેશ પણ તે દિવસે તથા તે સમયે આવેછે, માટે ગ્રહો, લગ્ન તથા ચલિત એ સર્વે નવીન કરવાની જરૂર રહી નહિ, અને આ ગ્રંથમાં જે જન્મકુંડલી કરેલી છે તે અહીં વર્ષપ્રવેશ કુંડલી થઇ, તથા નવગ્રહ, દ્વાદશભાવ અને ચલિત કુંડલી એપણ પેહેલાંનાંજ કાયમ રહ્યાં. જન્મપત્રિ સમયે નવગ્રહ, લગ્ન, દ્વાદશભાવ, ચલિત, વગેરે જે આવેલ છે તે અહિં ગણિતની સગવડમાટે ફરી લખી બતાવ્યાં છે.


(નવ ગ્રહનું કોષ્ટક, દ્વાદશ ભાવનું કોષ્ટક, જન્મ કુંડલી તથા વર્ષપ્રવેશની કુંડલી પાસેના પાનાપર જુવો.)

---

૧ રવિવાર છે માટે એક કરેલ છે. ૨ સુદિ ૧ છે માટે ૧ તિથિ છે.

જન્મલગ્નમ્ ૬-૧૯	વર્ષપ્રવેશચક્ર.






દ્વાદશભાવતથાસંધિ.

૧		૨		૩		૪		૫		૬	
૦ ૭ ૨૦ ૫	૦ ૨૧ ૪ ૫૨	૧ ૪ ૪૯ ૩૯	૧ ૧૮ ૩૪ ૨૬	૨ ૨ ૧૯ ૧૩	૨ ૧૬ ૪ ૦	૨ ૨૯ ૪૮ ૪૭	૩ ૧૬ ૪ ૦	૪ ૨ ૧૯ ૧૩	૪ ૧૮ ૩૪ ૨૬	૫ ૪ ૪૯ ૩૯	૫ ૨૧ ૪ ૫૨
૭		૮		૯		૧૦		૧૧		૧૨	
૬ ૭ ૨૦ ૫	૬ ૨૧ ૪ ૫૨	૭ ૪ ૪૯ ૩૯	૭ ૧૮ ૩૪ ૨૬	૮ ૨ ૧૯ ૧૩	૮ ૧૬ ૪ ૦	૮ ૨૯ ૪૮ ૪૭	૯ ૧૬ ૪ ૦	૧૦ ૨ ૧૯ ૧૩	૧૦ ૧૮ ૩૪ ૨૫	૧૧ ૪ ૪૯ ૩૯	૧૧ ૨૧ ૪ ૫૨

વર્ષચંદ્રચલિત.



सू	चं	मं	बु	गु	शु	श	रा	के
૩ ૮ ૨૬ ૯	૦ ૪ ૨૨ ૩૦	૫ ૧૯ ૨૧ ૫૭	૪ ૩ ૫૩ ૧૬	૫ ૧૧ ૨૭ ૪૯	૨ ૬ ૫૪ ૩૬	૨ ૨૪ ૦ ૧૦	૪ ૧૬ ૫૬ ૨૫	૧૦ ૧૬ ૫૬ ૨૫
૫૭ ૨	૬૩૩ ૪	૩૫ ૨૦	૫૯ ૫૬	૭ ૧૪	૭૦ ૮	૮ ૧૭	૩ ૧૧	૩ ૧૧

દૃષ્ટિપ્રવેશસારિણી.

રાશી	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	[illegible]	
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	गु२	
मेष	૬૦	૫૮	૫૬	૫૪	૫૨	૫૦	૪૮	૪૬	૪૪	૪૨	૪૦	૩૮	૩૬	૩૪	૩૨	૩૦	૨૮	૨૬	૨૪	૨૨	૨૦	૧૮	૧૬	૧૪	૧૨	૧૦	૮	૬	૪	૨	भा.	ऋ
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧	
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	गु१	
वृषभ	૦	૦	૧	૧	૨	૨	૩	૩	૪	૪	૫	૫	૬	૬	૭	૭	૮	૮	૯	૯	૧૦	૧૦	૧૧	૧૧	૧૨	૧૨	૧૩	૧૩	૧૪	૧૪	भा.	ध
	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૨	
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	गु१	
मिथुन	૧૫	૧૫	૧૬	૧૬	૧૭	૧૭	૧૮	૧૮	૧૯	૧૯	૨૦	૨૦	૨૧	૨૧	૨૨	૨૨	૨૩	૨૩	૨૪	૨૪	૨૫	૨૫	૨૬	૨૬	૨૭	૨૭	૨૮	૨૮	૨૯	૨૯	भा.	ध
	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૨	
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	गु१	
कर्क	૩૦	૩૦	૩૧	૩૧	૩૨	૩૨	૩૩	૩૩	૩૪	૩૪	૩૫	૩૫	૩૬	૩૬	૩૭	૩૭	૩૮	૩૮	૩૯	૩૯	૪૦	૪૦	૪૧	૪૧	૪૨	૪૨	૪૩	૪૩	૪૪	૪૪	भा.	ध
	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૨	
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	गु३	
सिंह	૪૫	૪૩	૪૨	૪૦	૩૯	૩૭	૩૬	૩૪	૩૩	૩૧	૩૦	૨૮	૨૭	૨૫	૨૪	૨૨	૨૧	૧૯	૧૮	૧૬	૧૫	૧૩	૧૨	૧૦	૯	૭	૬	૪	૩	૧	भा.	ऋ
	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૨	
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	गु२	
कन्या	૦	૨	૪	૬	૮	૧૦	૧૨	૧૪	૧૬	૧૮	૨૦	૨૨	૨૪	૨૬	૨૮	૩૦	૩૨	૩૪	૩૬	૩૮	૪૦	૪૨	૪૪	૪૬	૪૮	૫૦	૫૨	૫૪	૫૬	૫૮	भा	ध
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧	
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	गु२	
तुला	૬૦	૫૮	૫૬	૫૪	૫૨	૫૦	૪૮	૪૬	૪૪	૪૨	૪૦	૩૮	૩૬	૩૪	૩૨	૩૦	૨૮	૨૬	૨૪	૨૨	૨૦	૧૮	૧૬	૧૪	૧૨	૧૦	૮	૬	૪	૨	भा.	ऋ
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧	
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	गु३	
वृश्चिक	૦	૧	૩	૪	૬	૭	૯	૧૦	૧૨	૧૩	૧૫	૧૬	૧૮	૧૯	૨૧	૨૨	૨૪	૨૫	૨૭	૨૮	૩૦	૩૧	૩૩	૩૪	૩૬	૩૭	૩૯	૪૦	૪૨	૪૩	भा	ध
	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૨	
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	गु१	
धन	૪૫	૪૪	૪૪	૪૩	૪૩	૪૨	૪૨	૪૧	૪૧	૪૦	૪૦	૩૯	૩૯	૩૮	૩૮	૩૭	૩૭	૩૬	૩૬	૩૫	૩૫	૩૪	૩૪	૩૩	૩૩	૩૨	૩૨	૩૧	૩૧	૩૦	भा.	ऋ
	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૨	
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	गु१	
मकर	૩૦	૨૯	૨૯	૨૮	૨૮	૨૭	૨૭	૨૬	૨૬	૨૫	૨૫	૨૪	૨૪	૨૩	૨૩	૨૨	૨૨	૨૧	૨૧	૨૦	૨૦	૧૯	૧૯	૧૮	૧૮	૧૭	૧૭	૧૬	૧૬	૧૫	भा.	ऋ
	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૨	
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	गु१	
कुंभ	૧૫	૧૪	૧૪	૧૩	૧૩	૧૨	૧૨	૧૧	૧૧	૧૦	૧૦	૯	૯	૮	૮	૭	૭	૬	૬	૫	૫	૪	૪	૩	૩	૨	૨	૧	૧	૦	भा.	ऋ
	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૨	
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	गु२	
मीन	૦	૨	૪	૬	૮	૧૦	૧૨	૧૪	૧૬	૧૮	૨૦	૨૨	૨૪	૨૬	૨૮	૩૦	૩૨	૩૪	૩૬	૩૮	૪૦	૪૨	૪૪	૪૬	૪૮	૫૦	૫૨	૫૪	૫૬	૫૮	भा.	ध
	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧	
	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	[illegible]	

પ્રશ્ન. ૨ પેહેલા પ્રશ્નમાં કહ્યાપ્રમાણે બીજી બીના હોય અને લગ્ન ૬-૧૯-૩૭-૫૩ હોય ત્યારે રાશ્યાદિક મુંથા કેટલી થશે?

ઉત્તર. જન્મલગ્નની રાશી છમાં ગતાબ્દ ૨૧ની સંખ્યા ઉમેરી તો ૨૭ થયા, તેને બારે ભાગ્યા તો ૩ શેષ રહ્યા, જેથી ૩-૧૯-૩૭-૫૩ રાશ્યાદિક મુંથા થઇ.

ગ્રહ તથા ભાવની દૃષ્ટિ કરવાની રીત.

વર્ષફળની દૃષ્ટિ પણ જન્મપત્રીની દૃષ્ટિની પેઠેજ સારિણી ઉપરથી લેવાય છે એટલે કે દ્રષ્ટા[1] ગ્રહને દૃશ્ય[2] ગ્રહમાંથી બાદ કરતાં જે રાશી વગેરે અંક બાકી રહે તેપ્રમાણેં દૃષ્ટિપ્રવેશ સારિણીઉપરથી અવશેષ રાશીના અંશનું ફળ લેવું; અને સારિણીમાં જમણી તરફ લખેલ ગુણકથી અવશિષ્ટ[3] કળા તથા વિકળાને ગુણી ભાજકના અંકથી ભાગ લેતાં જે વિકળારૂપ આંક મળે તે ગુણક તથા ભાજક ધન હોય તો પ્રથમ લીધેલ આંકમાં પેહેલાંની પેઠે ઉમેરવા. અને ઋણ હોય તો તેમાંથી બાદ કરવા એટલે વર્ષફળના નિયમપ્રમાણે દૃષ્ટિ તૈયાર થાયછે.

વર્ષફળની દૃષ્ટિની સર્વે રીત જન્મપત્રીની દૃષ્ટિના જેવીજ છે, પણ વર્ષફળની સારિણિમાં જન્મપત્રીની સારિણી કરતાં તફાવત છે. તે એટલોજ કે રવિ, ચંદ્ર, બુધ અને શુક્રની સારિણી તથા મંગળ, ગુરૂ અને શની એ ત્રણ ગ્રહની સારિણી જન્મપત્રીમાં જૂદી છે, અને અહીં સર્વેની સરખી છે. જન્મપત્રિમાં દ્રષ્ટા ને દૃશ્યમાંથી બાદ કરતાં શેષ રાશી જો ૦-૧૦-૧૧ રહે તો કાંઈ પણ દૃષ્ટિ આવતી નથી અને અહીં ગમે તે રાશી રહે તોપણ દૃષ્ટિ આવેછે. (દૃષ્ટિપ્રવેશ સારિણીનું કોષ્ટક પાસેના પાનાપર જુવો.)

ગ્રહ તથા ભાવની દૃષ્ટિ કરવાનો દાખલો.

સૂર્યની ચંદ્ર ઉપર કેટલી દૃષ્ટિ છે તે જાણવાનું છે, માટે ચંદ્ર (દૃશ્ય) ૦-૪-૨૨-૩૦ માંથી સૂર્ય (દ્રષ્ટા) ૩-૮-૨૬-૯ ને બાદ કરતાં ૮-૨૫-૫૬-૨૧ થયા માટે દૃષ્ટિપ્રવેશ સારિણીઉપરથી ધનરાશીને ૨૫ સે અંશે લખેલ આંક ૦-૩૨-૩૦ લીધા, અને બાદ કરતાં રહેલ કળા ૫૬ તથા વિકળા ૨૧ ને સારિણીમાં ધનરાશીને સામે લખેલ ગુણક ૧ થી ગુણ્યા તો ૫૬-૨૧ થયા. અને ભાજકના આંક ૨ થી ભાગ લેતાં ૨૮ વિકળા મળી તે ગુણક તથા ભાજક ઋણ હોવાને લીધે સારિણીમાંથી મળેલ આંક ૦-૩૨-૩૦ માંથી બાદ કર્યા તો ૦-૩૨-૩ સૂર્યની ચંદ્ર ઉપર કળાદિક દૃષ્ટિ આવી.

સૂર્ય ૩-૮-૨૬-૯ ને પ્રથમ ભાવ ૦-૭-૨૦-૫ માંથી બાદ કર્યો તો ૮-૨૮-૫૩-૫૬ આંક આવ્યા. અને અવશિષ્ટ કળા ૫૩ તથા વિકળા ૫૬ ને સારિણી ઉપર લખેલ તેના ગુણક ૧ વડે ગુણી અને તેના ભાજકના આંક ૨ વડે ભાગ લેઈ લાધેલ અંક ૨૭ ને ગુણક તથા ભાજક ઋણ છે માટે ધનરાશીના ૨૮ મા કોઠામાં લખેલ આંક ૦-૩૧-૦ માંથી બાદ કરતાં ૦-૩૦-૩૩ થયા, તે સૂર્યની પેહેલા ભાવ ઉપર દૃષ્ટિ થઈ, એવીજરીતે ગ્રહોની પરસ્પર દૃષ્ટિ તથા બાર ભાવ ઉપર દૃષ્ટિના જન્મપત્રીની પેઠે કોઠાઓ કરવા.

---

૧ જુઓ ૩૭ પાને ટીપ. ૨ જુઓ ૩૭ પાને ટીપ. ૩ બાકી રહેલ.

[1]પ્રથમ ભાવ અથવા તો લગ્ન ઉપર સર્વે ગ્રહોની દૃષ્ટિ.

સૂર્ય.	ચંદ્ર.	મંગળ.	બુધ.	ગુરૂ.	શુક્ર.	શની.	મું થા.	સરવાળો
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૩
૩૦	૫૪	૨૪	૪૩	૮	૧૪	૨૩	૩૬	૫૪
૩૩	૫	૪	૧૬	૧૬	૩૮	૨૦	૯	૨૧

હર્ષસ્થાન બળ કરવાની રીત.

૧. દિવસનો વર્ષપ્રવેશ થયો હોય તો પુરૂષ[2]ગ્રહ હર્ષસ્થાનીય કહેવાય, અને રાત્રિનો વર્ષપ્રવેશ થાય ત્યારે સ્ત્રીગ્રહ[3] હર્ષસ્થાનીય[4] કહેવાય.

૨. દિવસનો વર્ષપ્રવેશ થાય અને પેહેલે બીજે કે ત્રીજે ભાવે જો પુરૂષ ગ્રહ વર્ષપ્રવેશ કુંડલીમાં આવેલ માલમ પડે તો તે હર્ષસ્થાનીય કહેવાય. સ્ત્રીગ્રહ ચોથે, પાંચમે કે છઠ્ઠે ભાવે આવે તો હર્ષસ્થાનીય કહેવાય. પુરૂષ ગ્રહો સાતમે, આઠમે કે નવમે ભાવે હોય તો પણ હર્ષસ્થાનીય કહેવાય, અને સ્ત્રીગ્રહો દશમે, અગીઆરમે તથા બારમે ભાવે આવેલા હોય તોપણ હર્ષસ્થાનીય કહેવામાં આવેછે. જો રાત્રિનો વર્ષપ્રવેશ થાતો હોય તો પેહેલે, બીજે, ત્રીજે, સાતમે, આઠમે તથા નવમે ભાવે આવેલા સ્ત્રીગ્રહો હર્ષસ્થાનીય ગણાયછે, અને ચોથે, પાંચમે છઠ્ઠે, દશમે, અગીઆરમે તથા બારમે ભાવે પુરૂષ ગ્રહો આવેલા હોય તોપણ હર્ષસ્થાનીય કહેવાયછે.

૩. સૂર્ય નવમે, ચંદ્ર ત્રીજે, મંગળ છઠ્ઠે, બુધ પેહેલે, ગુરૂ અગીઆરમે, શુક્ર પાંચમે અને શની બારમે ભાવે વર્ષપ્રવેશ કુંડલીમાં હોય તો હર્ષસ્થાનીય કહેવાયછે.

૪. જે ગ્રહ પોતાના ઉચ્ચમાં હોય અથવા તો પોતાની રાશીમાં હોય તે ગ્રહ પણ હર્ષસ્થાનીય કહેવાયછે.

ઉપરમુજબ ૪ હર્ષસ્થાન જ્યોતિષશાસ્ત્રમાં કહેલાં છે. જે ગ્રહો વર્ષપ્રવેશની કુંડલીમાં તપાસ કરતાં હર્ષસ્થાનીય ઠરે તે ગ્રહોનું કળા પાંચનું બળ લેવામાં આવેછે. અને તે બળ કોષ્ટકમાં જૂદું જૂદું માંડી તેનો સરવાળો કરવાથી હર્ષસ્થાનકનું બળ તૈયાર થાયછે.

હર્ષસ્થાનીય બળનું ઉદાહરણ.

ચાલતા ઉદાહરણમાં રાત્રિનું વર્ષ બેઠું છે, એટલે પુરૂષગ્રહોનું કંઈ પણ બળ આવશે નહીં બાકી સર્વે સ્ત્રીગ્રહો પેહેલી કલમપ્રમાણે હર્ષસ્થાનીય ઠરેછે. તેથી સ્ત્રીગ્રહોનું પાંચ કળાનું બળ આવ્યું, તે હર્ષસ્થાન બળના કોઠાના બીજા ખાનામાં દાખલ કરેલછે.

વર્ષપ્રવેશ કુંડલીમાં ચંદ્ર પેહેલે ભાવે અને શુક્ર તથા શની ત્રીજે ભાવે છે, અને તેઓ સ્ત્રીગ્રહો છે, માટે કલમ બીજી પ્રમાણે હર્ષસ્થાનીય ઠર્યા. જેથી તેનું પણ કળા પાંચનું બળ આવ્યું; અને સૂર્ય ચોથે ભાવે, બુધ પાંચમે ભાવે તથા ગુરૂ અને મંગળ છઠ્ઠે ભાવે વર્ષપ્રવેશ કુંડલીમાં આવેલા છે, અને બુધ શિવાયના, બીજા પુરૂષ ગ્રહો છે, વાસ્તે તેઓ પણ બીજી કલમથી હર્ષસ્થાનીય થયા, જેથી સૂર્ય, મંગળ તથા ગુરૂનું પણ પાંચ

---

૧ પેહેલા ભાવ ઉપરની દૃષ્ટીનું આગળ પ્રયોજન પડશે માટે લખી છે. ૨. સૂર્ય, મંગળ અને ગુરૂ. ૩. ચંદ્ર, બુધ, શુક્ર, શની. ૪. હર્ષસ્થાનમાં આવેલા.

ઉચ્ચબલસારિણીગુણકરભાજકફલ

૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨	૨	૨	૨	૨
૦	૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦	૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦	૭	૧૪	૨૦	૨૭
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧	૪૨	૪૩	૪૪	૪૫
૨	૨	૨	૨	૩	૩	૩	૩	૩	૩	૩	૩	૩	૪	૪	૪	૪	૪	૪	૪	૪	૪	૫
૩૪	૪૦	૪૭	૫૪	૦	૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦	૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦
૪૬	૪૭	૪૮	૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬	૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪	૬૫	૬૬	૬૭	૬૮
૫	૫	૫	૫	૫	૫	૫	૫	૬	૬	૬	૬	૬	૬	૬	૬	૬	૭	૭	૭	૭	૭	૭
૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦	૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦	૭	૧૪	૨૦	૨૭	૩૪
૬૯	૭૦	૭૧	૭૨	૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦	૮૧	૮૨	૮૩	૮૪	૮૫	૮૬	૮૭	૮૮	૮૯	૯૦	૯૧
૭	૭	૭	૮	૮	૮	૮	૮	૮	૮	૮	૮	૯	૯	૯	૯	૯	૯	૯	૯	૯	૧૦	૧૦
૪૦	૪૭	૫૪	૦	૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦	૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦	૭
૯૨	૯૩	૯૪	૯૫	૯૬	૯૭	૯૮	૯૯	૧૦૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૧૦	૧૦	૧૦	૧૦	૧૦	૧૦	૧૦	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨
૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦	૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦	૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦
૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭
૧૨	૧૨	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૫	૧૫	૧૫
૪૭	૫૪	૦	૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦	૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦	૭	૧૪
૩૮	૩૯	૪૦	૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬	૫૭	૫૮	૫૯	૬૦
૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭
૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦	૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦	૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭
૬૧	૬૨	૬૩	૬૪	૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦	૭૧	૭૨	૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦			
૧૭	૧૮	૧૮	૧૮	૧૮	૧૮	૧૮	૧૮	૧૮	૧૮	૧૯	૧૯	૧૯	૧૯	૧૯	૧૯	૧૯	૧૯	૧૯	૨૦			
૫૪	૦	૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦	૭	૧૪	૨૦	૨૭	૩૪	૪૦	૪૭	૫૪	૦			

કળાનું હર્ષબળ મળ્યું. તે તેના કોઠાના ત્રીજા ખાનામાં દાખલ કરેલુંછે, અને બુધ બીજી કલમથી હર્ષસ્થાનીય ઠરી શકતો નથી; માટે તેનું બળ કંઇ પણ મળ્યું નહીં.

વર્ષપ્રવેશ ચક્રમાં મંગળ છઠ્ઠે ભાવે આવેલ છે, તેથી તે ત્રીજી કલમ મુજબ હર્ષ-સ્થાનીય થયો, અને તે સિવાય બીજા કોઈ ગ્રહ ત્રીજી કલમપ્રમાણે હર્ષસ્થાનીય થઇ શક્તા નથી માટે મંગળસિવાય બીજા કોઇ ગ્રહનું બળ મળ્યું નહીં.

વર્ષપ્રવેશકુંડલીમાં કોઇ પણ ગ્રહ ઉચ્ચનો અથવા પોતાની રાશીનો જોવામાં આવતો નથી, જેથી કલમ ચોથી પ્રમાણે હર્ષસ્થાનીય બળ પાંચકળાનું મળી શકયું નહીં, માટે હર્ષ-સ્થાન બળના કોઠાના પાંચમાં ખાનામાં સર્વે ગ્રહોના બળને ઠેકાણે ૦ દાખલ કરેલ છે.

હર્ષસ્થાનીય બળકોષ્ટક.

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	ગ્રહ.
૦ ૦	૫ ૦	૦ ૦	૫ ૦	૦ ૦	૫ ૦	૫ ૦	૧
૫ ૦	૫ ૦	૫ ૦	૦ ૦	૫ ૦	૫ ૦	૫ ૦	૨
૦ ૦	૦ ૦	૫ ૦	૦ ૦	૦ ૦	૦ ૦	૦ ૦	૩
૦ ૦	૦ ૦	૦ ૦	૦ ૦	૦ ૦	૦ ૦	૦ ૦	૪
૫ ૦	૧૦ ૦	૧૦ ૦	૫ ૦	૫ ૦	૧૦ ૦	૧૦ ૦	સરવાળો.

ઉચ્ચનું બળ કહાડવાની રીત તથા તેનું ઉદાહરણ.

સૂર્યાદિ ગ્રહોમાંથી તેમનાં પોતપોતાનાં નીચ[1] બાદ કરવાં, બાદ કરતાં રાશી ૬ થી વધારે શેષ રહે તો તે આંકને બાર રાશીમાંથી બાદ કરવા. અને બાકી રહેલ રાશીના અંશ[2] કરી ઉચ્ચ બળ સારિણીમાંથી અંશપ્રમાણે કોઠાના આંક લેવા, તથા સારિણી ઉપર લખેલ ગુણકથી અવશિષ્ટ કળાને ગુણતાં અને ભાજકથી ભાગ લેતાં જે વિકળાના આંક મળે તેને કોઠામાંથી લીધેલ અંકમાં હમેશાં મેળવવા; એટલે ઉચ્ચ બળ તૈયાર થાયછે. (ઉચ્ચ બળની સારિણીનું કોષ્ટક પાસેના પાનાપર જુવો.)

રાશ્યાદિ સૂર્ય ૩-૮-૨૬-૯ માંથી સૂર્યનું નીચ ૬-૧૦-૦-૦ બાદ કરતાં ૮-૨૮-૨૬-૯ થયા તે રાશી ૬ કરતાં વધારેછે માટે તેને રાશી ૧૨ માંથી બાદ કર્યા તો ૩-૧-૩૩-૪૧ આવ્યા. તેના અંશ કર્યા તો ૯૧-૩૩-૪૧ થયા. માટે ઉચ્ચબળની સારિણીમાંથી ૯૧ મા અંશના કોઠાના આંક ૧૦-૭ લીધા. તથા અવશિષ્ટકળા ૩૩ ને સારિણીમાં લખેલ ગુણક ૧ થી ગુણતાં અને ભાજકના અંક ૯ થી ભાગ દેતાં ૩ લાધા તે કોઠાના આંક ૧૦-૭ માં મેળવ્યાથી ૧૦-૧૦ થયા તે સૂર્યનું કળાદિક ઉચ્ચ બળ આવ્યું.

એ પ્રમાણે બીજા ગ્રહોનું ઉચ્ચ બળ તૈયાર કરી આગળ પાને ૮૧ પંચવર્ગીય

૧ જુઓ પાને ૨૦ કોષ્ટક. ૨ પાને ૪૬ ટીપ.

બળના કોષ્ટકમાં દાખલ કરેલું છે, કારણ કે ગ્રહોનું ઉચ્ચ બળ લેવામાં આવેછે તે પણ પંચવર્ગીય બળના પેટામાં ગણાયછે.

હદ્દાના સ્વામી કરવાની સાંરિણી.

મેષ	વૃષભ	મિથુન	કર્ક	સિંહ	કન્યા	તુળા	વૃશ્ચિક	ધન	મકર	કુંભ	મીન
૬ ગુ.	૮ શુ.	૬ બુ.	૭ મં.	૬ ગુ.	૭ બુ.	૬ શ.	૭ મં.	૧૨ ગુ.	૭ બુ.	૭ બુ.	૧૨ બુ.
૬ શુ.	૬ બુ.	૬ શુ.	૬ શુ.	૫ શુ.	૧૦ શુ.	૮ બુ.	૪ શુ.	૫ શુ.	૭ ગુ.	૬ શુ.	૮ ગુ.
૮ બુ.	૮ ગુ.	૫ ગુ.	૬ બુ.	૭ શ.	૪ ગુ.	૭ ગુ.	૮ બુ.	૪ બુ.	૮ શુ.	૭ ગુ.	૩ બુ.
૫ મં.	૫ શ.	૭ મં.	૭ ગુ.	૬ બુ.	૭ મં.	૭ શુ.	૫ ગુ.	૫ મં.	૪ શ.	૫ મં.	૮ મં.
૫ શ.	૩ મં.	૬ શ.	૪ શ.	૬ મં.	૨ શ.	૨ મં.	૬ શ.	૪ શ.	૫ મં.	૫ શ.	૨ શ.

ઉપરની હદ્દાની સારિણીમાં ૧૨ રાશી અને તેની નીચે અંશના આંક ખાનાં પાંચમાં આપેલા છે, તે અંશ ૩૦ કરતાં વધારે થાય નહિ માટે અંશના અંકોનો સરવાળો કરીશું તો દરેક રાશીની નીચે ૩૦ અંકનોજ આવશે. અંશના અંક સાથે અંશના સ્વામી લખેલા છે, તે ઉપરથી ગ્રહોના સ્વામી કરવાની રીત એવી છે કે, કોઈપણ ગ્રહ મેષરાશીમાં અંશ ૬ ની અંદર હોય તો તેનો સ્વામી હદ્દામાં ગુરૂ થાયછે. અંશ ૬ કરતાં વધારે, અને બારની અંદર હોય તો તેનો સ્વામી શુક્ર, અંશ ૧૨ કરતાં વધારે અને ૨૦ ની અંદર હોય તો તેનો સ્વામી બુધ, અંશ ૨૦ કરતાં વધારે અને ૨૫ ની અંદર હોય તો તેનો સ્વામી મંગળ અને અંશ ૨૫ થી વધારે હોય તો મેષરાશીની નીચે છેવટના ખાનામાં લખેલ છેલ્લા પાંચ અંશનો સ્વામી શની છે તેજ હદ્દામાં સ્વામી થાયછે; એજ રીતે વૃષભ વગેરે રાશી નીચેના અંશ તથા સ્વામીની પણ સમજ જાણવી.

હદ્દાના સ્વામી કરવાનું ઉદાહરણ.

સૂર્ય ૩–૮–૨૬–૯ છે માટે હદ્દાની સારિણીમાં કર્કરાશી નીચે પેહેલાં ખાનામાં ૭ અંશ છે. અને તેનો સ્વામી મંગળ કરેલ છે, તે હદ્દામાં સૂર્યનો સ્વામી સંભવે નહિં. કેમકે અહીં સૂર્યના અંશ (૮) સાત કરતાં વધારે છે અને કર્કરાશી નીચે લખેલ બીજા ખાનામાં ૬ અંશનો સ્વામી શુક્ર કરેલ છે તેથી ૭ અંશ પછી તે તેર અંશ લગણ કર્કરાશીમાં શુક્રજ સ્વામી થાયછે. એજ કારણથી અહીં પણ કર્કરાશીમાં સૂર્ય ૭ અંશથી વધારે ને ૧૩ ની અંદર હોવાથી તેનો હદ્દામાં સ્વામી શુક્ર થયો.

ચંદ્ર ૦–૪–૨૨–૩૦ સ્પષ્ટ થયોછે. અને મેષરાશીના અંશ ૬ લગણ તેનો સ્વામી ગુરૂ સારિણીમાં લખેલ છે તે વાસ્તે ચંદ્રનો હદ્દામાં સ્વામી ગુરૂ થયો. એવી રીતે મંગળ વગેરે સર્વે ગ્રહોના હદ્દામાં જે સ્વામી મળ્યા તે દ્રષ્કાણ તથા નવમાંશના સ્વામી સાથે નીચેના કોઠામાં દાખલ કરેલા છે.

જન્મપત્રીમાં દ્રષ્કાણુ તથા નવમાંશ કરવાની રીતિ સારિણી ઉપરથી દર્શાવેલીછે. અને તેના સ્વામી લેવાની રીત પણ ત્યાંજ બતાવવામાં આવીછે. તેમાંથી અહીં દ્રષ્કાણુ તથા નવમાંશ કુંડલીનું કંઇ પ્રયોજન નથી. માટે ફક્ત સારિણી ઉપરથી દ્રષ્કાણુમાં અને નવમાંશમાં ગ્રહોના જે સ્વામી મળે તેને કોષ્ટકમાં હદ્દાના સ્વામી સાથે વર્ષફળમાં દાખલ કરવા રિવાજ ચાલેછે. તેથી આ નીચેના કોષ્ટકમાં હદ્દાના સ્વામીની નીચે દ્રષ્કાણુ તથા નવમાંશના સ્વામી પેહેલાની રીતે જે મળ્યા છે તે સર્વે દાખલ કર્યા છે.

હદ્દાની રાશીના સ્વામીનું કોષ્ટક.

સૂર્ય.	ચંદ્ર.	મંગળ	બુધ.	ગુરૂ.	શુક્ર.	શની.	ગ્રહો.
શુક્ર.	ગુરૂ.	ગુરૂ.	ગુરૂ.	શુક્ર.	શુક્ર.	શની.	હદ્દાપ્રમાણે ગ્રહોની રાશીના સ્વામી.
ચંદ્ર.	મંગળ	શની.	સૂર્ય.	શની.	બુધ.	ગુરૂ.	દ્રષ્કાણપ્રમાણે ગ્રહોની રાશીના સ્વામી.
બુધ.	શુક્ર.	બુધ.	શુક્ર.	મંગળ	ગુરૂ.	શુક્ર.	નવમાંશ પ્રમાણે ગ્રહોની રાશીના સ્વામી.

પંચવર્ગીય બળ કરવાની રીત.

૧ ઉચ્ચબળ. ૨ વર્ષપ્રવેશ સમયે ગ્રહની રાશીના સ્વામી ઉપરથી આણેલ (સ્થાનબળ) બળ. ૩ હદ્દાના સ્વામી ઉપરથી કરેલ બળ, ૪ દ્રષ્કાણુના સ્વામી ઉપરથી કરેલ બળ, અને ૫ નવમાંશના સ્વામી ઉપરથી કરેલ બળ, એમ પાંચ તરેહનાં બળને પંચવર્ગીય બળ જોષિયો કહેછે.

अ ઉચ્ચબળની રીતિ બતાવવામાં આવીછે.

આ વર્ષપ્રવેશ કુંડલીમાં જે ગ્રહ પોતાની રાશીનો હોય તેનું ૩૦ કળાનું બળ થાય. જે ગ્રહ મિત્રની રાશીનો હોય તેનું ૨૨ કળાનું તથા ૩૦ વિકળાનું, જે ગ્રહ સમની રાશીમાં હોય તેનું ૧૫ કળાનું, અને જે ગ્રહ શત્રુગ્રહની રાશીમાં હોય તેનું ૭ કળા તથા ૩૦ વિકળાનું બળ થાયછે.

इ હદ્દામાં જે ગ્રહનો સ્વામી પોતા સિવાય બીજો નહોય તેવા ગ્રહનું બળ ૧૫–૦ થાયછે. હદ્દામાં જે ગ્રહસ્વામી દાખલ કરેલા છે તેમાંથી જે ગ્રહનો સ્વામી પોતાનોજ મિત્ર ગ્રહ હોય તો તેનું બળ ૧૧–૧૫ સમગ્રહ સ્વામી હોય તો ૭–૩૦ અને શત્રુગ્રહ સ્વામી હોય તો ૩–૪૫ થાયછે.

क દ્રષ્કાણુમાં જે ગ્રહનો સ્વામી પોતેજ હોય, તેનું ૧૦–૦ જે ગ્રહનો સ્વામી મિત્રગ્રહ હોય તેનું ૭-૩૦ નું, જે ગ્રહનો સ્વામી સમગ્રહ હોય તેનું ૫–૦ નું અને જે ગ્રહનો સ્વામી શત્રુગ્રહ હોય તેનું ૨–૩૦ બળ થાયછે.

ग નવમાંશમાં જે ગ્રહનો સ્વામી પોતાસિવાય બીજો આવે નહિ તેવા ગ્રહનું બળ ૫–૦ જે ગ્રહનો સ્વામી મિત્રગ્રહ હોય તેનું બળ ૩–૪૫ નું, જે ગ્રહનો સ્વામિ સમ-

ગ્રહ હોય તેનું ૨-૩૦, અને જે ગ્રહનો સ્વામી પોતાનો શત્રુગ્રહ હોયતો તેનું બળ ૧ કળા તથા ૧૫ વિકળાનું થાયછે.

ઉપર પ્રમાણે દરેક ગ્રહનું પંચવર્ગીય બળ કરી તેને જૂદુ જૂદું કોષ્ટકના ખાનામાં દાખલ કરી તેનો સરવાળો કરવાથી પંચવર્ગીયબળ તૈયાર થાયછે.

પંચવર્ગીયિબળ કરવાનો દાખલો.

વર્ષફળમાં મિત્રવગેરે નીચેના કોષ્ટકમાં લખેલાં છે તે ઉપયોગી કરવા. જન્મપત્રીના નહીં.								ક્રમપ્રમાણે હદ્દાદિકનાં બળનું કોષ્ટક.				
સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	ગ્રહો.	સ્વગ્રહ	મિત્ર.	સમ.	શત્રુ	
ચં.	સૂ.શુ.	શ.	શ.	શ.	ચં.સૂ.	મં.બુ. ગુ.	મિત્ર.	૩૦ ૦	૨૨ ૩૦	૧૫ ૦	૭ ૩૦	સ્વસ્થાન.
મં.બુ. ગુ.શુ.	શ.	સૂ.શુ.	સૂ.શુ.	સૂ.બુ. શ.	મં.બુ. ગુ.શ.	ચં.શુ.	સમ.	૧૫ ૦	૧૧ ૧૫	૭ ૩૦	૩ ૪૫	હદ્દાપ્રમાણે
શ.	મં.બુ. ગુ.	ચં.બુ. ગુ.	ચં.મં. ગુ.	ચં.મં. શુ.	૦	સૂ.	શત્રુ.	૧૦ ૦	૭ ૩૦	૫ ૦	૨ ૩૦	દ્રેષ્કાણ ,,
								૫ ૦	૩ ૪૫	૨ ૩૦	૧ ૧૫	નવમાંશ ,,

વર્ષપ્રવેશ કુંડલીમાં સૂર્ય કર્કરાશીનો હોવાથી તેનો સ્વામી ચંદ્ર થયો, અને ચંદ્ર સૂર્યનો મિત્રાદિકના કોઠામાં મિત્ર કરેલ છે માટે આની કલમપ્રમાણે સૂર્યનું બળ ૨૨ કળા અને ૩૦ વિકળાનું મળ્યું. એવીજ રીતે આની કલમપ્રમાણે ચંદ્ર વગેરાનું બળ કરી પંચવર્ગીય બળના કોઠાના ૩ જા ખાનામાં દાખલ કરેલું છે.

હદ્દામાં સૂર્યનો સ્વામી શુક્ર કરેલો છે, અને શુક્ર મિત્રાદિકના કોઠામાં સૂર્યનો સમ કરેલો છે, માટે ઇની કલમ મુજબ સમનું બળ ૭-૩૦ છે તેજ સૂર્યનું થયું. અને એજ પ્રમાણે ઇની કલમથી હદ્દામાં ચંદ્રાદિકનું જે બળ મળ્યું તે પંચવર્ગીય બળના કોઠાના ખાના ચોથામાં દાખલ કરેલ છે.

દ્રેષ્કાણમાં સૂર્યનો સ્વામી ચંદ્ર છે, એમ હદ્દાદિકના સ્વામીનો કોઠો તપાસતાં માલમ થાયછે, અને સૂર્યનો ચંદ્ર મિત્ર છે, તે કારણ ક્રની કલમ મુજબ સૂર્યનું દ્રેષ્કાણમાં ૭ કળા ને ૩૦ વિકળાનું બળ થયું. એવીજ રીતે દ્રેષ્કાણમાં બીજા ગ્રહોનું બળ તૈયાર કરી પંચવર્ગીય બળના કોઠાના પાંચમા ખાનામાં દાખલ કરેલ છે.

નવમાંશમાં સૂર્યનો સ્વામી બુધ છે, એમ હદ્દાદિકના સ્વામીનો કોઠો જોતાં ખાત્રી થાયછે. અને સૂર્યનો બુધ સમ છે, માટે ગની કલમ પ્રમાણે નવમાંશમાં સૂર્યનું બળ ૨-૩૦ થાયછે. એપ્રમાણે બીજા ગ્રહોનું પણ બળ ગ કલમપ્રમાણે તૈયાર કરી પંચવર્ગીય બળના કોઠાના છેવટના છઠ્ઠા ખાનામાં દાખલ કરવામાં આવ્યું છે.

પંચવર્ગીય બળ કોષ્ટક.

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	ગ્રહો.
૧૦ ૧૦	૧૬ ૪૯	૫ ૪૨	૧૬ ૨૬	૧૨ ૩૭	૧૨ ૧૪	૭ ૭	ઉચ્ચ બળ.
૨૨ ૩૦	૭ ૩૦	૭ ૩૦	૧૫ ૦	૭ ૩૦	૭ ૩૦	૨૨ ૩૦	સ્થાન બળ.
૭ ૩૦	૩ ૪૫	૩ ૪૫	૩ ૪૫	૭ ૩૦	૧૫ ૦	૧૫ ૦	હદ્દા બળ.
૭ ૩૦	૨ ૩૦	૭ ૩૦	૫ ૦	૭ ૩૦	૫ ૦	૫ ૦	દ્રષ્કાણુ બળ.
૨ ૩૦	૩ ૪૫	૧ ૧૫	૩ ૪૦	૧ ૧૫	૨ ૩૦	૨ ૩૦	નવમાંશ બળ.
૫૦ ૧૦	૩૪ ૧૯	૨૫ ૪૨	૪૧ ૪૧	૩૬ ૨૨	૪૨ ૧૪	૫૨ ૭	બળનો સરવાળો.

ત્રિરાશિના સ્વામી કરવાનું કોષ્ટક.

મે.	વૃ.	મિ.	ક.	સિં.	ક.	તુ.	વૃ.	ધ.	મ.	કું.	મી.	રાશી.
સૂ.	શુ.	શ.	શુ.	ગુ.	ચં.	બુ.	મં.	શ.	મં.	ગુ.	ચં.	દિવસના.
ગુ.	ચં.	બુ.	મં.	સૂ.	શુ.	શ.	શુ.	શ.	મં.	ગુ.	ચં.	રાત્રિના.

ઉપરના કોઠામાં બાર રાશીની નીચે પેહેલાં તથા બીજા ખાનામાં ત્રિરાશીના સ્વામી દિવસ તથા રાત્રિના જૂદા જૂદા આપેલા છે, તે ઉપરથી એ બેઉની સમજણ એવી છે કે વર્ષ પ્રવેશ થતી વેળાએ મેષ લગ્ન હોય અને દિવસમાં વર્ષ પ્રવેશ થયો હોય તો ત્રિરાશીનો સ્વામી મેષરાશીની નીચેના ખાનામાં લખેલ (સૂર્ય) ગ્રહ થાયછે. અને રાત્રિનું વર્ષ બેસે તથા મેષ લગ્ન હોય ત્યારે મેષરાશીની નીચે બીજા ખાનામાં લખેલ ગુરૂ ત્રિરાશીનો સ્વામી થાયછે. એ પ્રમાણેજ સર્વે રાશી નીચેના ગ્રહો ઉપરથી તથા દિવસ રાત્રિના વિભાગ ઉપરથી ત્રિરાશીના સ્વામી કરી લેવા.

ઉદાહરણ.

વર્ષ પ્રવેશ રાત્રિનો થયો છે અને વર્ષ પ્રવેશ થતી વેળાએ મેષ લગ્ન આવેલું છે. માટે મેષ રાશીની નીચે રાત્રિમાં લખેલ ગુરૂ ત્રિરાશીનો સ્વામી ઠર્યો.

લઘુ પંચવર્ગી તથા વર્ષના સ્વામી કરવાની રીત.

૧ જન્મલગ્નની[1] રાશીનો સ્વામી, વર્ષ લગ્નની રાશીનો સ્વામી મુંથાની રાશીનો

૧ જન્મકુંડલીમાં જોવાથી જન્મલગ્નની રાશીના સ્વામીનું નક્કી થશે.

સ્વામી, ત્રિરાશીનો સ્વામી અને સમયનો[1] સ્વામી એ પાંચ ગ્રહોને અધિકારી તથા લઘુ પંચવર્ગીના પતિ કહેવામાં આવેછે. અને એમાંથી જે ગ્રહ સર્વ કરતાં બળવાન હોય તથા લગ્નને પૂર્ણ દેખતો હોય તો તે વર્ષનો સ્વામી થઈ શકેછે.

અ સર્વ કરતાં જે ગ્રહ બળવાન[2] હોય, પણ જો લગ્નને પૂર્ણ દેખતો ન હોય તો તે વર્ષ સ્વામી થવાને લાયક ગણાણો નથી. પણ પંચવર્ગી પતિમાંથી જે ગ્રહ લગ્નને પૂર્ણ દેખતો હોય અને તે અલ્પ બળવાન હોય તોપણ વર્ષનો સ્વામી તે ગણાયછે.

ઇ લઘુ પંચવર્ગીમાં આવેલા કોઇ બે ગ્રહ બળથી સરખા હોય તો જેની દૃષ્ટિ લગ્ન ઉપર વધારે હોય તે વર્ષનો સ્વામી થાયછે. અને લગ્નને સમાન દૃષ્ટિથી જોતા હોય તથા બળમાં પણ સરખા હોય તો તે બેમાંથી એકપણ વર્ષનો સ્વામી થાય નહીં, અને જો દિવસમાં વર્ષ પ્રવેશ હોય તો સૂર્ય વર્ષ સ્વામી થાયછે. અને રાત્રિનો હોય તો ચંદ્ર વર્ષ સ્વામી થાયછે. કદાચ જો પંચવર્ગીય પતિમાં સૂર્ય તથા ચંદ્ર આવેલા ન હોય તો ત્રિરાશીનો સ્વામીજ વર્ષનો સ્વામી થાયછે.

લઘુ પંચવર્ગી તથા વર્ષના સ્વામી કરવાનો દાખલો.

ચાલુ ઉદાહરણમાં જન્મલગ્નનો સ્વામી [3]શુક્ર છે, વર્ષલગ્નનો સ્વામી [4]મંગળ છે મુંથાની રાશીનો સ્વામી ચંદ્ર છે[5] ત્રિરાશીનો સ્વામી ગુરૂ છે.[6] અને વર્ષપ્રવેશ રાત્રિનો હોવાથી ચંદ્રની રાશીનો (વર્ષપ્રવેશચક્રમાં) સ્વામી મંગળ છે, તેજ સમય સ્વામી થયો. એપ્રમાણે શુક્ર, મંગળ, ચંદ્ર, ગુરૂ અને મંગળ એ પાંચ ગ્રહ લઘુ પંચવર્ગીના પતિ, અથવા તો અધિકારી થયા. તેને નીચેના કોઠામાં દાખલ કરેલાછે; અને તે કોઠાના ત્રીજા ખાનામાં તેજ ગ્રહોની પેહેલા ભાવઉપર જે દૃષ્ટિ આવેલી છે તેના આંક લખેલા છે.

ઉપર જે પાંચ ગ્રહો લઘુ પંચવર્ગીના પતિ થયા તેમાં સર્વ કરતાં બળવાન શુક્ર થયોછે, તથાપિ તે લગ્નને પૂર્ણ દેખતો નથી, માટે તે વર્ષ સ્વામી થઇ શકયો નહિ, અને ચંદ્ર તે કરતાં ઓછા બળવાળો છે, તોપણ લગ્નને પૂર્ણ દેખેછે, વાસ્તે તે વર્ષનો સ્વામી થયો.

લઘુ પંચવર્ગીય.


જન્મલગ્ન પતિ.	વર્ષલગ્ન પતિ.	મુંથાપતિ	ત્રિરાશી પતિ.	સમય પતિ.	ગ્રહો.
શુક્ર.	મંગળ.	ચંદ્ર.	ગુરૂ.	મંગળ.	પંચવર્ગીના પતિ
૦ ૧૪ ૩૮	૦ ૨૪ ૪	૦ ૫૪ ૫	૦ ૮ ૧૫	૦ ૨૪ ૪	પેહેલે ભાવેદૃષ્ટિ.

૧ દિવસમાં વર્ષ પ્રવેશ થાય તો સૂર્યની રાશીનો સ્વામી, અને રાત્રિનો થાય તો ચંદ્રની રાશીનો સ્વામી સમયનો સ્વામી થાયછે. ૨ આની તપાસ પંચવર્ગીયના કોઠામાં કરવી. ૩ પાને ૭૪ જન્મલગ્નમાં જુઓ. ૪ પાને ૭૪ વર્ષપ્રવેશ કુંડલી જુઓ. ૫ પાને ૭૫ પ્રશ્ન બીજું જુઓ. ૬ પાને ૮૧ દાખલો જુઓ.

ત્રિપતાકાચક્ર કરવાની રીત.

ત્રિપતાકાચક્ર પ્રથમ તૈયાર કરી તેમાં ઉપરના ભાગમાં વર્ષનું જે લગ્ન હોય તેજ લગ્ન તથા દરેક ખૂણે બીજી રાશીઓ લખવી. અને જેટલામું વર્ષ બેઠું હોય તેને ૪ થી ભાગ દેતાં શેષાંક જે રહે તેપ્રમાણે અંક જન્મના દરેક ગ્રહની રાશીમાં ઉમેરતાં જે રાશીઓ થાય તે રાશીઓના સર્વે ગ્રહ ત્રિપતાકાચક્રમાં કરવા, પણ ચંદ્ર, મંગળ અને રાહુ એપ્રમાણે ફેરફારથી ત્રિપતાકાચક્રમાં યથાર્થ આવતા નથી; માટે ચંદ્ર કરવો હોયતો વર્ષની સંખ્યાને ૯ ભાગતાં જે શેષાંક રહે તેપ્રમાણે જન્મના ચંદ્રની રાશીમાં આંક વધાર્યાથી ચંદ્રની જે રાશી આવે તેજ રાશી ત્રિપતાકાચક્રમાં તેની કરવી, અને મંગળ તથા રાહુ કરવા હોયતો વર્ષની સંખ્યાને ૬ એ ભાગતાં શેષ રહે તેપ્રમાણે જન્મની રાશીમાં વધાર્યાથી મંગળ તથા ઘટાડ્યાથી રાહુ ત્રિપતાકાચક્રમાં થશે.

ત્રિપતાકા ચક્ર.



વર્ષપ્રવેશ કુંડલીમાં મેષલગ્ન છે, માટે ઉપરના ત્રિપતાકા ચક્રમાં ઉપરને ભાગે મેષલગ્ન લખેલુંછે, અને ચાલુ ઉદાહરણમાં વર્ષપ્રવેશની સંખ્યા ૨૨ ની છે, તેને ચારે ભાગતાં શેષાંક ૨ રહેછે, તેપ્રમાણે ચંદ્ર મંગળને રાહુ સિવાયના જન્મગ્રહોની રાશીમાં વધારો કરતાં સૂર્ય કન્યાનો, બુધ કન્યાનો, ગુરૂ કુંભનો, શુક્ર કર્કનો, અને શની ધનનો થાયછે. તેમજ વર્ષની સંખ્યા ૨૨ ને ૯ થી તથા ૬ થી ભાગતાં ૪ શેષ રહ્યા, તેપ્રમાણે જન્મના ચંદ્રની તથા મંગળની રાશીમાં વધારો ને રાહુનીમાં ઘટાડો કર્યો તો વૃશ્ચિકનો ચંદ્ર, ધનનો મંગળ અને મિથુનનો રાહુ થયો, એવીરીતે સૂર્ય વગેરે ગ્રહોની જે રાશીઓ મળી તે રાશીના ગ્રહો ઉપરના ત્રિપતાકાચક્રમાં દાખલ કરેલાછે.

ત્રિપતાકાચક્રમાં એક રેખામાં સામસામા ગ્રહો આવે તો તે ગ્રહોનો વેધ થયો એમ ગણાયછે. જેમકે વૃશ્ચિકનો ચંદ્ર તથા ધનનો મંગળ એ બન્ને એક રેખામાં છે, માટે તે બે ગ્રહનો પરસ્પર વેધ થયો; તેમજ સૂર્ય તથા બુધનો ગુરૂ સાથે વેધ થયોછે. આ વેધવિષે જ્યોતિષમાં એમ લખ્યુંછે કે ચંદ્ર અને રાહુનો વેધ આવેતો વર્ષમાં નેષ્ટ ફળ થાયછે. સૂર્ય અને રાહુનો તથા મંગળ અને રાહુનો વેધ પણ ખરાબ ગણાય છે. ટુંકામાં કહીએ તો શુભ ગ્રહોનો વેધ સારો કહેવાય, ક્રૂર ગ્રહોનો વેધ નઠારો કહેવાય. અને એક ક્રૂરગ્રહ સાથે બીજા શુભ ગ્રહોનો વેધ સાધારણ કહેવાયછે.

માસપ્રવેશ કરવાની રીત.

વર્ષપ્રવેશના સૂર્યની રાશીમાં એક રાશી ઉમેરતાં જેપ્રમાણે રાશ્યાદિ સૂર્ય આવે તે પ્રમાણે સ્પષ્ટ સૂર્ય જે દિવસે થાય તે દિવસ પેહેલા માસનો પ્રવેશ થાયછે. વર્ષપ્રવેશના સૂર્યમાં બે રાશી ઉમેરીએ એટલે બીજા માસ પ્રવેશનો સૂર્ય થાયછે, એમ અનુક્રમે એક એક ચઢતી રાશી ઉમેરવાથી દરેક માસ પ્રવેશના સૂર્ય થાયછે; પણ તેવો સૂર્ય કયા મહિનાની કઇ તિથિએ અને કયે વખતે થશે તે જાણવું અગત્યનું છે, કેમકે માસપ્રવેશના સૂર્યને સમાન સૂર્ય જે તિથિએ જે વારે તથા જે વખતે થાય તે વખતે તે મહિનાનો પ્રવેશ થાયછે.

માસપ્રવેશનો જે રાશ્યાદિક સૂર્ય રાશી ઉમેરવાથી આવે તેને રાશી તથા અંશથી તમામ મળતો સૂર્ય પેહેલાં બતાવેલ રવિ કોષ્ટકમાં જે ગણની નીચે જોવામાં આવે તે ગણની નીચેના સૂર્યના આંક લેવા. અને માસપ્રવેશ સૂર્યના રાશ્યાદિક આંક સાથે તે સૂર્યના રાશ્યાદિક આંકની બાદબાકી કરવી. આપ્રમાણે બાદબાકી કરતાં જે કળા તથા વિકળા અવશેષ રહે તેને ૬૦ ગુણી કોઠાના સૂર્યની નીચે લખેલ ગતિથી ભાગ આપતાં જે ઘડી તથા પળ મળે તે કાયમ રાખવાં અને પેહેલાંની રીતિ મુજબ ચાલુ શાલનો અબ્દપ કરી તેના ઘડી તથા પળમાં ઉપર મળેલ ઘડી તથા પળના આંક જો કોષ્ટકનો સૂર્ય માસ પ્રવેશ સૂર્ય કરતાં ન્યૂન હોયતો ઉમેરવા અને અધિક હોયતો બાદ કરવા. એટલે માસપ્રવેશનાં ઘડી તથા પળ થાયછે; અને જે ગણની નીચેનો સૂર્ય માસ પ્રવેશના સૂર્ય સાથે રાશી અંશથી મળતો આવેલ હોય તે ગણની સંખ્યામાં અબ્દપના વારના અંકને ઉમેરી ૭ ભાગ આપતાં શેષ રહે તે માસ પ્રવેશનો વાર થાયછે.

ઉપર મુજબ માસપ્રવેશનો વાર ઘડી તથા પળ જે મળે તે વખતેજ પ્રથમ માસ કરવો હોયતો વર્ષપ્રવેશના દિવસ પછી આસરે ૩૦ દિવસે પેહેલા માસનો પ્રવેશ થાયછે, બીજો માસ કરવો હોયતો પેહેલા માસ પછી ૩૦ દિવસે તેનો પ્રવેશ થાયછે. અને ત્રીજો માસ કરવો હોયતો બીજા મહિના પછી ૩૦ દિવસને અંતરે થાયછે, એપ્રમાણે ઉત્તરોત્તર મહિના પૂર્વ પૂર્વના મહિના પછી ૩૦ દિવસને અંતરે બેસેછે, કદાચ પૂર્વના મહિના પછી ઉત્તરના મહિનાનો વાર ૩૦ દિવસે મળે નહીં ત્યારે તિથિની સંખ્યામાં વધઘટ કરવી, પણ વાર ફેરવવો નહિં.

માસપ્રવેશની તિથિ ગણિતથી મળી શકતી નથી, માટે પંચાંગ ઉપરથી આવેલે વારે જે તિથિ હોય તે તપાસી નક્કી કરવી.

ઉપર મુજબ જે તિથિ, વાર અને ઇષ્ટઘડી સમયે માસપ્રવેશ થાય તે વખતે કહેલી રીતિપ્રમાણે સ્પષ્ટ સૂર્ય કરીશું તો માસ પ્રવેશના સૂર્યના રાશ્યાદિ અંક સાથે તમામ મળતોજ આવશે. કદાચ તેમ ન મળે તો માસપ્રવેશમાં ભૂલ છે, એમ જાણી ગણિત ફરી તપાસવું.

માસપ્રવેશ જે વેળાએ થાય તે વેળાતું લગ્ન પેહેલાંની રીતે કરવું, અને માસ પ્રવેશ કુંડલીમાં તે લગ્ન ચડાવી તેમાં પંચાંગ ઉપરથી તે દિવસના ગ્રહો લખવા. આ પ્રમાણે ૧૧ મહિનાના પ્રવેશ કરવાથી વર્ષફળમાં માસપ્રવેશની ૧૧ કુંડલી થાયછે, અને માસની સંખ્યા ૧૨ ની છે તોપણ વર્ષપ્રવેશ એજ પેહેલો માસ ગણાયછે, જેથી બાકી ૧૧ મહિના રહેછે.

માસપ્રવેશ સમયના ગ્રહ ઉપરથી તે માસના વિશ્વા તથા તેની જોવાની રીત આગળ બતાવવામાં આવશે.

માસપ્રવેશનો દાખલો.

જન્મસમયના અથવા તો વર્ષપ્રવેશના સૂર્ય ૩-૮-૨૬-૯ માં એક રાશી મેળવીતો ૪-૮-૨૬-૯ થયા તે પેહેલા માસપ્રવેશનો સૂર્ય થયો, અને બે રાશી મેળવીતો ૫-૮-૨૬-૯ થયા તે બીજા માસ પ્રવેશનો સૂર્ય થયો, એપ્રમાણે દરેક માસના સૂર્ય અક્કેક રાશી મેળવ્યાથી જે આવ્યા તે નીચેના કોઠામાં દાખલ કરેલાછે.


૧ માસ નો સૂર્ય.	૨જામાસનોસૂ.	૩જામાસનોસૂ.	૪ માસનોસૂ.	૫ માસનોસૂ.	૬ માસનોસૂ.	૭ માસનોસૂ.	૮ માસનો સૂ.	૯ માસનો સૂ.	૧૦માસ નો સૂ.	૧૧માસ નો સૂર્ય.
૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૦	૧
૮	૮	૮	૮	૮	૮	૮	૮	૮	૮	૮
૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬
૯	૯	૯	૯	૯	૯	૯	૯	૯	૯	૯

પેહેલા માસનો કયારે પ્રવેશ થશે, તે જાણવાનુંછે, માટે પેહેલા માસના સૂર્ય ૪-૮-૨૬-૯ ના સરખો સૂર્ય કોષ્ટકમાં કયા ગણના નીચે આવશે, તેની તપાસ કરતાં ૧૩૨ મા ગણનીચે સૂર્ય ૪-૮-૨૪-૮ લખેલછે, જેથી રાશી તથા અંશ માસપ્રવેશના સૂર્ય સાથે તેના તમામ મળતાં આવેછે, તે વાસ્તે આ સૂર્ય ૪-૮-૨૪-૮ ની માસપ્રવેશના સૂર્ય ૪-૮-૨૬-૯ સાથે બાદબાકી કરીતો ૨ કળા અને ૧ વિકળા બાકી રહેછે; તેને ૬૦ ગુણી કોઠામાં લખેલ સૂર્યની ગતિ ૫૭-૪૬ થી ભાગ લીધો તો ૨ ઘડી તથા ૫૦ પળ મળ્યાં, તેને ચાલુ સાલના અબ્દપ ૪-૪-૪૮ ની ઘડીમાં માસપ્રવેશના સૂર્ય કરતાં કોઠાનો સૂર્ય ન્યૂન હોવાથી ઉમેર્યા તો ૭-૩૮ થયા તે માસપ્રવેશના ઘડી તથા પળના આંક આવ્યા, અને વારજ્ઞાન થવામાટે ૧૩૨ મા ગણની સંખ્યામાં અ-

અ્દપના વારનો આંક મેળવતાં ૧૩૬ થયા તેને ૭ ભાગતાં ૩ શેષ રહ્યા, તેવાસ્તે મંગલવાર માસપ્રવેશને દિવસે આવ્યો. એપ્રમાણે મંગલવારને દિવસે ઇષ્ટ ઘડી ૭-૩૮ વખતે પેહેલા માસનો પ્રવેશ થાયછે.

પેહેલાં વર્ષ પ્રવેશ આષાડ વદિ ૭ શુક્રવારને દિવસે થએલછે, તેથી ૩૦ દિવસને અંતરે શ્રાવણ વદિ ૭ રવિવાર આવેછે; અહીં માસપ્રવેશનો વાર રવી નથી પણ મંગલ છે, માટે તિથિમાં ૨ ની સંખ્યા ઉમેરતાં નોમ આવી તે સ્વીકારી. કેમકે નોમને દિવસ પંચાંગમાં મંગલવાર કરેલછે, એપ્રમાણે શ્રાવણ વદિ ૯ મંગલવારને દિવસે ઇષ્ટઘડી ૭-૩૮ સમયે માસનો પ્રવેશ થયો તે વેળાનું પેહેલાંની રીતે, લગ્નપત્ર ઉપરથી લગ્ન આણી અને તે દિવસના ગ્રહોની રાશીનું જ્ઞાન પંચાંગ ઉપરથી મેળવી પાસે લખેલ માસ પ્રવેશની કુંડલી તૈયાર કરવામાં આવીછે અને એવીજ રીતે વર્ષફળમાં બીજા મહિનાઓની કુંડલીઓ તૈયાર કરવી.

માસ પેહેલો. લગ્ન. ૫-૨૧



વર્ષની હિનાંશી દશા કરવાની રીત.

હિનાંશી દશા ૩૬૫ દિવસ ૧૫ ઘડી અને ૩૧ પળ રહેછે. આ દશા જન્મપત્રીની મહાદશાની પેઠે નક્ષત્રના આધારથી આવતી નથી. પણ સૂર્યાદિ સ્પષ્ટ ગ્રહોમાંથી જે ગ્રહના અંશ સર્વે કરતાં ન્યૂન હોય તે ગ્રહની દશા સર્વ કરતાં પેહેલી આવેછે, અને જે ગ્રહના અંશ સર્વ કરતાં વધારે હોય તે ગ્રહની દશા સર્વે ગ્રહો કરતાં પાછળ આવેછે. જે ગ્રહના અંશ સર્વથી ઓછા હોય તેની મહાદશા સર્વથી પેહેલી આવેછે, અને બીજા કરતાં ઓછા અંશ તથા પેહેલી જે ગ્રહની મહાદશા હોય તે કરતાં વધારે અંશવાળા ગ્રહની બીજી દશા થાયછે. એવીરીતે ક્રમપ્રમાણે દરેક ગ્રહની દશા ચડતે અંશે થાયછે. તે દશા કરવાની રીતિ એવી છે કે સૂર્યાદિ ૭ ગ્રહો તથા લગ્નમાંથી ન્યૂન અંશવાળો ગ્રહ પ્રથમ કોષ્ટકમાં તેની રાશી છોડીને લખવો, અને બીજા પણ ચડતે અંશે રાશી છોડીને દરેક કોષ્ટકમાં લખવા. એમ લખવાથી કુલ આઠ કોષ્ટક તૈયાર થાયછે, અને ત્યારપછી જે ગ્રહની દશા પેહેલાં આવી હોય તે ગ્રહના અંશાદિક અંકને બીજી દશાવાળા ગ્રહના અંશાદિક અંકમાંથી બાદ કરવા. બીજી દશાવાળા ગ્રહના અંક ત્રિજી દશાવાળા ગ્રહના અંશાદિક આંકમાંથી બાદ કરવા. અને ત્રિજી દશાવાળા ગ્રહના આંક ચોથી દશાવાળા ગ્રહમાંથી બાદ કરવા, એપ્રમાણે ઉત્તરોત્તર ગ્રહના અંશાદિક અંકમાંથી પૂર્વપૂર્વના ગ્રહોના અંશાદિક આંક બાદ કરતાં જે શેષ રહે તે પણ પેહેલાં કરેલ આઠ કોષ્ટકની નીચે બીજાં આઠ કોષ્ટક કરી તેમાં દાખલ કરવા.

ઉપર પ્રમાણે બાદબાકી કરતાં અવશેષ રહેલ અંશોને જ્યોતિષમાં "પાત્યાંશા" કહેછે, તે પાત્યાંશાનો સરવાળો કરતાં જે અંશ, કળા, તથા વિકળા મળે તે સર્વેની વિકળા કરી તેનાવડે ૧૩૧૪૯૩૧ વિકળાને ભાગ દેઇ અંશાદિક ત્રણ અંક લેવા. ભાગ

લેતાં જે અંશાદિક ત્રણ અંક મળ્યા હોય તેને ત્રેવડી[1] ગોમૂત્રિકામાં દરેક ગ્રહના પાત્યાંશાથી જૂદા જૂદા ગણતાં દરેક ગ્રહની મહાદશાના દિવસ ઘડી ને પળ આવેછે, તે સર્વે ગ્રહોના દિવસાદિક પ્રમાણુનો સર્વાળો દશાના પ્રમાણ જેટલોજ આવવો જોઇએ, કદાચ તેમ ન આવેતો દશામાં ભૂલ છે એમ ધારી બધું ગણિત ફરી તપાસવું.

હીનાંશી દશા કરવાનો દાખલો.

વર્ષપ્રવેશ વેળાના ગ્રહો પેહેલાં સ્પષ્ટ કરેલ છે, તેમાં તપાસ કરતાં બુધના અંશાદિક અંક ૩-૫૩-૧૬ તે સર્વ કરતાં ઓછા માલમ પડેછે, માટે ચાલતા ઉદાહરણમાં બુધની દશા પેહેલી થશે. અંશાદિક ચંદ્ર ૪-૨૨-૩૦ બુધના અંશ કરતાં વધારે અને બીજા ગ્રહોના અંશ કરતાં ઓછા હોવાથી બુધની દશા બીજા નંબરમાં ગણાશે. શુક્રના અંશાદિક અંક ૬-૫૪-૩૬ છે તે બુધ તથા ચંદ્રના અંશ કરતાં વધારે અને બીજા ગ્રહોના અંશ કરતાં ન્યૂન છે; માટે ત્રીજા નંબરમાં શુક્રની દશા થશે, અને અંશાદિક લગ્ન ૭-૨૦-૫ છે તે બુધ, ચંદ્ર, તથા શુક્ર કરતાં વધારે અને બીજા ગ્રહો કરતાં અલ્પ હોવાથી લગ્નની દશા ચોથા નંબરમાં આવેછે.

ઉપર મુજબ ચડતા ક્રમથી પેહેલાં કહ્યાપ્રમાણે બીજા સર્વે ગ્રહોના અંશાદિક અંકો આગળ દશાના કોઠામાં દાખલ કરેલછે, અને પાત્યાંશા કરવાસારૂ સર્વે કરતાં પેહેલી દશાવાળા બુધના અંશાદિક અંક ૩-૫૩-૧૬ ને તે પછીની દશાવાળા ચંદ્રના અંશાદિક ૪-૨૨-૩૦ માંથી બાદ કર્યા તો ૦-૨૯-૧૪ આવ્યા તે ચંદ્રના પાત્યાંશા થયા. અને બુધના અંશાદિક આંક ૩-૫૬-૧૬ છે તેજ પાત્યાંશા રહ્યા. કેમકે હમેશાં જે ગ્રહની દશા પેહેલી થાય તે ગ્રહના અંશાદિક આંક જે હોય તેજ પાત્યાંશા મનાયછે, બીજી દશાવાળા ચંદ્રના અંશાદિક આંક ૪-૨૨-૩૦ ને ત્રીજી દશાવાળા શુક્રના અંશાદિક આંક ૬-૫૪-૩૬ માંથી બાદ કર્યા તો ૨-૨૨-૬ આવ્યા, તે શુક્રના પાત્યાંશા થયા. અને ચોથી દશાવાળા લગ્નના અંશાદિક ૭-૨૦-૫ માંથી ત્રીજી દશાવાળા શુક્રના અંશાદિક ૬-૫૪-૩૬ ને બાદ કર્યા તો ૦-૨૫-૨૯ આવ્યા, તે લગ્નના પાત્યાંશા થયા; એપ્રમાણે દરેક ગ્રહના પાત્યાંશા કરી આગળ દશાના કોષ્ટકમાં દાખલ કરેલછે.

---

૧ ત્રેવડી ગોમૂત્રિકાની રીત પેહેલાં કરતાં જૂદી પડેછે, માટે નીચે બતાવેલછે.

अ.	क.	ग.
च.	च.	च.
छ.	छ.	छ.
झ.	झ.	झ.

☞ આ ગોમૂત્રિકામાં अकग ની જગ્યોએ પાત્યાંશાના સર્વાળાથી ભાગ લેતાં જે અંશાદિક ત્રણ અંક મળ્યા હોય તે લખવા. અને च छ झ ની જગ્યોએ દરેક ગ્રહના પાત્યાંસા જૂદે જૂદે ફેરે ત્રણ ખાનામાં માંડી તેને ત્રણે ઠેકાણે अकगથી ક્રમ પ્રમાણે ગુણવા. અને ग નીચેના झने સાઠે ભાગ આપી લાધે તે તેના ઉપરના छमां મેળવવા. छने સાઠે ભાગ્યાશિવાય क નીચેના झमां મેળવવા, તે झने સાઠે ભાગી લાધે તે ઉપરના छमां ભેળવવા; छने સાઠે ભાગ્યાશિવાય ग નીચેના चमां ઉમેરવા, તે चने સાઠે ભાગ્યાશિવાય अ નીચેના झमां ઉમેરવા, આ झने સાઠે ભાગી લાધે તે क નીચેના चमां મેળવવા, તે चने સાઠે ભાગ્યાસિવાય अ નીચેના छमां મેળવવા, અને अ નીચેના छने સાઠે ભાગ આપી લાધેલ આંક તે ઉપરના चमां મેળવવા. એટલે अની નીચેના ત્રણ આંક દિવસ ઘડી તથા પળ ક્રમ પ્રમાણે ગ્રહની દશાના પ્રમાણભૂત થાયછે; એપ્રમાણે દરેક ગ્રહના પાત્યાંશાને ગુણવાથી દરેક ગ્રહના દિવસાદિક થશે.

કોષ્ટકમાં લખેલ દરેક ગ્રહના પાત્યાંશાનો સર્વાળો કર્યો તો ૨૪-૦-૧૦ થયો, અને તેની વિકળા કરી તો ૮૬૪૧૦ થઈ તે વડે વિકળા ૧૩૧૪૯૩૧ ને ભાગતાં દિવસ ૧૫ મળ્યા ને શેષાંક ૧૮૭૭૧ રહ્યા, તેને સાઠે ગુણ્યા તો ૧૧૨૬૨૬૦ થયા તેમાંથી સદરહુ વિકળા ૮૬૪૧૦ વડે ભાગ લેતાં ૧૩ ઘડી મળી ને શેષાંક ૨૯૩૦ રહેલાછે. તેને પણ સાઠે ગુણ્યા તો ૧૭૫૮૦૦ થયા તેમાંથી વળી સદરહુ વિકળા ૮૬૪૧૦ વડે ભાગ લીધો તો ૨ પળ મળ્યાં અને બાકી ૨૯૮૦ રહ્યા તેનું પ્રયોજન નહોતાં છોડી દીધા.

ઉપર પ્રમાણે પાત્યાંશાના સરવાળાની વિકળા ૮૬૪૧૦ વડે કહેલી વિકળા ૧૩૧૪૯૩૧ ને ભાગતાં ૧૫ દિવસ ૧૩ ઘડી અને બે પળ મળ્યાં તેવડે કહેલી રીતીમુજબ બુધના પાત્યાંશાના આંક ૩-૫૩-૧૬ ને ગોમૂત્રિકામાં ગુણ્યા તો ૫૯ દિવસ ૯ ઘડી ને ૪૦ પળ મળ્યાં, ચંદ્રના પાત્યાંશા ૦-૨૯-૧૪ ને ત્રેવડિ ગોમૂત્રિકામાં ગુણ્યા તો ૭ દિવસ ૨૪ ઘડી અને ૫૧ પળ મળ્યાં; અને શુક્રના પાત્યાંશા ૨-૩૨-૬ ને ગુણ્યા તો ૩૮ દિવસ ૩૪ ઘડી ને ૩૨ પળ મળ્યાં; એપ્રમાણે બીજા સર્વ ગ્રહોના જે દિવસાદિક અંક મળ્યા તે નીચેના દશાના કોષ્ટકના ખાના ચોથામાં દાખલ કરેલછે. અને તેનો સરવાળો કરતાં ૩૬૫-૧૫-૧૮ આવેછે, તે દશા પ્રમાણુના દિવસાદિક અંક સાથે પળના આંકસિવાય તમામ મળતો આવેછે, માટે દશાના દિવસાદિક અંકો ખરા આવ્યાછે એમ આથી ખાત્રી થાયછે; અને પળમાં જે ફેર આવ્યોછે તે તો ઘણું કરી હમેશાં આવશે; માટે એ ફેર ગણવામાં લેવો નહિ.

હિનાંશી દશાનું કોષ્ટક.

બુ.	ચં.	શુ.	લ.	શૂ.	ગુ.	મં.	શ.	ગ્રહો.
૩	૪	૬	૭	૮	૧૧	૧૯	૨૪	હિનાંશા.
૫૩	૨૨	૫૪	૨૦	૨૬	૨૭	૨૧	૦	
૧૬	૩૦	૩૬	૫	૯	૪૯	૫૭	૧૦	
૩	૦	૨	૦	૧	૩	૭	૪	પાત્યાંશા.
૫૩	૨૯	૩૨	૨૫	૬	૧	૫૪	૩૮	
૧૬	૧૪	૬	૨૯	૪	૪૦	૮	૧૩	
૫૯	૭	૩૮	૬	૧૬	૪૬	૧૨૦	૭૦	૩૬૫ } સર્વાળો.
૯	૨૪	૩૪	૨૭	૪૫	૪	૧૪	૩૩	૧૫
૪૦	૫૧	૩૨	૪૭	૨૧	૨૭	૫૯	૪૧	૧૮

દશા સંપૂર્ણ કરવાની રીત.

પેહેલાના ગ્રહની દશા જેટલા દિવસની હોય તેટલા વર્ષપ્રવેશના દિવસ પછી પેહેલા ગ્રહની દશા પૂર્ણ થાયછે, એટલે વર્ષપ્રવેશના વારની સંખ્યામાં પેહેલા ગ્રહની દશાના દિવસ મેળવી તેને સાતે ભાગ દેતાં શેષાંક રહે તે દશા પૂર્ણ થવાનો વાર આવેછે, અને તિથિ પંચાંગમાં દશા પ્રમાણુના દિવસને અતરે જે હોય તે તપાસી નક્કી કરવી, અને વર્ષપ્રવેશનાં ઘડી તથા પળમાં પેહેલા ગ્રહની દશાનાં ઘડી તથા પળ મેળવ્યાથી સદરહુ ગ્રહની દશા પૂર્ણ થવાનાં ઘડી તથા પળ થાયછે, ઘડીની સંખ્યા ૬૦

કરતાં વધે તો સાઠે ભાગતાં લાધેલ આંક વારમાં વધારવો. એવીરીતે જે ગ્રહની દશા જે વારે, જે ઘડીએ અને જે પળે પૂર્ણ થાય તેમાં ઉત્તરોત્તર ગ્રહના દિવસ ઘડી ને પળ ઉમેરતા જવું. અને વાર મેળવવા વાસ્તે દિવસોને સાતથી ભાગતાં જવું. એટલે સર્વ ગ્રહની દશા ઉતરવાનો વખત નીકળી આવશે.*

માસ તથા વર્ષના વીશ્વા કરવાની રીત.

વર્ષ તથા માસમાં સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, અને શની એ સર્વે બળી હોય, અને છઠ્ઠે આઠમે કે બારમે ભાવે નહોય તો ક્રમપ્રમાણે ૩ા-૫-૧ા-૨-૩-૨-૧ાા-૧ા વિશ્વા દરેક ગ્રહના આવેછે, પણ એમાંનો જે ગ્રહ નિર્બળ હોય યાતો ત્રિકભાવે આવેલ હોય તો તેના વિશ્વા મળતા નથી. એપ્રમાણે માસમાં અથવા વર્ષમાં દરેક ગ્રહના જે વિશ્વા મળે તેના સર્વાળાની બરોબર માસના અને વર્ષના વિશ્વા આવેછે.

ઉપર મુજબ જે વર્ષના યાતો માસના વિશ્વા ૧૫ કરતાં વધારે આવે તો તેનું ફળ સારૂં, જેના દશ કરતાં વધારે વિશ્વા આવે તેનું ફળ સાધારણ, અને જેના દશની અંદર વિશ્વા હોય તેનું ફળ નઠારૂં થાયછે.

વર્ષફળ જોનારને જાણવાજોગ સંકેતો.

દીપ્તાંશ:—સૂર્યના ૧૫ ચંદ્રના ૧૨ મંગળના ૮ બુધના ૭ ગુરૂના ૯ શુક્રના ૭ અને શનીના ૯ થાયછે.

શીઘ્ર ગતિવાળા ગ્રહો:—ચંદ્ર, બુધ, શુક્ર, રવી, મંગળ, ગુરૂ અને શની એ ક્રમપ્રમાણે થાયછે; તેમાં પણ સર્વ કરતાં અધિક ગતિ ચંદ્રની તે કરતાં ન્યૂન ગતિ બુધની, બુધ કરતાં ન્યૂનગતિ શુક્રની એમ એક પછી એક ગ્રહની ગતિ ઓછી થાયછે.

મુથશિલ યોગ:—શીઘ્રગતિ તથા મંદગતિવાળા ગ્રહોનોજ થાયછે. તે એવીરીતે કે શીઘ્રગતિવાળો તથા મંદગતિવાળો ગ્રહ એકજ રાશીમાં હોય અને મંદગતિવાળો ગ્રહ શીઘ્રગતિવાળા ગ્રહ કરતાં અંશાદિકથી વધારે હોય, પણ શીઘ્રગ્રહના દીપ્તાંશના પ્રમાણ કરતાં વધારે ન હોય ત્યારે શીઘ્રગતિવાળા ગ્રહનો મંદગતિવાળા ગ્રહ સાથે મુથશિલ યોગ થાયછે. આ યોગને ઈત્થશાલ યોગ પણ કહેછે.

અ. શીઘ્રગતિવાળો અને મંદગતિવાળો ગ્રહ એ બન્ને રાશી, અંશ, કળા અને વિકળાથી સમાન હોય, અગર વિકળામાં થોડોક ફેર હોય તોપણ પૂર્ણ મુથશિલ યોગ કેહેવાયછે.

ઇશરાફ યોગ:—મંદગતિ અને શીઘ્રગતિવાળા ગ્રહનોજ થાયછે તેની રીત એવી છે કે મંદ ગ્રહ તથા શીઘ્ર ગ્રહ એકજ રાશીમાં હોય અને મંદગતિવાળા ગ્રહ કરતાં શીઘ્રગતિવાળો ગ્રહ અંશમાં વધારે હોય, પણ મંદગતિવાળા ગ્રહના દીપ્તાંશ કરતાં વધારે નહોય ત્યારે મંદગતિવાળા ગ્રહનો શીઘ્રગતિવાળા ગ્રહ સાથે "ઇશરાફ યોગ" થાયછે. એનું બીજું નામ મુશરીફછે.

---

* વર્ષફળમાં કેટલાક દશામાં પણ અંતર્દશા કરેછે. તેની રીત ઘણી વિકટ હોવાથી તથા વધારે ઉપયોગમાં ન આવવાથી અહીં દાખલ કરેલ નથી, તેમજ "સહમ" વગેરે બીજી બાબતો પણ વિશેષ ઉપયોગી ન હોવાથી વર્ષફળમાં આપી ફોકટ લંબાણ કર્યું નથી.

વર્ષફળમાં રિષ્ટ જોવાની રીત.

૧. વર્ષપ્રવેશ કુંડલીમાં લગ્નનો સ્વામી આઠમે ભાવે હોય અને તેને મંગલ દેખતો હોય, અથવા તો આઠમા ભાવનો સ્વામી લગ્ને હોય તેને મંગલ દેખતો હોય અગર બુધ તથા ગુરૂ સૂર્યની સાથે અસ્ત થયા હોય તો તે મનુષ્યને તે વર્ષમાં રિષ્ટ થાયછે.

૨. વર્ષ લગ્નનો સ્વામી તથા આઠમા ભાવનો સ્વામી ચોથે, આઠમે, કે બારમે ભાવે હોય અને તેની સાથે મુંથા આવે ત્યારે તે વર્ષમાં રિષ્ટ ઉપજાવે છે.

૩. જન્મપત્રીમાં જન્મલગ્નનો સ્વામી નિર્બળ હોય, અને વર્ષપ્રવેશચક્રમાં આઠમા ભાવનો પતિ સાતમે ભાવે હોય, તથા તેને સૂર્ય દેખતો હોય તો મહાવ્યાધિથી તે વર્ષમાં મૃત્યુ થાયછે.

૪. વર્ષપ્રવેશચક્રમાં મુંથાની રાશિનો સ્વામી તથા વર્ષલગ્નનો સ્વામી સૂર્ય સાથે અસ્ત થયો હોય અને તેને શની દેખતો હોય ત્યારે એવાં વર્ષમાં તે માણસના સઘળાં કુટુંબનો નાશ થાય; તથા પોતાને પણ મરણનો ભય રહે.

૫. વર્ષપ્રવેશચક્રમાં ક્રૂર ગ્રહો બળવાન થાય અને સૌમ્ય ગ્રહો બળહીન થઈ છઠ્ઠે, આઠમે ભાવે ગયા હોય ત્યારે પણ પોતાને તથા કુટુંબને રિષ્ટનો ભય રહે.

૬. શુક્રપોતાની નીચ રાશીમાં હોય અને ગુરૂ શત્રુ ગ્રહની રાશિમાં આવેલો વર્ષપ્રવેશ સમયે માલમ પડે તો તે વર્ષમાં જરાપણ સુખ મળે નહીં; અને વર્ષમાં લગ્નનો સ્વામી આઠમે ભાવે તથા આઠમાનો સ્વામી પેહેલે ભાવે હોય ત્યારે મરણ નીપજાવે છે.

૭. ધનભુવનનો સ્વામી તથા નવમા ભાવનો સ્વામી બળહીન હોય અને પાપ-ગ્રહ લગ્ને આવેલા માલમ પડે ત્યારે જાણવું કે તેવા યોગવાળા માણસનો પૈસો લાંબી મુદતથી એકઠો કર્યો હોય તોપણ નાશ પામે.

૮. વર્ષપ્રવેશના ગ્રહમાં ચંદ્ર નીચ રાશિમાં હોય અને સૌમ્ય ગ્રહો સૂર્યસાથે અસ્ત થયા હોય તો કુટુંબસાથે વિયોગ તથા પોતાને શરીરે પણ ભયંકર વ્યાધિ પેદા કરેછે.

૯. જન્મલગ્ન કરતાં વર્ષલગ્ન આઠમી રાશીએ આવેલ હોય અને તેની સાથે પાપ-ગ્રહો હોય અથવા તો પાપગ્રહો તેવાં લગ્નને દેખતા હોય તો તે વર્ષમાં મરણ અગર ભયંકર વ્યાધિ પેદા થાયછે.

૧૦. જન્મગ્રહમાં જે પાપગ્રહ આઠમે ભાવે આવેલા હોય તેજ પાપગ્રહ વર્ષપ્રવે-શમાં લગ્ને આવે તો મહારોગ પેદા કરેછે; અને પંચવર્ગીમાં ચંદ્ર તથા વર્ષલગ્નનો સ્વામી નિર્બળ હોય તો તે વર્ષમાં રિષ્ટ થાયછે.

૧૧. જન્મલગ્નનો સ્વામી તથા વર્ષલગ્નનો સ્વામી પાપગ્રહની સાથે ચોથે આ-ઠમે કે બારમે ભાવે આવેલા હોય ત્યારે વર્ષમાં આધિ[૨] તથા વ્યાધિ[૩] ઉત્પન્ન થાયછે, અને જન્મલગ્ન તથા વર્ષલગ્નનો સ્વામી ત્રિક ભુવનમાં હોય તેને શુભ ગ્રહો દેખતા નહોય અને તે બન્ને સૂર્યનીસાથે અસ્ત થયા હોય તો તેવા યોગવાળા માણસનું અ-વશ્ય મરણ થાયછે.

---

૧ અતિશય દુઃખ અથવા મરણતુલ્ય વ્યાધિ. ૨ માનસિક પીડા. ૩ શારીરની પીડા.

૧૨. જન્મલગ્ન સ્વામી, વર્ષસ્વામી અને મુંથા એ ત્રણેસાથે ચોથે, આઠમે કે બારમે ભાવે હોય અને તેને પાપગ્રહો ક્ષુત[1] દૃષ્ટિથી જોતા હોય ત્યારે રિષ્ટ ઉપજાવેછે.

૧૩. વર્ષપ્રવેશના ચક્રમાં ચંદ્ર શનીસહિત ગમેતે ભાવે હોય અને કોઇપણ શુભગ્રહ છઠ્ઠે ભાવે આવેલ હોય તો ધનનો નાશ કરાવેછે; અને વર્ષપ્રવેશના ગ્રહોમાં જો પાપગ્રહોનો ઈશરાફ યોગ થયો હોય તથા તે યોગવાળા ગ્રહોને શુભ ગ્રહો દેખતા ન હોય તો તે યોગ માણુસના ચિત્તને વિકળ બનાવી આપેછે.

૧૪. સૂર્યનીસાથે રહેલ ચંદ્ર વર્ષપ્રવેશમાં છઠ્ઠે આઠમે કે બારમે ભાવે હોય અને તેને ગુરૂ દેખતો નહોય તો વાત, પિત્ત અને કફ એ ત્રણે ધાતુ બગડવાથી મહાવ્યાધિ થાયછે.

૧૫. વર્ષપ્રવેશ લગ્નની રાશી તથા અંશ ઉપરથી જે હદ્દા સ્વામી નીકળતો હોય તે અને વર્ષલગ્નની રાશીનો સ્વામી એ બન્ને વર્ષપ્રવેશ ચક્રમાં ક્રૂરગ્રહ સહિત સાતમે આઠમે કે બારમે ભાવે આવેલ હોય ત્યારે તે યોગ વર્ષમાં રિષ્ટ પેદા કરેછે; પણ તેઓના ઉપર જો શુભ ગ્રહની દ્રષ્ટિ હોય તો સારૂં ફળ થાયછે.

૧૬. વર્ષપ્રવેશમાં કોઈ પણ માર્ગી પાપગ્રહ બારમે ભાવે હોય અને કોઇપણ વક્રી પાપગ્રહ બીજે ભાવે હોય ત્યારે તે વર્ષમાં રોગની ઉત્પત્તિ થાયછે આ યોગને જ્યોતીષમાં "કર્તરીયોગ" કહેછે. તે કદાચ વર્ષ સ્વામી, વર્ષ લગ્નનો સ્વામી અને જન્મલગ્નનો સ્વામી એ ત્રણ ગ્રહમાંથી ચાયતે બે ગ્રહનો પરસ્પર થાય ત્યારે તે વર્ષમાં મનુષ્યને કેદખાનું સેવવું પડે.

૧૭. વર્ષફળમાં જે ત્રિરાશીનો સ્વામી આવ્યો હોય તે નીચ રાશીમાં આવે અને તેને પાપગ્રહ દેખે તો ધારેલું કામ પાર પડે નહીં. અને મુંથાનો સ્વામી અથવા વર્ષનો સ્વામી સૂર્યસહિત છઠ્ઠે ભાવે હોય તો તે વર્ષમાં માણુસોને નાની તરેહના રોગો થાયછે.

૧૮. વર્ષપ્રવેશ ચક્રમાં ચંદ્ર પેહેલે, છઠ્ઠે, આઠમે કે બારમે ભાવે હોય અને તેને કેવળ પાપગ્રહો દેખતા હોય તો તેવો ચંદ્ર વર્ષમાં રિષ્ટ ઉપજાવેછે અને એવા ચંદ્રને ફક્ત મંગલજ દેખતો હોય ત્યારે અગ્નિની અગર શસ્ત્રની ધાસ્તી કરાવેછે. એવા ચંદ્રને શની, રાહુ અને કેતુ દેખતા હોય તો શત્રુનો ભય રખાવેછે, અને સૂર્ય દેખતો હોય તો વાયુનો વિકાર તથા દારિદ્ર નીપજાવે છે.

ઉપરનો યોગ થયો હોય છતાં પણ જો ચંદ્રને સૌમ્ય ગ્રહો દેખતા હોય તો તે યોગનો અટકાવ થાયછે.

૧૯. વર્ષપ્રવેશના ગ્રહમાં મુંથા પાપગ્રહનીસાથે હોય અને તેને શની દેખતો હોય તો વ્યાધિ પેદા કરેછે; અને મુંથાની રાશી જન્મ કુંડલીમાં ચોથા, છઠ્ઠા, આઠમા, કે બારમા ભાવમાં આવેલી હોય તથા વર્ષપ્રવેશચક્રમાં મુંથા આઠમે ભાવે અવેલ હોય ને તેની સાથે ક્રૂરગ્રહો હોય અગર તેને દેખતા હોય તો તે વર્ષમાં રિષ્ટ થાયછે.

---

૧. જ્યાં ગ્રહ હોય તેથી ૧-૪-૭-૧૦ મે ભાવે જે દષ્ટિ પડે તે.

રિષ્ટયોગના બાધક યોગો.

૧. વર્ષ લગ્નનો સ્વામી બળવાનથઇ કેંદ્રમાં કે ત્રિકોણુમાં આંવેલ હોય અને તેને શુભ ગ્રહો દેખતા હોય યાતો શુભ ગ્રહો તેની સાથે હોય અને પેહેલી રીતે રિષ્ટ આવતું હોય તો તેનો અટકાવ કરેછે.

૨. ગુરૂ કેંદ્ર કે ત્રિકોણુમાં હોય તેને ક્રૂર ગ્રહ દેખતા ન હોય અને શુભ ગ્રહોની તેઉપર દૃષ્ટિ હોય ત્યારે લગ્નથી ચંદ્રથી અથવા મુંથાથી ઉત્પન્ન થતા રિષ્ટનો સદરહુ યોગ અટકાવ કરેછે.

૩. વર્ષ લગ્નથી ચોથા ભાવનો સ્વામી ચોથેજ ભાવે આવે અને તેને શુભ ગ્રહો જુએ અથવા તો ગુરૂ પેહેલે ભાવે કે ત્રીજે ભાવે હોય અને લગ્નનો સ્વામી ચોથે ભાવે આવેલો માલમપડે તો રિષ્ટ અટકેછે; અને સારૂં ફળ આપેછે.

૪. સાતમા ભાવનો સ્વામી તથા ગુરૂ લગ્ને આવેલા હોય અને તેને ક્રૂર ગ્રહો દેખતા ન હોય તથા શુભ કે મિત્ર ગ્રહો દેખતા હોય તો પેહેલાંની રીતે પેદા થએલ રિષ્ટનો નાશ કરેછે; અને ધન વગેરેનો રાજ્યદરબારમાંથી યોગ્ય લાભ અપાવેછે.

૫. જેના ઉપર ક્રૂર ગ્રહોની દૃષ્ટિ ન હોય એવા ધન ભુવન તથા ધર્મ ભુવનના સ્વામી બળવાન થઇ પેહેલે ભાવે આવે તો રિષ્ટનો ભંગ થાય.

૬. પાપ ગ્રહો ત્રીજે, છઠ્ઠે કે અગીઆરમે ભાવે હોય અને સૌમ્ય ગ્રહો કેંદ્રમાં નવમે કે પાંચમે ભાવે હોય તોપણુ પેહેલાં કહેલ રિષ્ટનો અટકાવ કરી સારો લાભ અપાવેછે.

૭. મુંથાની રાશીનો સ્વામી, વર્ષલગ્નનો સ્વામી અને જન્મ લગ્નનો સ્વામી એ ત્રણે ગ્રહો બળવાન થઇ કેંદ્ર, ત્રિકોણુ અથવા અગીઆરમે ભાવે આવેલા વર્ષપ્રવેશમાં જણુાય તો તે યોગો પ્રશંસનીય વૈભોગ દેખાડેછે.

૮. ગુરૂ, શુક્ર અથવા શની ઉચ્ચની રાશીમાં હોય અને તે ત્રણુમાંથી એકપણુ ગ્રહનો કોઇ પણુ શુભ ગ્રહસાથે મુથશિલ યોગ વર્ષપ્રવેશ સમયે બનતો હોય તો હલકી જાતવાળા માણુસો પાસેથી ધનની પ્રાપ્તિ કરાવેછે; અને વર્ષના ગ્રહોમાં બળવાન મંગળ ધન ભાવમાં આવે ત્યારે પણુ અકસ્માત ધનની વૃદ્ધિ તથા સુખનો લાભ અપાવેછે.

૯. સૂર્ય, ગુરૂ અને શુક્રનો પરસ્પર મુથશીલ યોગ બનતો હોય અથવા તો મુંથાની રાશીથી સૂર્ય ઉપચય[1] સ્થાનમાં આવેલો માલમપડે ત્યારે તે વર્ષમાં સારી કીર્ત્તિ અને પૈસાનો સારો લાભ થાયછે.

૧૦. ચંદ્ર, બુધ, અને શુક્ર હદ્દામાં પોતાનીજ રાશીમાં આવતા હોય અને પાપગ્રહો ત્રીજે ભાવે અગર અગીઆરમે ભાવે હોય તો કીર્ત્તિની સાથે પૈસાની પ્રાપ્તિ થાયછે.

૧૧. વર્ષપ્રવેશ કુંડલીમાં બુધ તથા શુક્રનો મુસરિફ યોગ થતો હોય અને ગુરૂ ત્રીજે ભાવે આવે ત્યારે તે વર્ષમાં રાજ્યતરફથી સારો લાભ મળે.

૧૨. વર્ષનો સ્વામી મંગળ થયો હોય અને વર્ષપ્રવેશ કુંડલીમાં જે ગ્રહો ઉચ્ચના કે સ્વગ્રહી હોય તેવા ગ્રહોની સાથે તે મંગળનો મુથશીલ યોગ થાતો હોય તો તે વર્ષમાં સારો રાજયોગ થયો એમ જોશીઓ ગણેછે.

---

(૧) ૩–૬–૧૦–૧૧ મું ભુવન.

૧૩. વર્ષનો સ્વામી, મુંથાનો સ્વામી, વર્ષ લગ્નનો સ્વામી, અને જન્મ લગ્નનો સ્વામી એ સર્વે ગ્રહો પાપગ્રહસહિત અથવા તો પાપગ્રહથી જોવાયલા હોય અને સૌમ્ય ગ્રહો બળહીન હોય ત્યારે રાજયોગનો પ્રતિબંધ થાયછે; એટલે સારૂં સુખ કે ધનની પ્રાપ્તિ તે વર્ષમાં થાય નહિ, તેમજ સૌમ્ય ગ્રહો નીચ રાશીના હોય અથવા સૂર્યની સાથે અસ્ત થયા હોય અને બળહીન હોય તોપણ રાજ્ય યોગનો અટકાવ થાયછે.

વર્ષ પ્રવેશ કુંડલીમાં નીલકંઠી પ્રમાણે જોવાનાં ફળો.

(પેહેલા ભાવવિષે.)

૧. જે ભાવને પોતાનો સ્વામી તથા શુભ ગ્રહો દેખે તે ભાવમાં જે જે બાબતો જોવાની હોય તેની વૃદ્ધિ થાયછે અને જે ભાવમાં ક્રૂર ગ્રહો આવેલા હોય અથવા તેને ક્રૂર ગ્રહો દેખતા હોય ત્યારે તે ભાવમાં જોવાતી બાબતોની હાની થાયછે.

૨. વર્ષ લગ્નનો સ્વામી પંચવર્ગીમાં ઉત્તમ[1] બળવાન હોય તો તેનું સારૂં ફળ કેહેવાયછે, મધ્યમ બળવાન હોયતો મધ્યમ[2] ફળ કેહેવાયછે અને અલ્પ[3] બળવાન હોયતો દુઃખ વગેરે હાનિ કારક ફળ થાયછે.

૩. લઘુપંચવર્ગીમાં આવેલા પાંચ અધિકારી ગ્રહોમાંથી કોઇ પણ ગ્રહ અલ્પબળવાન હોય તો તેનું ફળ નેષ્ટ થાય છે, તે એવી રીતે કે લઘુપંચવર્ગીમાં આવેલ સૂર્ય અલ્પબળવાન હોય તો ચામડીમાં વિકાર તથા આંખનો વિકાર પેદા થાય; ચંદ્ર અલ્પબળવાન હોય તો ધારેલાં કામમાં અટકાવ, દરિદ્રતા તથા વ્યાધિ પેદા થાય, મંગલ અલ્પબળવાન હોયતો સ્થાન ચલન[4] તથા ભય પેદાથાય, બુધ અલ્પબળવાન હોયતો મોહ તથા પરાભવ થાય ગુરૂ અલ્પબળવાન હોયતો ધર્મનો નાશ તથા આજીવિકામાં ખામી થાય; શુક્ર અલ્પબળવાન હોયતો વૈભોગ્યઆદિ સુખમાં હરકત તથા સ્ત્રીસાથે કજીઓ થાય, અને શની અલ્પબળવાન હોયતો મહાવ્યાધિ થાય.

૪. વર્ષ લગ્નમાં પાપગ્રહ આવે અને તેના ઉપર પાપગ્રહોની દૃષ્ટિ પડતી હોય તો તે વર્ષમાં શરીરનું સુખ બરોબર મળે નહિ.

૫. જન્મલગ્ન સ્વામી, વર્ષ લગ્ન સ્વામી, મુંથા સ્વામી અથવા વર્ષના લગ્નથી આઠમા ભાવનો સ્વામી એ ચારમાંથી એક પણ બળવાન ગ્રહ છઠ્ઠે આઠમે કે બારમે ભાવે ન હોય તો તે વર્ષનું ફળ સારૂં થશે એમ કહેવું, અને તેમ નહોતાં તેથી વિપરીત હોય તો તે વર્ષનું ફળ નેષ્ટ કહેવું.

૬. જન્મલગ્નમાં બાર ભાવમાંથી ગમે તે ભાવના સ્વામી વર્ષમાં નિર્બળ થઇ ત્રિકભુવનમાં આવેલા હોયતો તે તે ભાવોમાં જોવા યોગ્ય બાબતોની ખામી થાયછે. સારાંશ કે જન્મકુંડલી પ્રમાણે પેહેલા ભાવનો સ્વામી દુર્બળ થઈ વર્ષપ્રવેશચક્રમાં ત્રિકભાવમાં આવે તો તે વર્ષમાં પેહેલા ભાવમાં જોવા યોગ્ય બાબતો (શરીરનું સુખ

---

૧ કળા ૪૦ થી ૬૦ લગી. ૨ કળા ૨૦ થી ૪૦ સુધી. ૩ કળા ૨૦ ની અંદર. ૪ એકવતનથી બીજે વતન જવું.

થવા વગેરે)ની ખામી થાય, અને જન્મકુંડલી પ્રમાણે ધનભાવનો સ્વામી વર્ષપ્રવેશ કુંડલીમાં નિર્બળ થઈ ત્રિકમાં આવે તો ધનભુવનમાં જોવા યોગ્ય બાબતો (પૈસા વગેરેની પ્રાપ્તિ)ની ખામી થાય. એ પ્રમાણે દરેક ભાવમાં કલ્પના કરવી.

(બીજા ભાવવિષે.)

૧. વર્ષપ્રવેશ કુંડલીમાં બીજા ભાવનો સ્વામી બીજેજ ભાવે હોય અને લગ્નના સ્વામીનો ગુરૂસાથે મુથશિલ યોગ થયો હોય તો સાજા વર્ષમાં પુષ્કળ પૈસાનો લાભ મળે; અને લગ્નના સ્વામીનો કોઇ પણ ક્રૂરગ્રહ સાથે મુથશિલ યોગ થાય તો આખા વર્ષમાં પૈસા સંબંધિ દુઃખ વેઠવું પડે.

૨. વર્ષનો સ્વામી ગુરૂ હોય તે પંચવર્ગીમાં બળવાન હોય અને વર્ષપ્રવેશ કુંડલીમાં ગુરૂ ધન ભાવને દેખતો હોય તો તે વર્ષમાં વગર મેહેનતે પૈસાનો લાભ મળેછે.

૩. જન્મગ્રહમાં છઠ્ઠા ભાવનો સ્વામી બુધ હોય અને તે બુધ વર્ષ પ્રવેશના ગ્રહમાં છઠ્ઠેજ ભાવે આવેલ હોય ત્યારે અલ્પ ધનની પ્રાપ્તિ કરાવેછે, અને ગુરૂ પાપગ્રહસહિત વર્ષપ્રવેશચક્રમાં બીજે અથવા આઠમે ભાવે આવે તો તે વર્ષમાં પૈસાની હાની થાયછે, અથવા રાજાને દંડ આપવો પડેછે.

૪. વર્ષપ્રવેશના ગ્રહોમાં ગુરૂ બીજા ભાવમાં આવે અને તેને શુભગ્રહ જુએ અથવા તો તેની સાથે શુભ ગ્રહો હોયતો રાજ્યતરફથી સુખ અપાવનાર થાયછે. અને મુંથાની રાશીને જન્મગ્રહમાં તથા વર્ષપ્રવેશના ગ્રહોમાં જો શુભગ્રહો દેખતા હોય તો વિશેષ ધનની પ્રાપ્તિ કરાવેછે.

૫. બળવાન શુક્ર વર્ષ સ્વામી થઈ બીજા ભાવમાં આવે તો પૈસાનો લાભ અપાવેછે. અને લગ્નનો તથા બીજા ભાવનો સ્વામી રાશી,અંશથી સરખા હોય તો ધનની હાનિ કરાવેછે.

૬. વર્ષનો સ્વામી બળવાન બુધ ધન ભાવમાં આવેલ હોય અને મુંથાની રાશીને જન્મકુંડલી તથા વર્ષ કુંડલીમાં બુધ દેખતો હોય અથવા બુધ તેની સાથેજ હોય ત્યારે પણ પૈસા સબંધી સારો લાભ મળેછે તેમજ જે સૌમ્ય ગ્રહો જન્મ લગ્નમાં પેહેલે ભાવે હોય તેજ ગ્રહો વર્ષપ્રવેશ કુંડલીમાં બીજે ભાવે જોવામાં આવે તોપણ પૈસાની વૃદ્ધિ થાયછે.

૭. જન્મકુંડલીમાં ગુરૂ જે રાશીમાં હોય તે રાશીને વર્ષપ્રવેશ ચક્રમાં સારા ગ્રહો દેખતા હોય તો ધનનો લાભ દેવડાવેછે.

૮. જન્મકુંડલીમાં સૂર્ય પેહેલે ભાવે આવે અને તે વર્ષમાં સૂર્ય બીજા ભાવમાં આવેલ હોય તો ધનની પ્રાપ્તિ કરાવેછે. અને વર્ષમાં શની બીજે ભુવને આવેલ જણાય તો ધનની હાની થાયછે.

૯. શની ગુરૂની સાથે ધન ભાવમાં હોય અને તેને શુભગ્રહો દેખતા હોય તો ભાઇસાથે સંપ તથા પૈસાની પેદાસ કરાવેછે.

૧૦. જન્મલગ્નમાં બીજે ભાવે રહેલ અને વર્ષનો સ્વામી થએલ ગુરૂ વર્ષપ્રવેશ ટાણે પેહેલે ભાવે હોયતો શરીરની પુષ્ટી, બીજે ભાવે હોયતો ધનની વૃદ્ધિ, ત્રીજે ભાવે

હોયતો કુટુંબસાથે સ્નેહ, ચોથે ભાવે હોયતો માતા તથા ગરાસના સંબંધમાં સંતોષ, પાંચમે ભાવે હોયતો મિત્ર તથા પુત્રાદિકનું સુખ, છઠ્ઠે ભાવે હોયતો શત્રુ તરફની ઘણી ધાસ્તી, સાતમે ભાવે હોયતો સ્ત્રીથી સંતોષ, આઠમે ભાવે હોયતો મહાવ્યાધિથી દુઃખ, નવમે ભાવે હોયતો પૈસાની ખાતર દેશાટણ, દશમે ભાવે હોયતો રાજાપાસેથી પૈસાનો લાભ, અગીઆરમે ભાવે હોયતો વ્યાપાર વગેરેમાંથી ધનની પેદાશ અને બારમે ભાવે હોયતો પૈસાની હાની કરેછે.

(ત્રીજા ભાવવિષે.)

૧. વર્ષનો સ્વામી સૂર્ય અગર બળવાન શુક્ર હોય તેની સાથે ક્રૂર ગ્રહો નહોય તેમ પાપગ્રહોની દૃષ્ટિ પણ તેના ઉપર ન હોયતો ભાયુમાં સ્નેહ રખાવેછે. અને વર્ષ સ્વામી સૂર્ય કે શુક્ર નિર્બળ હોય તથા તેને પાપગ્રહો દેખે અથવા તેની સાથે પાપગ્રહો હોય તો તે કરતાં ઉલટું ફળ થાયછે.

૨. ત્રીજા ભાવનો સ્વામી તથા વર્ષનો સ્વામી એ બન્ને સૂર્યનીસાથે અસ્ત થયા હોય અથવા ત્રિકભુવનમાં આવેલા હોય ત્યારે ભાયુમાં લડાઇ પેદા થાય; સૂર્ય અથવા શુક્ર વર્ષનો સ્વામી થઈ ત્રિકભુવનમાં આવે તો ભાયુમાં કુસંપની વૃદ્ધિ થાય; નિર્બળ ગુરૂ વર્ષપ્રવેશના ગ્રહોમાં ત્રીજે ભાવે હોયતો સગા ભાયુ સાથે વૈર થાય અને વર્ષના-સ્વામીનો ત્રીજા ભાવના સ્વામી સાથે ઇસરાફ યોગ થાય તો પોતાના શરીરમાં કષ્ટ તથા સહોદર બંધુઓસાથે અસંતોષ થાય.

૩. વર્ષ સ્વામી અથવા વર્ષ લગ્ન સ્વામી સાથે ત્રીજા ભાવના સ્વામીનો મુથશિલ યોગ થાતો હોય તો તે વર્ષમાં ભાયુસાથે બગાડ થાય નહિઃ તેમજ ગુરૂ ત્રીજે ભાવે હોય તોપણ ભાયુમાં મૈત્રી કાયમ રહે, અને મંગલસહિત ચંદ્ર ત્રીજે ભાવે હોયતો ભા-યુમાં અત્યંત કલહની વૃદ્ધિ થાયછે.

૪. ત્રીજા ભાવનો સ્વામી લઘુપંચવર્ગીમાં અધિકારી થઇ ત્રીજા ભાવમાંજ વર્ષ-પ્રવેશ કુંડલીમાં આવે અને તેની સાથે વર્ષના સ્વામીનો અગર વર્ષ લગ્નના સ્વામીનો મુથશિલ યોગ થાતો હોય તો ભાયુમાં સ્નેહની અધિકતા કરાવેછે.

૫. ત્રીજા ભાવના સ્વામી સાથે ક્રૂર-ગ્રહોનો ઇસરાફ યોગ થાય તો સહોદર બાં-ધવોમાં પરસ્પર કજીઓ મચાવેછેઃ ત્રીજાભાવમાં મેષ કે વૃશ્ચિક રાશીમાં શની આવે તો ભાયુને શરીરે મંદવાડ ઉપજાવેછે, અને ત્રીજાભાવમાં મિથુન કે કન્યા રાશી આવે ને તેમાં મંગલ આવેલ હોય ત્યારે પણ ભાયુને શરીરે મંદવાડ નીપજાવેછે.

૬. ત્રીજા ભાવમાં મકર કે કુંભ રાશીમાં મંગળ હોય અથવા મેષ કે વૃશ્ચિક રાશીમાં બુધ હોય તો કુટુંબમાં સ્નેહની વૃદ્ધિ થાય.

૭. જન્મપત્રીમાં તથા વર્ષ ફળમાં બુધ અને શુક્ર બળવાન હોય અને વર્ષપ્રવેશ કુંડલીમાં તે બન્ને ગુરૂસહિત ત્રીજે ભાવે આવેલ હોય તો બાંધવ વર્ગમાં સંપનો વ-ધારો કરાવેછે.

૮. ત્રીજા ભાવના સ્વામીથી વર્ષનો સ્વામી સાતમે ભાવે આવે, અથવા લગ્નનો સ્વામી ત્રીજા ભાવના સ્વામીથી સાતમે ભાવે હોય તો ભાયુમાં કલહ પેદા થાય અને

જન્મકુંડલીમાં ત્રીજા ભાવનો સ્વામી જેહોય તેજ ગ્રહ વર્ષપ્રવેશ ચક્રમાં ત્રીજે ભાવે આવે તો ભાયુમાં સ્નેહની અધિકતા બતાવે.

(ચોથા ભાવવિષે.)

૧. વર્ષપ્રવેશ કુંડલીમાં ચોથે ભાવે પાપગ્રહસહિત અથવા પાપગ્રહથી જોવાએલ સૂર્ય આવે તો માતાને શરીરે વ્યાધિ ઉપજાવેછે અને ચોથે ભાવે પાપગ્રહસહિત યા તો તેનાથી જોવાએલ ચંદ્ર આવેલ માલુમ પડે તો પિતાને શરીરે રોગની ઉત્પત્તિ થાયછે, કદાચ સૂર્ય તથા ચંદ્ર બન્ને ચોથે ભાવે આવેલા હોય ત્યારે તો માતપિતાને શરીરે રોગ ઉપજાવેછે, અને જન્મકુંડલીમાં જે રાશીમાં સૂર્ય હોય તેજ રાશીમાં વર્ષપ્રવેશ ચક્રમાં શની આવે તો પિતાનીસાથે વૈર કરાવેછે.

૨. જન્મકુંડલીમાં ચંદ્ર જે રાશીમાં હોય તેજ રાશીમાં તે વર્ષમાં જો શની આવે તો માતાની સાથે કલહ નીપજાવે; અને ચોથા ભાવનો સ્વામી ચોથેજ ભાવે હોય અથવા ચોથા ભાવના બળવાન સ્વામીનો પેહેલા ભાવના સ્વામીસાથે મુથશિલ યોગ થતો હોય તો માતપિતાને શરીરે સુખની અધિકતા કરેછે.

૩. જન્મના ગ્રહોમાં ચોથા ભાવમાં જે રાશી હોય તથા ચોથા ભાવનો સ્વામી જે રાશીમાં હોય તે બે રાશીમાં ક્રમ પ્રમાણે વર્ષના ચક્રમાં શની તથા મંગળ આવેલા જણાય અને તેને શુભગ્રહ દેખતા નહોય તો તે વર્ષ માતપિતાને કલેસ દાયક થાય.

(પાંચમા ભાવવિષે.)

૧. સૂર્ય, મંગળ, બુધ, ગુરૂ અથવા શુક્ર વર્ષપ્રવેશ ચક્રમાં વર્ષના સ્વામી થઇ પાંચમે ભાવે કે અગીઆરમે ભાવે આવે તો સંતતિ તરફથી સારૂં સુખ દેવરાવેછે. અને તે સૂર્યાદિક ગ્રહોની સાથે પાપગ્રહો આવેલા હોય ત્યારે તે કરતાં ઉલટું ફળ આપે છે.

૨. જન્મકુંડલીમાં બૃહસ્પતિ જે રાશીમાં હોય તે રાશી વર્ષપ્રવેશ ચક્રમાં પાંચમે ભાવે આવેલ હોય તો પુત્રનું સુખ અપાવેછે અને મંગળ કે બુધ વર્ષ સ્વામી થઇ પાંચમે ભાવે આવે તો પુત્રના સુખનો લાભ થાય.

૩. બુધ, ગુરૂ અથવા શુક્ર જન્મગ્રહમાં જે રાશીમાં હોય તે રાશી, વર્ષપ્રવેશ કુંડલીમાં પેહેલા ભાવમાં આવે તો તે વર્ષમાં પુત્રની પ્રાપ્તિ થાય. અને જન્મકુંડલીમાં મંગળ અથવા શની જે રાશીમાં આવેલા હોય તે રાશી વર્ષપ્રવેશ ચક્રમાં પેહેલે ભાવે અગર પાંચમે ભાવે આવેલ માલમ પડે તો તે વર્ષમાં પુત્રના સંબંધથી દુઃખ થાયછે.

૪. વર્ષપ્રવેશ કુંડલીમાં પાંચમે ભાવે પાચમા ભાવનો તથા પેહેલા ભાવનો સ્વામી બળવાન થઇને આવે તો પુત્રનો લાભ થાય.

૫. વર્ષપ્રવેશના ગ્રહોમાં ચંદ્ર, ગુરૂ અથવા શુક્ર પોતાની ઉચ્ચની રાશીમાં રહી પાંચમે ભાવે આવેલ જણાય તો પુત્ર પ્રાપ્તિ કરાવેછે. અને જન્મગ્રહોમાં શનીની જે રાશી હોય તેજ રાશી વર્ષમાં પાંચમે ભાવે આવે ને તેને લઘુપંચવર્ગીમાં આવેલ કોઈ પણ ક્રૂર ગ્રહ દેખતો હોય તો પુત્રનાસંબંધથી ઘણું દુખ દેખાડેછે.

(છઠ્ઠા ભાવવિષે.)

૧. વક્રી અને પાપગ્રહસહિત શની વર્ષાધિપતિ થઇ છઠ્ઠે ભાવે આવેલ હોય તો અનેક તરેહના મહારોગો ઉત્પન્ન થાય, અને વક્રી તથા પાપગ્રહસહિત મંગલ અથવા ગુરૂ વર્ષ સ્વામી થઇ છઠ્ઠે ભાવે હોય તોપણ વિવિધ પ્રકારના રોગો શરીરની હાનિકર્તા થઇ પડેછે.

૨. કોઈ પણ નિર્બળ ગ્રહ વર્ષનો સ્વામી થઇ છઠ્ઠે ભાવે આવેલ હોય તો શરીરમાં વાતપિત્તાદિકથી મહાવિકાર પેદા થાયછે.

૩. જન્મકાલીન લગ્નનો સ્વામી પાપગ્રહ હોય અને તેને વર્ષનો સ્વામી ક્ષુત દષ્ટીથી જુએ તો તેને શરીરે સાજા વર્ષમાં રોગ કાયમ રહેછે, અને ઉપરનો યોગ થયા છતાં જન્મસમયના લગ્ન સ્વામી સાથે ક્રૂર ગ્રહ હોયતો તેનું પરિણામ નેષ્ટ થાયછે.

૪. જન્મસમયના ગ્રહોમાં જે રાશીમાં શની હોય તેજ રાશી વર્ષપ્રવેશકુંડલીમાં પેહેલે ભાવે આવેલ માલમ પડે તો તે વર્ષમાં રોગની વૃદ્ધિ થાય, અને કદાચ પેહેલા ભાવને શની ક્ષુત દષ્ટીથી દેખતો હોય તથા ઉપરનો યોગ થતો હોય ત્યારે તેનું ફળ વધારે હાનિકારક થાયછે.

૫. જન્મગ્રહોમાં મંગલની જે રાશી હોય તેજ રાશી વર્ષના ગ્રહોમાં પેહેલે ભાવે હોય અને મંગલ પેહેલા ભાવને ક્ષુત દષ્ટીથી જુએ તો મહાવ્યાધિ ઉત્પન્ન કરેછે.

૬. વર્ષલગ્નનો સ્વામી વર્ષસ્વામી અને છઠ્ઠા ભાવનો સ્વામી એ ત્રણ ગ્રહોમાંથી ગમે તે બે ગ્રહનો મુથશિલયોગ થાય તો ધાતુવિકારથી વ્યાધિ ઉપજેછે. અને જન્મગ્રહમાં શુક્રની જે રાશી હોય તે રાશી વર્ષપ્રવેશકુંડલીમાં છઠ્ઠે ભાવે આવે અને તેમાં સૂર્ય આવેલ હોય તથા શુક્ર છઠ્ઠે, આઠમે કે નવમે ભાવે આવે તો ભયંકર દરદ પેદા થાયછે.

૭. વર્ષપ્રવેશકુંડલીમાં ક્રૂર ગ્રહયુક્ત ગુરૂ આઠમે ભાવે હોય અને મંગલ પેહેલે ભાવે હોય અથવા ચંદ્રસહિત ગુરૂ લગ્ને કે આઠમે ભાવે હોય તો મહાવ્યાધિ પેદા કરેછે, અને જન્મગ્રહમાં જે પાપગ્રહો કેંદ્રમાં આવેલા હોય તેના તે ગ્રહો વર્ષમાં પણ કેંદ્રમાં આવેલા જણાય તોપણ રોગોત્પત્તિ કરેછે.

૮. રાત્રિનો જન્મ હોય અને વધતા[1] ચંદ્રસાથે મંગલનો મુથશિલયોગ થાય તો રોગની હાનિ થાય, અને વધતા ચંદ્રસાથે શનીનો મુથશિલયોગ થતો હોય તો રોગનો વધારો થાય, સદરહુ યોગ કહ્યો તે કરતાં ઉલટી બીના થઇ હોયતો તેનું ફલપણ ઉલટું થાય.

૯. કેતુ તથા બુધથી જોડાએલ સૂર્યનો મંગલસાથે મુથશિલયોગ થયો હોય અથવા જન્મગ્રહોમાં કોઇ પણ ગ્રહ સર્વ કરતાં બળી હોય તેજ ગ્રહ વર્ષમાં કેતુ તથા બુધથી જોડાય તોપણ સમગ્ર વર્ષમાં રોગની ઉપાધિ નડયા કરે.

૧૦. વર્ષપ્રવેશકુંડલીમાં ચોથે ભાવે કે સાતમે ભાવે મુંથા આવે તેને ક્ષુત દષ્ટીથી પાપગ્રહો જુએ તો પેટમાં દુખવાનો દરદ થાય.

---

૧ શુકલપક્ષની ચોથથી કૃષ્ણપક્ષની ચોથ લગી વધતો ચંદ્ર કહેવાય ને બાકીનીમાં ઘટતો.

૧૧. જન્મગ્રહમાં ગુરૂ અથવા શુક્રની જે રાશી હોય તે રાશીમાં વર્ષપ્રવેશ સમયે સૂર્યસહિત મંગલ હોયતો મહારોગ પેદા થાયછે; અને જન્મકાલમાં જે રાશીના ગુરૂ કે શુક્ર હોય તેજ રાશીમાં ચંદ્રસહિત બુધ આવે તો તે વર્ષમાં પણ મહાવ્યાધિ પેદા થાયછે.

૧૨. જન્મલગ્નનો સ્વામી તથા મુંથાનો સ્વામી નિર્બળ થઇ પાપગ્રહસાથે અથવા પાપગ્રહથી જેવાએલ છઠ્ઠા ભાવમાં આવે તો તે વર્ષમાં જ્વરનો રોગ નીપજાવેછે.

૧૩. મુંથા તથા મુંથાનો સ્વામી અને વર્ષલગ્નનો સ્વામી તથા વર્ષલગ્ન એ ચાર પાપગ્રહની વચ્ચે આવેલ હોય તો રોગ ઉપજાવેછે. અને છઠ્ઠા ભાવનો સ્વામી કોઈપણ શુભ ગ્રહ હોય તથા તે છઠ્ઠેજ ભાવે આવેલ હોય તો તે વર્ષમાં સ્ત્રી મળવાની આશા પૂર્ણ થાય.

૧૪. જન્મકાળના ગ્રહોમાં મંગળ છઠ્ઠા ભાવનો સ્વામી થયો હોય અને તેજ મંગળ વર્ષપ્રવેશના ગ્રહોમાં આઠમે ભાવે હોય તો રોગ ઉપજાવેછે. અને મંગળનો કોઇપણ ક્રૂર ગ્રહ સાથે મુથશિલયોગ થતો હોય તો મહાવ્યાધિ પેદા કરેછે પણ તેવા મંગળની સાથે શુભગ્રહો હોય અગર મંગળને શુભગ્રહો દેખતા હોય તો અલ્પ વ્યાધિ થશે એમ જાણવું.

(સાતમા ભાવવિષે.)

૧. બળવાન શુક્ર વર્ષનો સ્વામી થઈ સાતમે ભાવે આવે તો સ્ત્રી તરફનું સુખ ભોગવાવે, કદાચ તેવા શુક્રને ગુરૂ દેખતો હોયતો અત્યંત સુખ બતાવે. અને પંચવર્ગીમાં અધિકારી થએલ મંગળથી વર્ષસ્વામી થએલ શુક્ર જેવાતો હોય ત્યારેપણ સ્ત્રીપુરૂષની પરસ્પર પ્રીતિમાં વધારો કરે.

૨. શુક્ર વર્ષનો સ્વામી થઇ સાતમે ભાવે આવેલ હોય અને તેની સાથે ગુરૂ હોય તો નવો વિવાહ કરાવે તથા સંતતિ પણ વગર વિલંબે નવીન પરણેલ સ્ત્રીમાંથી થાય.

૩. જે ગ્રહ જન્મલગ્નનો સ્વામી થયો હોય તેજ ગ્રહ બળવાન થઇ વર્ષપ્રવેશ ચક્રમાં સાતમે ભાવે આવે ત્યારે સ્ત્રીસંબંધી સારૂં સુખ બતાવે અને જન્મગ્રહમાં શુક્રની જે રાશી હોય તેજ રાશી વર્ષમાં સાતમા ભાવમાં આવેલ હોય તથા તે વર્ષનો સ્વામી પણ શુક્ર થયો હોય તો તે વર્ષમાં સ્ત્રીનો લાભ અપાવેછે.

૪. પેહેલા તથા સાતમા ભાવના સ્વામીનો મુથશિલયોગ આવે તો સ્ત્રીનો લાભ દેવરાવે, અને સાતમા ભાવનો સ્વામી વિનષ્ટ[1] થયો હોયતો તે વર્ષમાં સ્ત્રીસંબંધી દુઃખ થાય.

૫. જન્મગ્રહમાં જે રાશીમાં શુક્ર હોય તેજ રાશીમાં વર્ષમાં વિનષ્ટ ચંદ્ર આવે તો સ્ત્રીતરફનો સંબંધ ઓછો રહે અને જન્મના શુક્રની રાશીમાં તે વર્ષમાં મંગળ આવે તો સ્ત્રીનો સંબંધ પ્રશસ્ય[2] કરાવેછે.

૬. લઘુપંચવર્ગીમાં આવેલ પાંચ ગ્રહોમાંથી ગમે તેની રાશીમાં સૂર્ય આવેલ હોયતો સ્ત્રીતરફની વ્યાકુળતા વેઠવી પડે. અને કોઇપણ અધિકારી[3] ગ્રહની રાશીમાં મુંથા આવે ને તેને ગુરૂ જુએ તો તે વર્ષમાં નવો વિવાહ થાય.

---

૧ ક્રૂરગ્રહથી જેવાએલ, અથવા ક્રૂર ગ્રહની સાથે આવેલ કે નીચ, શત્રુ, વગેરેની રાશીમાં આવેલ
૨ સારૂં. ૩ જુઓ પાને ૨ ટીપ.

૭. વર્ષમાં મુંથા સાતમે ભાવે હોય અને તેની સાથે સૂર્ય તથા મંગળ હોયતો સ્રીપુત્રાદિક સાથે કલહ ઉપજાવેછે અને સાતમે ભાવે આવેલ મુંથાને ક્રૂરગ્રહો દેખતા હોય ત્યારે તો સ્રીપુત્રાદિકથી અતિશય કજીઓ થાય.

૮. જન્મગ્રહ પ્રમાણે સાતમા ભાવનો સ્વામી શુક્ર વર્ષમાં સાતમે ભાવે આવેલ હોય અને તેનો વર્ષલગ્નના સ્વામી સાથે મુથશિલયોગ થતો હોયતો તે યોગ નવીન વિવાહ કરાવેછે.

૯. વર્ષના સ્વામી મંગળને શુક્ર દેખતો હોય અથવા વર્ષના સ્વામી શુક્રને મંગળ દેખતો હોયતો તેવાં વર્ષમાં સ્રીનો લાભ મળેછે. અને જન્મગ્રહ પ્રમાણે સાતમા ભાવનો સ્વામી, મુંથા સ્વામી અને વર્ષસ્વામી એ સર્વે દશમે ભાવે અથવા સાતમે ભાવે હોયતો સ્રીતરફનું સુખ થાય.

૧૦. મુંથાની રાશી કરતાં સાતમે ભાવે ચંદ્ર પોતાની અગર ઉચ્ચની રાશીમાં હોયતો વિદેશમાં મુસાફરી કરાવેછે. અને તેવા ચંદ્રને પાપગ્રહની દૃષ્ટિ પડતી હોયતો વિદેશમાં દુઃખ દેખાડેછે.

(આઠમા ભાવવિષે.)

૧. વર્ષનો સ્વામી નિર્બળ મંગળ પાપગ્રહસહિત કોઇપણ ભાવમાં આવે ત્યારે શરીરમાં શસ્રાદિકનો ઘાવ લાગે: તેવો મંગળ મેષ, સિંહ કે ધન રાશીમાં આવે તો અગ્નિથી ભય ઉપજે અને તેવો મંગળ મિથુન કન્યા કે ધન રાશીના પૂર્વાર્ધમાં આવે તો ચૌરાદિકથી કષ્ટ ઉપજાવે.

૨. વર્ષનો સ્વામી મંગળ નિર્બળ થઇ ક્રૂરગ્રહસહિત દશમે ભાવે આવે તો રાજ-પુરૂષોથી અથવા દુસ્મનોથી ભય નીપજેછે. અને એકલો મંગળ ચોથે ભાવે આવેલો હોય તો પોતાના કુટુંબમાના કુલીન પુરૂષથી ભય થાય.

૩. વર્ષલગ્ન સ્વામી, મુંથા સ્વામી અને વર્ષસ્વામી એ ત્રણેનો આઠમા ભાવના સ્વામી સાથે મુથશિલયોગ થતો હોયતો તે વર્ષમાં માણસનું મોત નીપજેછે. અને વર્ષ-પ્રવેશ દિવસનો થતો હોય તથા સૂર્ય અને મંગળ એ બન્ને એક રાશીમાં હોયતો વ-ર્ષમાં રાજા તરફથી ભય પેદા થાય.

